ૐ

સુંદરી સુબોધ માળા

[illegible],

મ. સી. [illegible]

નામદાર ગાયકવાડ સરકારે શાળા, લાયબ્રેરી ખાતે મંજુર કર્યું છે.

સુંદરી સદ્‌બોધ માળા.

મૂલ્ય એક રૂપીઓ.

પ્રકાશક:—જુગલરામ મંગળરામ પંડયા,
ખંડેરાવ વાડી, ઘર નં. ૧ મુંબઇ.

આ પુસ્તક શ્રી 'સરસ્વતી' પ્રિન્ટીગ પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, નં. ૩૩૨-૩૩૪ માં
શા. મગનલાલ જગજીવનદાસે છાપ્યું છે.

દ્વિતીયાવૃત્તિ. પ્રત ૧,૦૦૦.

સંવત્ ૧૯૭૦. સને ૧૯૧૩.



શ્રીમાન શેઠ ભીમજી આનંદ વીરજી,

[illegible]

The Saraswati P. Press Nagdevi Street, Bombay

અર્પણ પત્રિકા.

શ્રીમાન્ પરોપકારી ધર્મધુરંધર સ્વદેશ પ્રેમી,

શેઠ શ્રી ખીમજી આસર વીરજી,

જસ્ટીસ ઑફ ધી પીસ—**મુંબઇ.**

મહાશય,

શ્રીમંતોમાં આપ શ્રી એક સારા સંપત્તિવાન્ હોવા છતાં, નિરાભિમાની, નિષ્પ્રમાદી, કાર્યકુશળ ઉદ્યોગી અને સ્વધર્માભિમાની, વિદ્વાન્ નરરત્ન છો, વ્યવહારમાં વિવેકી, વિનયી અને ખંતીલાપણાના આપના ઉત્તમ સદ્ગુણો હાલના શ્રીમંત વર્ગને સ્મરણમાં લેવા લાયક છે એક બાહોશ વેપારી તરીકે આપનું નામ જગ પ્રસિદ્ધ હોવા સાથ પરોપકાર, વિદ્યાવૃદ્ધિ અને દેશોન્નતિનાં અનેક કાર્યો કરવામાં હમેશ આપની ચપળતા સુપ્રસિદ્ધ છે ગઇ સાલ વર્ષાના અભાવે પીડાતા મનુષ્યો અને જાનવરો માટે આપે તન, મન, ધનથી મદદ આપવા સાથ કચ્છ, કાઠીયાવાડના મોટા સ્થાનોમાં જઇ જાતે શ્રમ ઉઠાવી એક મોટી રકમ ઉભી કરી તે વડે લાખો મનુષ્યો અને મુગા પ્રાણીના જીવો બચાવ્યા છે-વગેરે આપના અનેક ઉત્તમ પરોપકારોનો પ્રકાશ જગ પ્રસિદ્ધ થતા **નામદાર બ્રીટીશ સરકારે** આપના સદ્ગુણો અને સત્કાર્યોની કદર કરી ચાલુ માસમાં આપને **જસ્ટીસ ઑફ ધી પીસ**ની માનવંતી પદવી બક્ષી લાયકને લાયક માન આપ્યુ છે આ ઉત્તમ સમયના સ્મરણાર્થે ભામિનીઓના ભૂષણરૂપ સ્ત્રી કેળવણીને અતિ ઉપયોગી આ પુસ્તકની દ્વિતીયાવૃત્તિ સંમતિ સાથે આપ માનવંતા મહાશયનેજ અર્પણ કરૂ છુ તે સ્વીકારશોજી.

વિજયાદશમી,
ગુરુવાર,
૧૯૬૯.

લી૦ આપનો કૃપાકાંક્ષી,
પ્રકાશક.

પ્રસ્તાવના.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ પ્રકટ થયે જનમંડળમા તે રૂચિકર થઇ પડતાં તેમ નામદાર ગાયકવાડ સરકારના કેળવણી ખાતાએ શાળા લાયબ્રેરી ખાતે મંજુર કરી આશ્રય આપવાથી તથા બીજા રાજા રજવાડા તરફથી સારો આશ્રય મળતા ટુંક વખતમા તેની પ્રથમાવૃત્તિ ખપી જવાથી આ દ્વિતીયાવૃત્તિ પ્રકટ કરવા અમોને તક મળી છે

આજકાલ ઘણે દરજ્જે જનસમાજ ફેશનની રીશીઆરીથી ઉછ્ ખલ વિચારે વરતી નામનાજ સુધારા તરફ દોરાઇ ગએલો દિસે છે ખરા દેશ હિતેચ્છુઓ તે સબંધમાં બોધ કરતા હોવાથી હવે કાંઇક ભાગ સુવર્ણ અને ગીલીટની કીમત કરવા શિખ્યો છે પરતુ તેમના તે વિચારો મનમા ને મનમાંજ રહી જતા જોવામા આવે છે કારણ તેવું સમજનાર **અશક્તિમાન ભવેત્સાધુ**ની પેઠે સાધનના અભાવે કંઇ કરી શકતા નથી. દેશોદયનુ બધારણ લક્ષ્મી છે **સર્વેગુણા કાંચનમાશ્રયંતિ** અને શ્રીમંતો પાસે તે સાધન છે ત્યારે તેમનો મોટો ભાગ પ્રમાદી, વિચારશુન્ય અને બેદરકાર છે

જનસમાજ અજ્ઞાત રહેવાનું ખરૂ જોખમ શ્રીમંતોની બેપરવાઇ ઉપરજ ટંગાઇ રહેલુ છે અમારા શ્રીમંતો મોજશોખ, આત્મસુખ-ગાડી, લાડી, વાડીમા મગ્ન રહેતા હોવાથી પરોપકારી અને દેશોદયના સાધનો દેશમાં ફેલાવાની તેઓ કદર કરી શકતા નથી. કેટલાકતો પૈસો પોતાનો સમજી લક્ષ્મીના ગર્વમા ફુમાખી બની ઢમઢોલને માહી પોલ જેવી તેમની સ્થિતિ હોવા છતાં ખોટા આડંબરમા

દોરાઇ ગયેલા હોવાથીજ જનસમાજ અત્યારે દુઃખી અવસ્થા ભોગવે છે એમ કહેવું અયોગ્ય નથી.

આ પુસ્તક આર્ય મહિલાઓને તથા ભવિષ્યમા ગૃહસંસારમા જોડાનાર બાળાઓને ઉપયોગી થવા ફતેમંદ નીવડયું છે અને સારા વિદ્વાનો તરફથી મળેલાં પ્રમાણપત્રોજ તેની ઉપયોગીતાનો પૂરતો પુરાવો છે પરંતુ દીલગીરી માત્ર એટલીજ છે કે આ આઠ લાખની વસ્તી ધરાવતા મુંબઇ શહેરમા સંખ્યાબંધ ગાડી, વાડીના ભોકતા હિન્દુ ધર્માભિમાની ગણાતા શ્રીમંતો વસતા હોવા છતા આવા સંસાર ઉપયાગી નજીવી કીમતના પુસ્તકની જ્યા લાખો નકલો ખપવી જોઇએ ત્યા કાઇ પણ નહી (!) પરંતુ ઘણી જગોથી તો વ્યાજના લોભે મુડી પણ ગુમાવી બેઠા છીએ ધન્ય છે એવા બહેરા શ્રીમંતોની શ્રીમંતાઇને (!!!)

અમારા આ પુસ્તકની યોગ્ય કદર સદા પરોપકારી અને ખરા દેશહિતચિંતક શેઠ **શ્રી ખીમજી આસર વિરજીભાઇએ** જાણી પ્રથમાવૃત્તિની જથ્થાબંધ નકલો ખરીદી અમોને યોગ્ય આશ્રય આપ્યો હતો, અને આ આવૃત્તિની પણ અર્પણ પત્રિકા સ્વીકારી અમોને યોગ્ય માન આપ્યું છે, માટે તે ગ્રહસ્થનો અમો આ તકે ઉપકાર માનવા સાથ તેઓના પૈસાનો તેઓ યોગ્ય વ્યય કરતા જોઇ અમો મોટા આનંદ સાથે તે શેઠને ધન્યવાદ આપીએ છીએ.

આ પુસ્તકની દ્વિતીયાવૃત્તિ પ્રકટ થવા પૂર્વેજ શેઠ ગોકળદાસ તેજપાળ ધર્મખાતાંના સેક્રેટરી શેઠ **હીરાલાલ રણછોડદાસ મુનીમે** જનસમાજમાં બહોળો ફેલાવો કરવા આર્ય ધર્મનું ખરૂ સ્વરૂપ ઓળખાવનાર આ પુસ્તકને યથાયોગ્ય આશ્રય આપ્યો છે, તેમ રા રા **મગનલાલ દલપતરામ ખખ્ખરે**

અને બીજા ગૃહસ્થોએ યોગ્ય આશ્રયથી આ આવૃતિને યથાયોગ્ય ઉત્તેજી છે માટે તેઓ મહાશયોનો ઘણો ઉપકાર સ્વીકારીએ છીએ

આ પુસ્તકનાં વખાણ થાય તેમાં અમારે મગરૂર થવાનુ નથી કારણ તેમાં જે કાઇ સમાવ્યુ છે તે પ્રાચીન મહાત્માઓને મહાર્ષિઓના પ્રવચનની વિભુતિ હોવાથી હિન્દુ ધર્માભીમાની સજ્જનો તે વખાણે તેનુ માન ધર્મશાસ્ત્રના રચનાર મહા પુરૂષોનેજ છે અમે તો ફકત તેવા મહાત્માઓના અમૃતમય વચનરૂપી પુષ્પોની માળા ગુથી તે જનસમાજમા યથાયોગ્ય રીતે મુકવા પ્રયત્ન કર્યો છે. જેમા રહેલી ન્યુનતા વિદ્વાન વર્ગ હંસ ન્યાય દરગુજર કરશો ઇતિ શિવ ॐ

સંવત ૧૯૬૯
વિજયા દશમી
ભ્રગુવાર

પ્રકાશક.



શ્રી

સુંદરી સદ્બોધ માળા.

या पति हरिभावेन भजेच्छ्रीरिव तत्परा ।
हर्यात्मना हरेर्लोके पत्या श्रीरिवमोदते ॥

શ્રી ભાગવત સ્કંધ ૭ અ, ૭૭

મહાત્મા લક્ષ્મીજી જેમ ભગવાનની સેવામા તત્પર રહે છે, તેમ જે સ્ત્રી પ્રભુ બુદ્ધિથી પોતાના પતિની સેવામા પરાયણ રહે છે. તે સાયુજ્ય મુક્તિ પામી પોતાના પતિની સાથે વૈકુંઠ લોકમા લક્ષ્મીજીના જેવો પરમ આનંદ પામે છે

ભૂમિકા.

વિંધ્યાટવીની પવિત્ર તલેટીમાં પર્ણકુટીકાઓ બાંધી વસતા મહાત્માઓ અને સાધ્વીઓમાંનો એક

સદ્ગુણ સંપન્ન અતિ વિદ્વાન સાધ્વી આર્યદેશનો અભ્યુદય કરવાની અભિલાષાએ આર્ય મહિલાઓને સદુપદેશ આપવા દેશોદેશ ફર્યા કરે છે. આ મહા સાધ્વીનું વય લગભગ સાઠ ઉપરાત વર્ષનું નજરે આવે છે. તેઓ આજરોજ પ્રાતઃકાળના દસ કલાકે આવતી રેલવે ગાડીમાંથી અમદાવાદ સ્ટેશને ઉતરી, પાંચ કુવાના દરવાજા તરફ ચાલ્યાં જાય છે. સાધ્વીએ પરમ પવિત્ર શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં છે, એક હાથમાં સુંદર કમંડલ શોભા આપી રહ્યું છે, તથા બીજા હાથમાં એક લાંબી જેષ્ટિકા ધારણ કરેલી છે. ત્યારે ખાંધપર પુસ્તકોની ગાંસડી બાંધી લીધેલી નજરે આવે છે. વયોવૃદ્ધપણાને લીધે હાથમાંની જેષ્ટિકાનો ટેકો દેતાં દેતાં તે મહાપૂજ્ય સાધ્વી ઉપર જણાવેલા દરવાજા અંદર પ્રવેશ કરતાજ તેઓને એક પચાસ વર્ષના વયની ગૃહસ્થ મહિલાનો મેળાપ થયો. તેઓએ તે ગૃહસ્થ સ્ત્રીને પુછ્યું—" બહેન અહીં કોઇ નિવાસાશ્રમ મળશે ? "

તે દયાળુ ભદ્રાએ નમ્ર વાણીથી જવાબ આપ્યો-" હા, માજી તમો ક્યાથી પધારો છો, અને કયાં જવા ઉમેદ રાખોછો ? કારણ કે આપના પુછવા પરથી મને

એમ જણાય છે કે આપ પરદેશી અને આ શહેરથી અજાણ્યાં છો."

તે સાધ્વી બાઇએ કહ્યુ.—હા, બહેન આપનું કહેવું યથાર્થ છે. હું આ શહેર કે જેનું નામ અમદાવાદ છે, જે ગુજરાતની ભૂમિમાં પ્રસિદ્ધ અને પંકાતુ રાજનગર છે તેની પ્રથમજ ભેટ લઉછુ. હુ એક નિભાગી સ્ત્રી છુ અને આર્ય ભગિનીઓને તેમનો જે સાચો આર્ય ધર્મ તેને સાચવવા અને તે મુજબ વર્તન કરવાનો ઉપદેશ આપવા દેશોદેશ પર્યટન કરૂ છુ

તે સ્ત્રીએ કહ્યું:—અહો! મહા પૂજ્ય અને પરમ સાધ્વી માતાજી, આ નગરમાં આપનું આગમન થવાથી મને મોટો આનંદ થયો છે. આપના આવા મહત્ કાર્યનો અલભ્ય લાભ આ નગરની આર્ય મહિલાઓને આપી તેમને કૃતકૃત્ય કરવાની આપની પરમપૂજ્ય અભિલાષા જોઇ અમો આપનાં આભારી છીએ.

હે! મહાભાગ્ય, આપ કોઇપણ ધર્મશાળામા ન જતાં મ્હારે ત્યાં પધારશો. હું એક ઉચ્ચ જ્ઞાતિની, ગૃહસ્થમાં ગણાતા પતિની સ્ત્રી છુ, અને અમારે ત્યાં પધારવાથી આપનો આતિથ્યભાવ સારો સચવાશે.

તે સાધ્વીએ કહ્યું —વિકટ જંગલની પર્ણકુટીમાં વસતા મનુષ્યોને જ્યાં જોઇએ ત્યાં સદા અનુકૂળતા અને આનંદજ છે છતાં આપ શ્રદ્ધાળુ બાઇનો અત્યાગ્રહ છે તો ભલે ચાલો આજ તમારાંજ અતિથિ થઇ રહીશું. ૐ नमो भगवते वासुदेवाय.

સાધ્વીને સાથે લેઇ તે ભદ્રા દરવાજાની ડાબી બાજુ જ્યાં હનુમાનનું દેવાલય છે તેથી થોડે દૂર પોતાનું મકાન હતું ત્યાં ગઇ. અને પોતાના શ્રદ્ધાળુ પતિને સર્વ વૃત્તાંત વિદિત કરી સાધ્વીની મુલાકાત કરાવી. ધર્મશ્રદ્ધાળુ અને વિવેકી ગૃહસ્થે તે પૂજ્યપાદ પવિત્ર સાધ્વીને નમસ્કાર કરી ઘણી નમ્ર અને પવિત્ર વાણીવડે તેમનો સત્કાર કર્યો.

ભોજન સમય થતાં તે ગૃહસ્થે સાધ્વી બાઇને વિનતિ કરતા તેઓ ઉઠી સ્નાન કરી આચમન પ્રાણાયામ વિગેરે કેટલીક ધર્મક્રિયા કરી ભોજન લેવા બેઠાં. ભોજનથી પરવારતાં તે ધર્મશ્રદ્ધાળુ ગૃહસ્થે સાધ્વી બાઇને વિનંતિ કરી કેઃ—મહાદેવી! આપની શું વૃત્તિ છે તે સેવકને કૃપા કરી જણાવશો તો તે પ્રમાણે વર્તવા તૈયાર છે.

ભૂમિકા.

તે સાધ્વીબાઇએ કહ્યું—બેટા, તારો જય થાઓ! આર્યપુત્રોમા મહાત્માઓનો આતિથ્ય કરવાનો હજુ જે ભાવ રહેલો છે, તેજ કલ્યાણસૂચક છે! અને જ્યાંસુધી એ ભાવના નષ્ટ થઇ નથી ત્યાસુધી આપણે જે કાંઈ ધર્મકાર્ય કરવા અભિલાષા રાખીએ છીએ તે થવાનો સંભવ છે. આર્યપુત્ર! ભારતવાસી ભગિનીઓમાં દિવસે દિવસે અનાચાર વધતો જતો જોઈ મને બહુ ખેદ ઉત્પન્ન થાય છે! બેટા, ધર્મના કામોમા પ્રવૃત્ત રહેતી આર્ય મહિલાઓ આજે ધર્મનું નામ પણ સાંભળવા કંટાળે છે તો પછી ધર્મની આજ્ઞા પ્રમાણે વર્તન તો ક્યાથીજ કરે! હે આર્યપુત્ર! ઉપરના કારણથી આ પવિત્ર આર્યભૂમિની થઇ પડેલી અવદશા યુક્તિ પુરઃસર બદલાતી જાય અને આર્યનામ ધારણ કરનાર ભગિનીઓ પોતાના ખરા સ્વરૂપ ઉપર પાછી આવી ધર્માચરણો ગ્રહણ કરી આ દુઃખી થઇ પડેલા ભારતવર્ષને પુનઃ દેદીપ્યમાન બનાવે એજ આ કમનસીબ અબળાની અભિલાષા છે.

અધમદશા જેનાથી પ્રાપ્ત થઇ છે એવા દુર્ગુણોનો સમુળગો નાશ થવા સર્વ ભગિનીઓને જાહેરમા ઉપદેશ આપી ખરો ધર્મ ઓળખાવવા પુરતોજ મારો આશય છે.

તે ગૃહસ્થે કહ્યું—અધોગતિમાં આવી પડેલા આર્યોને: ઉદ્ધાર કરવાની અભિલાષા રાખનાર પરમ-પુજ્ય સાધ્વી માતુશ્રી આપના આ ઉત્તમ વિચારોથી અત્રેની આર્ય મહિલાઓ સંસ્કારી થવા, આપના વિચારાનુકૂળ આવતી કાલે હું જરૂર અત્રેની તમામ આર્ય ભગિનીઓને એક વિશાળ મકાનમા એકઠી થવા આમંત્રણ કરીશ. માટે આજ આપ મુસાફરીથી શ્રમિત થએલાં હોવાથી વિશ્રાંતિ લેશો. એવી મ્હારી નમ્ર વિનંતી છે.

તે સાધ્વીએ કહ્યુ:—બહુ સારૂં આર્યપુત્ર, પ્રભુ તહુ રૂ કલ્યાણ કરો!

દિવસ ૧ લો.

ધર્મ.

બીજે દિવસે તે ગૃહસ્થે પધારેલાં સાધ્વી બાઇના વિચારાનુસાર આમંત્રણપત્ર કહાડી એક વિશાળ મકાનમાં મહિલા પરિષદ્ એકઠી કીધી; જેની અંદર પ્રમુખ-સ્થાને બિરાજેલાં પરમપૂજ્ય સાધ્વીબાઇએ મંગળાચરણ કરી શ્રીમંડળમાં આર્યમહિલાઓના ધર્મ સંબંધી નીચે પ્રમાણે વ્યાખ્યાન શરૂ કર્યું:—

ॐ विश्वानि देव सवितर्दुरितानि परासुव ।
यद्भद्रन्तन्न आसुव ॥

યજુ અ ૩૦ મ ૩

હે ! સકલ જગતના ઉત્પત્તિ કર્તા સમગ્ર ઐશ્વર્યયુક્ત, શુદ્ધ સ્વરૂપ સર્વ સુખોના દાતા પરમેશ્વર આપ કૃપા કરીને અમારા સંપૂર્ણ દુર્ગુણ, દુર્વ્યસન, અને દુઃખોને દૂર કરી જે કલ્યાણકારક ગુણ, કર્મ, સ્વભાવ અને પદાર્થ છે તે સર્વ અમને પ્રાપ્ત કરાવો

સૃષ્ટિના સૌંદર્યરૂપ તથા મનુષ્યરૂપી અમુલ્ય રત્નની ઉત્પત્તિસ્થાનરૂપ હે માયાળુ માતાઓ અને બહેનો! સ્વધર્મ સંબંધના મ્હારા વ્યાખ્યાનને શ્રવણ કરવા તમોને આજે મ્હોટા સમૂહમાં અત્રે એકત્ર થએલાં જોઈ મ્હારૂં હૃદય હર્ષના આવેશથી ઉભરાઈ જાય છે. ભગિનીઓ! આપણી આ આર્યભૂમિ કે જેની દિવસે દિવસે અવદશા થતી જાય છે, અને આપણો ભારતવર્ષ પાયમાલીની પાયરીએ પહોંચતો આપણી દૃષ્ટિએ જોઈએ છીએ તો તેમ થવાનું મુળ કારણ, હે ભગિનીઓ આપણેજ છીએ.

આર્ય મહિલાઓમાં સદાચાર અને ધર્મનીતિના ગુણો નાશ પામતા જાય છે અને તેથી કરીને દિવસે

દિવસે અનાચારનો વધારો થતો જવાથીજ તે અનાચારે દેશને દુર્દશામાં લાવી મેલ્યો છે.

જગતનું આધારભૂત બંધારણ અને મનુષ્યના સંસારનું ખરૂં સાધન તથા ઘરનું ભૂષણ સ્ત્રીજ છે. અને તે જો સદાચારયુક્ત નથી હોતી અને તેનામા ધર્મનીતિનુ જ્ઞાન નથી હોતું, તો તે કુસંગતિથી દૂષિત થાય છે. અને તેથી તેની ચાલ ચલગત અને ગુણોથી યુક્ત જે બાળક ઉત્પન્ન થાય છે, તે નિર્બળ, માઇકાંકલા, નાહિંમ્મત, નિરૂત્સાહી અને મતિહીન હોય છે, અને તેવી પ્રજાના આળસથીજ દેશની પાયમાલી, ખરાબી અને દુર્દશા અત્યંજે આપણી દૃષ્ટિએ દેખાય છે.

અરે! બહેનો, વિચાર કરો! આપણો આ આર્યદેશ જે દેવતાઓને પણ દુર્લભ છે, તેવા આ કર્મભૂમિરૂપ ભારતવર્ષમા કે જ્યાં પોતાના જન્મના સાર્થકરૂપ ઉત્તમ લાભ સ્વલ્પ પ્રયત્ને મેળવી શકાય છે અને જે દેશ બીજા દેશો કરતાં ઉત્તમ ધર્મકાર્ય સાધવા માટે કેવો શ્રેષ્ઠ છે! તેને માટે ભાગવત સ્કંધ ૫ અધ્યાય ૧૭ માં શ્રી વેદવ્યાસજીએ વર્ણવ્યું છે કેઃ—

तत्रापि भारत मेववर्षं कर्मक्षेत्र मन्यायष्ठवर्षाणि स्वार्गिणं। पुण्यशेषोपभोगस्थानानि भौमानि स्वर्गपदानि व्यपदिशति ॥

આ જંબુદ્વીપના નવ ખંડોમાં કેવળ આ ભરતખંડજ કર્મ કરવાનું ક્ષેત્ર છે, અને બાકીના આઠ ખંડો તો દેવતાઓને સ્વર્ગમાં ભોગવતાં અવશેષ રહેલાં પુણ્યોના ભોગ ભોગવવાના સ્થળરૂપ પૃથ્વીનાં સ્વર્ગ છે એમ કહેવાય છે વળી તે મહર્ષિ કહે છે કે—

अत्रापि भारतं श्रेष्ठं जंबुद्वीपे महामुने ।
यतोहि कर्मभूरेषा ततोऽन्या भोगभूमयः ॥

વિ. પુ.

હે મહામુને! આ જંબુદ્વીપમાં પણ કર્મ ભૂમિરૂપ આ ભરત ખંડ શ્રેષ્ઠ છે, અને બીજા દેશો તો ભોગભૂમિરૂપ દેશો છે

હે બહેનો! સ્વર્ગવાસી દેવો પણ સ્વર્ગ કરતાં ભરતખંડમાં જન્મ થયેલાને ઉત્તમ માને છે. કહ્યું છે કે-

गायन्ति देवाः किलगीतकानि
धन्यास्तु ये भारतभूमिभागे ।
स्वर्गापवर्गस्य च हेतुभूते
भवन्ति भूयः पुरुषाः सुरत्वात् ॥

દેવો પણ એવા ગીતો ગાય છે કે સ્વર્ગ અને અપવર્ગના હેતુ રૂપ ભારતભૂમિ ઉપર જે પુરૂષો ઉત્પન્ન થાય છે તેઓ અમારા દેવપણા કરતા શ્રેષ્ઠ છે અર્થાત્ દેવપણા કરતા જેઓ ભારતભૂમિમા મનુષ્યપણુ પામે છે તેઓને ધન્ય છે

ઉપરનાં મહાન્ તેજોમય ભગવાન્ વેદવ્યાસજીના વચનોથી હે બહેનો ! આપણી ખાતરી થાય છે કે આપણો આ ભરતખંડ કર્મ કરવામાં સર્વ ખંડોમાં શ્રેષ્ઠ છે. તો હે ભગિનીઓ ! આવા દેવપ્રાર્થિત ભૂમંડળ ઉપર જન્મ ધરીને જે સ્ત્રી વા પુરૂષ પોતાનું ખરૂં કર્તવ્ય જાણતાં નથી તે પરિણામે અતિ કલેશપાત્ર થઇ દુઃસ્તર સ્થિતિને પામે છે. માટે સ્ત્રી તથા પુરૂષે પોતાને પુનઃપુનઃ પ્રાપ્ત થતા જન્મ મરણાદિ કલેશોથી છુટવા પોતાના વર્ણાશ્રમને યોગ્ય સત્કર્મદ્વારા ત્રિવિધ તાપને દૂર કરનાર જ્ઞાન અને યોગ એજ મુખ્ય ઉપાય છે; એમ જાણી તે મેળવવા સદા જગત્‌ની ગાઢ નિદ્રામાંથી જાગ્રત્ રહી પ્રયત્ન કરવો એજ ઉત્તમકુળમાં જન્મ ધર્યાનું સાર્થક છે.

હે આર્યબહેનો ! ધર્મજ આ લોક તેમજ પરલોકમાં સુખદ, સ્થિર અને પ્રાપ્તવ્ય સ્થાનને પમાડનાર છે. માટે પોતાનો યોગ્ય ધર્મ શો છે, તેનો શ્રીગુરૂ શાસ્ત્ર-

४९१०

द्वारा निश्चय करी ते धर्म पाळवा सदा तत्पर रहेवुं जुवो पवित्र उपनिषद्‌मां पण कह्युं छे केः—

धर्म्मचर। धर्म्मात् परंनास्ति। धर्मः [illegible] भूतानांमधु

धर्माचरणकरो धर्मथी बीजुं कंई नथी, धर्म सर्वना पक्षे मधु-स्वरुप छे

वळी आपणा मनु महाराजे कह्युं छे केः—

एकएव सुहृद्धर्मो निधनेऽप्यनु यातियः।
शरीरेण समंनाशं सर्वमन्याद्धि गच्छति॥

मनु. अ ८ १७

मुवा पछी पण माणसनी साथे आवे एवो एक खरो मित्र फक्त धर्मज छे, बाकीना तमाम शरीरनी साथे नाश पामे छे

हे बेहेनो ! जे धर्म पाळवा आपणु दृढ रहीशुं ते धर्म पण आपणा अभ्युदय तथा संरक्षणमां सदा सर्वदा तत्पर रहेशे. जुओ धर्मसंरक्षणनुं फळ शास्त्र-वेत्ताओए केवुं वर्णव्युं छे.

गण्यंते पांसवो [illegible]मेर्गण्यंते वृष्टिबिंद[illegible]ः।
न गण्यंते विधात्रापि धर्मसंरक्षणे फलम्॥

पृथ्वी उपरना धूळना रजकणो गणाय, वरसादना टीपा पण गणाय. परंतु धर्म संरक्षणथी जे फळ थाय छे, तेनी गणना विधात्राथी पण थइ शकती नथी.

માટે હે બહેનો ! સ્ત્રી પુરૂષે પોતાના સ્વધર્મ પાલનમાં સદા આસક્ત રહેવું એજ જરૂરનું છે.

ધર્મ સાધન કરવામાં સત્કર્મ તથા સદાચાર બન્નેની જરૂર છે. વળી ચિત્તશુદ્ધિ થઇ નથી, મનના વિક્ષેપનો નાશ થયો નથી, ત્યાં સુધી શુદ્ધ જ્ઞાન કોઇને પ્રાપ્ત થતુંજ નથી અને ચિત્તશુદ્ધિ થવા તથા મનના વિક્ષેપનો નાશ થવા કર્મ તથા ઉપાસનાની જરૂર છે કર્મથી ચિત્તશુદ્ધિ થાય છે અને ચિત્ત શુદ્ધ થએ ઉપાસનાથી મનની ચંચળતા નાશ પામે છે. અને ત્યારબાદ જ્ઞાનના અધિકારી થવાય છે.

હે બહેનો ! શાસ્ત્રમાં કહ્યું છે કે. આચાર પરમો ધર્મ એટલે આચાર એ પરમ-ઉત્કૃષ્ટ ધમ છે. જુઓ—

आचारा त्प्राप्यते श्रैष्ठ्यं आचागत्कर्मलभ्यते ।
कर्मणो जायते ज्ञानं मिति वाक्यंमनौः स्मृतं ॥

શાસ્ત્રકારોએ પણ બ્રાહ્મણોની આજ્ઞા, ને એનું મુળ તપશ્ચર્યા, ને એ સઘળાનું મુળ આચાર કહેલો છે

વળી સ્વધર્મ કર્મની સાથે સદાચાર હોય તોજ સત્કર્મ શોભી ઉઠે છે. અને સદાચાર હશે તોજ ધર્મ સચવાશે એમ મહાત્માઓ કથી ગયા છે. કારણ કે

માણુસની પવિત્રતા તથા ધર્મ કર્મની ગણના તેના આચાર ઉપરથીજ કરાય છે.

મારી આર્યબહેનોને એવા સદાચારથી વિભૂષિત રહેવાની વધારે જરૂર છે. પુરૂષ તેવા ધર્માચરણોથી મુકત હશે અને સ્ત્રી જો દુરાચારી હશે તથા ધર્મનિષ્ઠ નહિ હોય તો પુરૂષના તે ગુણો જગતમાં ઉપહાસકારક થાય છે અને સ્ત્રી તથા પુરૂષ બન્ને એવા સ્વધર્મનિષ્ઠ-પણાથી વિભૂષિત હોય તો તે દુનિયામાં કીર્તિરૂપ થઇ પડશે.

હે બહેનો! સ્ત્રી પ્રજોત્પત્તિ માટે સરજી છે; જુવો મનુ મહારાજ કહે છે કે–

प्रजनार्थं महाभागाः पूजार्हा गृह-ीप्तयः ।
स्त्रीयः श्रियश्च गेहेषुना विशेषोऽस्तिकश्चन ॥

મનુ અ ૯ ૨૬

સંતાન ઉત્પત્તિને વાસ્તે સ્ત્રી ઘણી ભાગ્યશાળી અને સત્કાર કરવા યોગ્ય છે. તે ઘરને શોભા આપે છે. સ્ત્રીઓ ઘરની શ્રી સ્વરૂપ છે સ્ત્રીમાં અને લક્ષ્મીમા કંઇપણ જુદાપણું નથી

વળી મનુષ્યનો ગૃહસ્થાશ્રમ સ્ત્રીઓ ઉપરજ રહેલો છે. મહાભારતમાં પણ વ્યાસ નારાયણ વદે છે કેઃ–

अर्द्धभार्या मनुष्यस्य भार्या श्रेष्ठतमः सखा ।
असहायस्य लोकेऽस्मिन् लोकयात्रा सहायिनी ॥

ભારત—આદિપર્વ

આ લોકોમાં સ્ત્રી, એ પુરૂષનું અર્ધું અંગ તથા ઉત્તમોત્તમ મિત્ર છે કારણ કે, સહાય વિનાના પુરૂષને આ જગત્ વિષે લોક વ્યવહારમાં સ્ત્રી સહાયતા કરનારી છે.

વળી હે બહેનો કહ્યું છે કેઃ—

धर्मार्थ काम लाभेषु भार्या पुंसःसहायिनी ।
विदेश गमने चा यसैव विश्वासकारिका ॥

શાન્તિપર્વ

ધર્મ, અર્થ તથા કામ સમયે પુરૂષને સ્ત્રી સાહાયતા કરનારી છે અને પરદેશ જતી વખતે વિશ્વાસ કરવા યોગ્ય પણ તેજ હોય છે

વળી—

नास्तिभार्या समो बंधुर्नास्ति भार्या समागतिः ।
नास्तिभार्या समोलोके सहायो धर्मसंग्रहे ॥

આદિપર્વ.

જગત્‌મા પુરૂષને સ્ત્રીના જેવું સબંધિ, આધાર તથા ધર્મને સંગ્રહ કરવામા સહાય કરનાર બીજુ કોઇપણ નથી

तथा रोगाभि भूतस्य नित्यं कृच्छ्रगतस्य च ।
नास्ति भार्यासमं किंचिन्नरस्यातस्य भेषजं ॥

આદિપર્વ.

વળી રોગથી પીડાતા અને દુઃખ પામેલા દુઃખી પુરૂષને, નિત્ય સ્રીના સમાન બીજું કોઇપણ ઔષધ નથી

હે બહેનો ! સદ્ગુણી સ્રી એ દુઃખમાં ઔષધતુલ્ય છે, સુખમાં આનંદવર્ધિની તથા ધર્માદિ સંપાદન કરવાનું સાધન છે. અને સર્વથી અધિક તો સુજનની થએ સારી પ્રજા ઉત્પન્ન કર્યાથી તે બહુ જનના કલ્યાણનું સર્વોપરી કારણ થાય છે

માટે હે બહેનો ! દુનિયાનાં કાર્યોનો અધિક છે આધાર જેના ઉપર એવી હે આર્યમહિલાઓ ! તમારે સદાચારી તથા સ્વધર્મનિષ્ઠ રહેવું જોઇએ. વળી રજ-સ્વલા, પ્રસૂતિ, ગર્ભસ્રાવ આદિ કારણોને લઇને સ્રીનો દેહ શાસ્રમાં અપવિત્ર ગણેલો છે જેથી તેઓએ વધારે પવિત્ર રહેવાની જરૂર છે.

હે બહેનો ! અધર્મને વશ થએલી સ્રીઓથી પુરૂષના ગૃહસ્થાશ્રમમાં તથા તે સ્રીથી ઉત્પન્ન થતી પ્રજામાં ઘણાં દૂષણો જોવામાં આવે છે. અને એ દૂષણો-થીજ આ ભારતવર્ષની અવદશા થતી દૃષ્ટિગોચર થાય છે. પરમાત્મા શ્રીકૃષ્ણ પ્રત્યે અર્જુને કહ્યું છે કે—

अधर्माभिभवात्कृष्ण. प्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीपुदुष्टासुवार्ष्णेय. जायते वर्णसंकरः ॥

હે શ્રીકૃષ્ણ! અધર્મના [illegible] થવાથી કુળની સ્ત્રીઓ દૂષિત [illegible] છે વ્યભિચારિણી [illegible] કુળમા ઉત્પન્ન થયલા [illegible] તે દૂષિત થયેલી સ્ત્રીઓમા વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે

હે બહેનો! આર્યમહિલાઓ ઉપર જે અત્યારે અજ્ઞાનરૂપી અંધકારથી આચ્છાદિત થઇ, મલીન થઇ, સ્વધર્મ ભૂલી અધર્મને વશ થવાનું કલંક આવે છે તે દૂર કરવા આપણે આપણું વર્તન ધર્મમાર્ગે દોરીએ અને બરાબર સદાચારથી ચાલીએ તોજ પુરૂષને ગૃહસ્થાશ્રમ પણ ધન્યવાદ આપવા યોગ્ય થાય, અને આ ભરતખંડ અત્યારે જે સ્વધર્મનિષ્ઠતા તથા સદાચાર વગર દૂષિત છે તે પાછો મૂળ સ્વરૂપમા દીપી નીકળે એમાં જરાએ સંશય નહીં.

હે બહેનો! સ્ત્રીનીતિ ધર્મના કાર્યમાં આપણી આર્ય બાળાઓ જેટલી પછાત છે તેટલી બીજી કોઇ નથી.

હે બહેનો! સદાચારી થવા માટે ધર્મશાસ્ત્રના પ્રમાણો આપી હું તમોને આગળ ઉપર સારી રીતે

સમજાવીશ. સ્રીને સંસારની ખરી સહાયક અને ઉપ-યોગી બનાવવાનું મૂળ સાધન તેઓને ગૃહશિક્ષણ અને ગૃહકાર્યને અર્થે ધર્મનીતિયુક્ત કેળવણી સાથ વ્યવહારોપયોગી ઉચ્ચ પ્રકારનું જ્ઞાન આપવું તેજ છે. તેનું વિવેચન આપણે પ્રથમ કરવા જરૂર છે. જેથી તે બાબત હું તમો બહેનોને સંભળાવું છું જે ઉપર લક્ષ આપશો.

ભગિનીઓ ! આર્યબાળાઓ ઉપર વિદ્યાભ્યાસ કરવાથી સ્વતંત્ર, અમર્યાદ અને કુમાર્ગે ચઢવાના આરોપો છે ખરા; પરંતુ બહેનો ! ઉપરની સમજણ કેટલેક દરજ્જે ખરી છે અને કેટલેક દરજ્જે ભૂલભરેલી પણ છે. કારણ કે સ્રી બગડે છે તેમાં કંઈ કેળવણી કે વિદ્યાનો દોષ નથી; પરંતુ તે દોષ સ્રીઓના સ્વભાવનો છે. વિદ્યા સદા પવિત્ર છે અને કેળવણી દુર્ગુણોને સદા દૂર કરેછે. તોપછી દુરાચાર અને તેને લખતાં વાંચતાં શીખવા સાથે શો સંબંધ છે ? ! જે સ્રીઓને ધર્મ નીતિની કેળવણી નથી મળતી તેજ ખરાબ સોબતમાં પડી કુકર્મ કરે છે. બાકી તેવી કેળવણીવાળી સ્રીઓ જીવતા સુધી પોતાનું શીળ સા-ચવી કદીપણ કુમાર્ગે ચાલશે નહિ. હા, વાંચતાં લખતાં આવડયું, એટલે કેળવણી લીધી કહેવાય નહિ પરંતુ

તેના ગુણનો ઉપયોગ કરવાથીજ તેનું ફળ માલમ પડે છે. અને તે પણ પાત્ર ઉપર આધાર રાખે છે. સુપાત્રને પ્રાપ્ત થએલી વિદ્યા સારા ફળને આપનારી થાય છે. અને કુપાત્ર માટે તેથી ઉલટું નિવડે છે. હે બહેનો! સ્ત્રીઓને બગડવાનું કારણ માત્ર ઘરના તરફનો બીલકુલ અંકુશ નહિ તે અને ન્હાનપણમાંજ કુસંગતિસાથે મળતી કેટલીક કઢંગી સ્વતંત્રતા છે. સ્ત્રીઓનું મન પુરૂષ કરતાં ઘણુંજ કોમળ હોય છે, જેથી તેને ન્હાનપણથીજ સારી સોબત હોય અને ધર્મનીતિની કેળવણીની છાપ તેના હૃદયમાં ઉંડી પાડવામાં આવે તથા સતી સ્ત્રીઓનાં ચરિત્રનું અધ્યયન કરાવવામાં આવે, તેમ ગૃહકાર્ય અને ગૃહવ્યવસ્થા વિગેરે મોટપણે ઉપયોગી થઇ પડતા વિષયોનું શિક્ષણ પણ તેને આપવામાં આવે તો તે અસર જીંદગી પર્યંત તેના હૃદયમાં ચોટી રહેશે. અને આગળ ઉપર તે ઉત્તમ સદ્ગુણી સ્ત્રીનું પદ પામ્યા વિના રહેશેનહિ.

હે બહેનો! કન્યાશાળામાં આપવામાં આવતું શિક્ષણ તો તરેહવારજ છે અને તે એજ કે બાળકીઓને સાત ચોપડી સાથ, ભૂગોળ, ઇતિહાસ

વ્યાકરણ, ગણિત વિગેરેનો અભ્યાસ અને તે સાથે સ્હેજ સાજ ભરત અને ચિત્રકામ શિખવવામાં આવે છે. પરિક્ષાઓ લેવામાં આવે ત્યારે પાસ થવાની લાલચે મેહેતાજીઓ ઉપરના પુસ્તકોનું પોપટીયું જ્ઞાન મોઢે કરાવે છે અને તેથી ઉછરતી બાળાઓના કોમળ મન ઉપર ભારે બોજો પડવાથી તવાઈ જાય છે. હે બહેનો! પરીક્ષામાં પાસ થઇ સર્ટિફિકેટ મેળવ્યું એટલે કૃતાર્થ થયાં એમ સમજવું નહીં પરંતુ જ્યાં સુધી વ્યવહારોપયોગી અને ધર્મ સંબંધી કેળવણી મળી ન હોય ત્યાં સુધી તે જ્ઞાન અપૂર્ણ છે એમ કહેવામાં વાંધો નથી.

હે આર્ય બહેનો! સ્ત્રીઓની પાઠશાળા, કન્યાશાળામાં તેવી ધર્મ શિક્ષણની કેળવણી ખસુસ કરી દાખલ કરવી જોઇએ. અને તેમ થાય તોજ હાલમાં ચલાવવામાં આવતુ શિક્ષણ પણ ઉપયોગી થઇ પડે.

હે બહેનો! ઉપરના વિષયોના અલ્પજ્ઞાન સાથે નીતિ રીતિ અને સદાચાર સાથ ગૃહકાર્ય, ગૃહવ્યવસ્થા, બાળશિક્ષણ, બાળરક્ષણ, સ્ત્રીધર્મનીતિ વિગેરે વિષયો જે તેને મોટપણે ઉપયોગી થનાર છે; તે તેમની સંસારિક સ્થિતિને વિચારી કન્યાશાળામાં ચલાવવા જોઇએ.

અને તેને માટે આપણે આર્ય મહિલાઓને ગ્રહણ કરવા જોગ કેળવણી ઉપર દોરાઇ પ્રથમ દિકરીનાં માબાપમાં કેવા ગુણ જોઇએ તે ઉપર હું આવતી કાલે તમો આગળ વિવેચન ચલાવીશ.

દિવસ ૨ જો.

માબાપના ગુણ.

હે બહેનો! આજ હું તમોને માબાપ કેવા ગુણનાં જોઇએ તે કહી બતાવુંછું. હે માયાળુ ભગિનીઓ! જ્યારથી જગત્કૃપાળુ પરમાત્માએ આ દુનિયામાં પ્રાણી માત્રમાં શ્રેષ્ટ એવી મનુષ્ય જાતિ ઉત્પન્ન કરીછે; ત્યારથીજ તે પ્રાણીમાત્રો કરતાં મનુષ્યને સારી નરસી બાબતો ઉપર વિચાર કરવા બુદ્ધિ આપી છે. જેમ જેમ બાળક મ્હોટું થતું જાય છે, તેમ તેમ તેની બુદ્ધિનું પ્રાબલ્ય ખીલતું જાય છે; અને તે બુદ્ધિબળ ખીલવવું અને જે વળણ ઉપર દોરી જવું એ ખાસ તેના માબાપોનીજ ફરજ છે; કારણ તે વખતની તે બાળકની બુદ્ધિ એવી વિચીત્ર હોય છે કે, જેમ એક વેલને ફેલાવો પામતી વખતે જે કાંઇ વૃક્ષ, લાકડું, દોરી કે આખર

દિવાલ વિગેરે જે હાથ લાગે છે અને જેનો આધાર મળે તેની ઉપર તે વિંટાય છે; તેવી રીતે બાળકની બુદ્ધિ જે વખતે ખીલવા માંડે છે, તે વખતે જે ટેકો મળે તેવા ગુણો તે પકડે છે. માટે બાળકને માબાપોએ જાતેજ યોગ્ય શિક્ષણ આપવું જોઇએ.

હે બહેનો ! આ સૃષ્ટિમાં બાળકના સારા નરસા ભવિષ્યના અને જનમંડળના કલ્યાણનો આધાર માતાપિતાજ છે.

गुरुणाश्चैव सर्व्वेषां माता परम को गुरुः ।
मातागुरु तराभूमेः खात्पितोच्च तरस्तथा ॥

સર્વ ગુરૂમધ્યે માતા પરમ ગુરૂ છે, માતા પૃથ્વીના કરતા ગુરૂ છે, પિતા આકાશ કરતા પણ ગુરૂ છે.

હે બહેનો ! કેટલાંક ઘરમાં કે પાડોશમાં રોજ મારામારી કે ગાળાગાળી કરે છે તે વખત બાળકના માબાપો તેને હાસ્યરસમાં એકબીજાના ઉપર ઉશ્કેરી વિવિધ અપશબ્દો બોલાવરાવે છે. વળી તેઓની માઓની સહિયરોના ટોળામાં પણ મન ખુશ કરવાને તથા રમાડવાના હેતુથી કેટલાક અપશબ્દો બોલાવરાવે છે. વિગેરે બાળક દેખી તથા સાંભળી જેવો તે ઘરનો આચાર દેખે

છે તેવો તે શિખે છે; માટે માબાપે બહાર અગર ઘરમાં સારી રીતે વર્તવું; કારણ બાળકની યાદદાસ્ત ન્હાનપણમાં મ્હોટાં કરતાં ઘણીજ સતેજ રહે છે. ન્હાનપણમાં તેને જે શિખવ્યું હોય તે તે ભૂલતું નથી. અને તેના તે ગુણો પોપટના બે બચ્ચાં જેવા નિવડે છે.

બહેનો ! જેવી સોબત તેવી અસર—દેખદેખે અને શિખવ્યું શિખે તેવી બચપણની રીતિ છે. માબાપના જે ગુણો હોય તેજ બાળક શિખે છે. સાંભળો તે ઉપર પોપટનાં બે બચ્ચાંની કથા તમોને સંક્ષેપમાં કહી સંભળાવું છું.

પોપટના બે બચ્ચાંની વાત.

એક વાઘરી માળામાંથી પોપટનાં બે બચ્ચાં લેઇ ગયો, તેમાંનું એક બચ્ચું સારા માણસને ઘેર વેચ્યું, ને બીજું નઠારાને ત્યાં વેચ્યું. પેલા સારા માણસને ઘેર વઢવાડ કે ગાળાગાળી થતી નહોતી; ભૂંડું બોલે નહિ; કોઇ આવે જાય તો તેને સારી રીતે બોલાવે, ને માન આપે. પેલો પોપટ એ સર્વે શીખ્યો. પણ પેલા નઠારા માણસના ઘરમાં તો રોજ મારામારી, ગાળાગાળી, લુચ્ચાઇ ને ઢોંગાઈ થાય; તે સઘળું તે પોપટ શીખ્યો.

તે ગામનો રાજા એક દિવસ તે રસ્તે થઈ જતો હતો, તેને જોઇને નઠારા માણસના ઘરવાળો પોપટ ભૂંડી ગાળો દેવા લાગ્યો, ને બોલ્યો "એને મારો, કાપો." એ સાંભળી રાજાને ખોટું લાગ્યું, પણ બોલ્યો નહિ. આગળ ચાલતાં, પેલા સારા માણસનું ઘર આવ્યું ત્યાંનો પોપટ રાજાને જોઇને આવકાર ભરેલા મધુર વચનો બોલ્યો. એ સાંભળી રાજાને નવાઇ લાગી, ને વિચાર કરતો કરતો ઘેર ગયો. પછી તપાસ કરતાં માલુમ પડયું કે, એ બન્ને પોપટ એકજ માબાપનાં બચ્ચાં છે, પણ એક નઠારી સોબતમાં રહ્યું, તેથી નઠારૂં નીકળ્યું; ને બીજું સારી સોબતમાં રહ્યું, તેથી સારૂં નિવડયું. એથી સોબત તેવી અસર એ રાજાને પ્રત્યક્ષ પુરાવો મળ્યો.

મારી વ્હાલી બેહેનો! ઉપરના દૃષ્ટાંતથી ખાતરી થઇ હશે કે બાળકના કોમળ મન ઉપર જેવી સંગતિ હોય તેવી અસર લાગતાં જરા વાર લાગતી નથી. માટે ન્હાનપણમાં માબાપે છોકરાં ઉપર પુરતી કાળજી રાખી તેમને ખરાબ ગુણો ન વળગે તે તરફ ખ્યાલ રાખવો જોઈએ. બાળકોને માબાપે માઠી ટેવ પડવા નહિ દેવી

જોઇએ. અને તેવી ટેવ કદાચ પડતી માલમ પડે તો તે તુરત સુધારવા પ્રયત્ન કરવો જોઇએ. કોઇ ચીજ માટે તે આડાઇ કરે તો તેને સમજાવી શાન્ત પાડવું. તેણે કાંઇ ગુન્હો કીધો હોય તો મુર્ખ માબાપોની પેઠે વધુ શિક્ષા ન કરતાં દરેક વાંકની દરમ્યાન પ્રથમ સમજાવ્યા છતાં ફરી તે કામ કરે તો તેને શિક્ષા કરવી. અને તે પણ તેના શરીર ઉપર નજર રાખી તથા વાંકનું સ્વરૂપ જોઇ કરવી. પરંતુ શિક્ષા કરતાં ધાક રાખવી, અને તે એવી કે, તે ડરથી તે કાંઇ આડી વર્તણુક ચલાવી ગુન્હો થવા દેજ નહીં. છોકરાંને મોઢે ચડાવવાથી તે બહેકી જાય છે તથા ઢોરની માફક માર્યાથી નઠોર થઇ જાય છે. મારવાથીજ બુદ્ધિ આવે છે એવું કાંઇ છે નહિ, પણ ધાક રાખવી એજ ઉત્તમ છે.

વળી તે બહારથી કાંઇ ચીજ લાવે તો તેપર વિચાર કરી તે કયાંથી લાવ્યો વિગેરેની તપાસ કરી ખાતરી કરવી. તેના બોલવા ઉપર વિશ્વાસ લાવી બેસી રહેવું નહિ, કારણ કે, માબાપ અથવા મહેતાજીનું મન સંપાદન કરવા, રાજી રાખવા, ચોરી કરીને પણ છોકરાં કાંઇ ચીજ લાવી આપે છે અને કહે છે કે, મને તો તે જડી ! કોઇએ આપી, વિગેરે કહી તે આપણનેજ ઠગે છે.

હે બહેનો ! નિશાળે મુકયા પછી બાળકની સંભાળ રાખવી. તે જાય છે કે કાંઈ બેસી રહે છે વિગેરે તપાસતા રહેવું. ન્હાનપણથી ધીમે ધીમે વિદ્યાભ્યાસ કરાવવાથી તેની બુદ્ધિ ખીલતી જાય છે. માતાઓ ધર્મ, નીતિ, પરમાર્થ, સત્ય વચન, ભકિત, કરકસર, સુઘડતા, શાન્તિ, ધૈર્ય, મધુરભાષણ, પતિવૃત વિગેરે ગુણોથી વિભૂષિત હોય તો છોકરાં ખસુસ તેની કેલવણીથી તેવાંજ થાય એમાં યત્કિંચિત્ પણ સંશય નહિ.

હે બહેનો ! જે ઘરમાં મમતા અને ધર્મનો પ્રભાવ વ્યાપી રહ્યા છે, બુદ્ધિ અને મન પોતાનો વ્યાપાર ડહાપણથી ચલાવી રહેલાં છે તથા દરરોજનો વ્યવહાર પ્રમાણીક છે તે ઘર સુખ અને સદગુણનું મંદિર છે એમ સમજવું. આવું મંદિર સંસારની તમામ ઉપાધિઓથી બચાવી શકે છે. આવી સદગુણી માતાવાળા મકાનમાં બાળક સારા સ્વભાવનાં, સદગુણી અને આનંદી થાય એમાં શું નવાઇ !

હે બહેનો ! માતાજ બાળકને નિતિવાન, પરાક્રમી, સદ્ગુણી બનાવે છે. એવી મહાગુણસંપન્ન જનેતાઓના ઉત્તમ ગુણ અને શિક્ષણના પ્રતાપેજ

સીતા, તારા, દ્રૌપદી, સાવિત્રી વિગેરે મહાસતીઓએ મહા ગુણવાન થઇ જગતમાં પોતાની કીર્તિ અમર કરી છે. માટે માતાઓએ શેઠાણી બની બેસી ન રહેતાં પોતાની બાળક પ્રત્યેની ફરજો બજાવી તેને સદ્બોધ આપી સુરસ્તે ચઢાવવા પ્રયત્ન કરવો એજ ઉત્તમ માબાપોની ઉત્તમતા છે.

શ્રીમંતની સ્ત્રીઓ બચ્ચાંઓને રમાડવા નોકરને સોંપે છે. જેથી તે બાળકોની બુદ્ધિ તેના સહવાસથી તેના જેવીજ થાય છે. માટે સદ્ગુણી સ્ત્રી પુરૂષે તેમ નહીં કરતાં તેઓને હમેશ પોતાના સહવાસમાંજ ઉછેરી મોટાં કરવાં.

હે બહેનો ! બાળકીઓને ઘર તથા વિદ્યા સંબંધીની જોઇતી કેળવણી આપ્યા બાદ શાસ્ત્રમાં ઠરાવેલી ઉમર થયે માબાપોએ તેને યોગ્ય વર સાથે પરણાવવી જોઇએ. કેટલાક માબાપો સુખદુઃખનો જરાપણ વિચાર ન કરતાં ન્હાના વર સાથે પરણાવે છે, કે કાંતો બાળપણમાંજ લગ્ન કરી દે છે કે જેથી શીતળા જેવા ઉપદ્રવથી વખતે તે બાળકપતિના જીવની હાની થાય તો તે કન્યા તેમને જન્મારો રાંડીરૂપ વેઠવી પડે છે. અથવા મૂર્ખ

માબાપો ફક્ત પૈસાનીજ અભિલાષાથી કન્યાવિક્રય કરી રત્નરૂપ કન્યાને ઘરડા ઠચ્ચર જેવા, કે કાંતો ન્હાના બાળક જેવા, કે કાંતો રોગી કે નાલાયક વરસાથે વશાવી તે બાળાની જીન્દગીમાં ધૂળ નાંખે છે.

હે બહેનો! ઉપર જણાવેલાં બાળલગ્ન, કજોડાં અને કન્યાવિક્રય આદિથી થતા લગ્નના દુષ્ટ રિવાજનો પ્રચાર આજકાલ આ ભારત ભૂમિમાં એટલો સજ્જડ પ્રસર્યો છે કે, તેને નિર્મૂળ કરવા જો કે ઘણા વિદ્વાનો મથે છે તોપણ તેઓની ધારણામાં તેઓ હજી સુધી ફત્તેહમંદ ઉતર્યા નથી.

હે ભગિનિઓ! આપણી આ જન્મભૂમિની અધમ દશા થઇ પડવાનું મૂળ કારણ તમારાં બચ્ચાંઓને ખોટાં માન ખાટવા ઢીંગલાઢીંગલીની પેઠે અલ્પવયમાં વશાવી—બાળલગ્ન કરો છો તેજ છે.

હે બહેનો! બાળલગ્ને આપણામાં કેટલી અડચણ કરી છે તેનો દાખલો ઘેરઘેર દૃષ્ટિગોચર થાય છે. અર્થાત્ બાળલગ્નની હાનિથી એકપણ ઘર ભાગ્યેજ મુક્ત હશે!

હે બહેનો! કોઇ ઘેર છોકરાને તેની દુષ્ટ વાંચ્છનાનો દાઘ લાગેલો હશે; તો કોઇ ઘેર દીકરીનું રમખાણ મચી રહેલું આપણે જોઇએ છીએ. અને વળી કોઇ ઘેર જુગલ જોડીની ધામધુમ ચાલી રહેલીજ દેખીએ છીએ.

હે ભારતવાસી બહેનો! તમારા સુખોનું સત્યાનાશ વાળનારા તમોને અધોગતિમાં લાવી મુકનાર તે દુષ્ટ બાળલગ્નનો અત્યંત હાનિકારક રિવાજજ છે. તો તે બંધ કરવા કેમ કોઈ લક્ષ આપતું નથી! અરે! તે બંધ કરવામાં જ્ઞાતિબંધન કે ધર્મની અડચણ નડે તેમ તો નથી તો પછી આર્યો ઘોર નિદ્રામાં ઘોરતા પડી રહી હાથે કરી પોતાની હાનિ કેમ કરી લેછે તે સમજાતું નથી!

બહેનો! તમોને ખબર તો હશેજ કે, આપણા ધર્મશાસ્ત્રની આજ્ઞા પ્રમાણે બ્રાહ્મણોએ ઉપનયનસંસ્કાર કીધા પછી ઓછામાં ઓછાં બારવર્ષ સુધી વિદ્યાભ્યાસાર્થે બાળક પાસે બ્રહ્મચર્ય પળાવવું જોઇએ! અરે! કયાં છે એ ધર્માજ્ઞાનો અમલ થવો! અરે કયાં છે તે સંબંધી વિચાર પણ કરવાનો! હવે તો કમનસીબે આર્યો પોતાની મૂર્ખાઇને લીધે મૂર્ખ મનુષ્યોની મદમાતી મંડળીમાં મિથ્યા માન મેળવવાની લાલસાએ ગરીબ બાળ-

કીઓનાં બાળલગ્ન કરવાનું પગલું ભરી પશુવત્ બાળા-ઓને ગળે દુઃખના ગાળીયાં વળગાડે છે. અને તેમ કર-વામાં તેઓ ન્હાના મોટાનો જરાપણ વિચાર ન કરતાં આંખો મીચી યાહોમ વરતાવી દે છે.

આમ થવાથી સર્વ સ્થળે સુખની ઇચ્છા રાખનાર તે ઉછરતી બાળાઓ સુખની પ્રાપ્તિ શી રીતે કરી શકશે તેનો ખ્યાલ મ્હારી આર્યભગિનિઓ તમો જાતેજ કરી લેશો !

હે બહેનો ! તમારી બાળકીઓને સુખ અગર દુઃખ આપનાર તમો માતાઓજ છો. કારણકે, માતાના પેટમાંથી જન્મી બાળક જ્યાં સુધી યુવાનીની પૂર્ણ અવ સ્થામાં પહોંચે નહીં ત્યાં સુધી તે બાળકજ ગણાય છે, અને ત્યાં સુધી તેના શરીર અને મનની સંભાળ રાખ-વાનું કામ હે આર્ય બહેનો તમો માતાઓનુંજ છે.

હે બહેનો ! લગ્નનું પ્રયોજન પ્રજોત્પત્તિ કરવા માટે છે અને આપણા પૂજ્ય મહર્ષિઓ પણ કહી ગયા છે કે, પુરૂષ કરતાં સ્રીની ઉમ્મર વધારે હોય તો તેનાથી સંતાન ઉત્પન્ન થવાની આશાજ થોડી સમજવી. તો પછી કજોડાથી લગ્ન કરવાં તે નહીં કરવા સરખાં અને

પ્રયોજન વિનાનાંજ ગણાય. કારણ લગ્ન કરવાનો મૂળ હેતુ જે શાસ્ત્રમાં જણાવ્યો છે તે હેતુ જો લગ્ન કરવાથી સચવાય નહીં તો પછી એવાં પ્રયોજન વિનાનાં લગ્ન તે લગ્નજ કેમ કહી શકાય ! જેથી એવી રીતે મિથ્યા માથાકુટ અને મોટાઇનો ડોળ ન રાખતાં શાસ્ત્રાજ્ઞા પ્રમાણે વર્તવું એજ ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયાનું સાર્થક છે.

મતલબ એટલીજ કે, સ્ત્રી કરતાં પુરૂષ બે અઢી ગણી ઉમ્મરે મ્હોટો હોવો જોઇએ અને જ્યાં એ પ્રમાણે હોતું નથી, ત્યાં પ્રજાનો અભાવ દેખીએ છીએ. અને કદાચ પ્રજા થાય તો તે રોગી અને અલ્પાયુષિ હોય છે.

હે બહેનો ! કજોડાના લગ્નથી એટલેથીજ દુઃખનો અંત નથી આવતો, પરંતુ તેને માટે વિદ્વાનોનો એવો પણ અભિપ્રાય છે કે, મ્હોટી ઉમ્મરની સ્ત્રી સાથે લગ્ન કરવાથી બાળકોને "રિકેટ્સ" નામનો વ્યાધી ઉત્પન્ન થાયછે, જેનાથી બાળક, બાળકીયો ચાલવા તથા હરવા ફરવા શકિતહીન હોય છે. શરીરનાં હાડકાંઓ વાંકાંચુકાં થઇ જાય છે, અને ઘણી વખત તો તેઓ બોલી પણ શકતાં નથી. આવા રોગો બચ્ચાંઓને વધારે થાય છે, અને તેનું કારણ હે માયાળુ બહેનો ! બાળલગ્ન અને

કજોડા સિવાય બીજુ કાંઇ જણાયું નથી.

અરે ! આર્યભૂમિમાં વસતા આર્યો અલ્પ સ્વાર્થને માટે શાસ્રમાં બતાવેલા મહત્ લાભોનું ઉલ્લંઘન કરી, કજોડાં પરણાવવા જરાપણ શરમાતા નથી એ શું થોડી દીલગીરીની વાત છે ! ! અરે એ નિર્લજતાને લીધેજ આર્યભૂમીની અવદશા અને તે સાથેજ આર્ય તનુજોની માઠી હાલતનું દર્શન દૃષ્ટિગોચર થાય છે.

હે બહેનો ! વળી વૈદ્યકશાસ્ત્રના આધારે જોશો તો કજોડાથી થયેલાં લગ્નને વિદ્વાનો અ–સમાનતાથી થએલાં લગ્ન કહે છે. એવા લગ્નથી પ્રજા ઉત્પન્ન કરવાની આશા તે તદન નકામીજ કહેલી છે.

બહેનો ! આ વીષય ઉપર ઘડીઘડી વીવેચન કરી તમારો અમૂલ્ય વખત વ્યતીત કરી તમને હું કંટાળો ઉપજાવવા માગતી નથી; પરંતુ જેમાં આર્યતનુજોનું તથા આર્ય બહેનોનું હીત સમાયલું છે એવા આ ગહન વીષયને માટે મ્હારે કહેવુંજ જોઈએ છે કેઃ–બાળલગ્ન, કન્યાવીક્રય, કજોડાં અને કુળાભીમાનના કડવા કુચાલો-થીજ જનસમાજ અનીતીને રસ્તે દોરાઇ દુઃખની વૃદ્ધીને પામ્યો છે. અને ધર્મનું રહસ્ય જાણ્યા વીના કે

સમજ્યા વીના બહારના ઉપચારોને આધીન થઈ ધર્મ ક્રીયા કરવાનું ડોળ ઘાલનારાઓથીજ તેને ધર્મ વીરૂદ્ધ વર્તને ચાલવાનો કલંકીત ચાંલ્લો ચોટયો છે.

હે બહેનો! લગ્નનો હેતુ અનેક પ્રકારનો છે; છતાં તે વાસ્તવીક રીતે સમજવામાં આવે તો અત્યારે જે આર્યગૃહ સંસારને અધમ પ્રવાહમાં વહેતો જોઇએ છીએ તેનાથી તે કોઈ કાળે પણ છુટો થાય ખરો.

હે બહેનો! તમારામાં પ્રસરેલો ત્રાસદાયક રીવાજ કન્યાવીક્રય! અરે હાય! કાળજાની કોર સમાન દિકરીને ફક્ત ક્ષણીક સુખને આપનાર પૈસાને માટે વેચી મારો છો! અરે પથ્થરથી પટકાવો છો. અરે! સાત વર્ષની દીકરીને સાઠ વર્ષના પતી સાથે પરણાવો છો! એ કેટલો બધો જુલમ છે! તે દીકરી કયારે મોટી થાય કે તે બુઢા પતીનું ઘર માંડે? અરે તે નીરપરાધી બાળકીનો પાકી ઉમ્મરનો પતિ જેને સંસારના તમામ કાર્યો તજી બેઠેલો કહીએ તો ચાલી શકે, તે કેટલા વર્ષ જીવી શકવાનો કે તે બીચારી બાળા સંસાર સુખ ભોગવે! અને કદાચ એ અરસામાં તે બુઢો કે જેની હયાતીના દિવસો આંગળીના ટેરવા ઉપર

ગણાઈ રહેલા છે તે મરણ શરણ થયા, તા તે ઉછરતી બાળાને પછી શું કરવું ? ! ઉચ્ચજ્ઞાતીઓમાં પુનર્લગ્નના ચાલ નીંદીત ગણેલા છે, તા તેણીએ બાળપણમાંજ સાધુડીઓ કે આરજાઓમાં ભળવું ? અરે ફકત અલ્પ સુખ આપનાર કુતરાની ચાટ સમાન પૈસા; જે મેળવવાની આશાએ તમારાં તનુજોના સુખનું સત્યાનાશ વાળનાર અંધ માબાપા ! એવા લાભ કરી તમારી નિરપરાધી ગાય સમાન બાલાઓને દુઃખના દરીયામાંના ઝપલાવા. અરે ! તેમ કરવાથી તમારૂં કદીપણ ભલુ થનાર નથી. જુઓ ધર્મશાસ્ત્રમાં કન્યાવીક્રય કરનાર માટે શું કહ્યું છેઃ—

कन्यावितंगृहे योवै नरके [illegible]चिरम् ।
तदुत्पन्नं फलंभुक्त्वा पुनश्चाण्डालतां व्रजेत् ॥

દીકરીના પૈસા ઉપજાવનાર ઘણા કાલ સુધી નર્કમાં પડે છે અને ત્યાં મહા પીડા ભાગવ્યા પછી ચંડાળને ઘેર જન્મ ધારણ કરેછે.

વળી કહ્યું છે કેઃ—

[illegible] संपूर्णा सुवृत्ता मुद्वहेन्नरः ।
[illegible] वा [illegible]याकन्या पत्नीसान विधीयते ॥

સર્વ અવયવોએ સંપૂર્ણ તથા સારી ચાલની સ્ત્રી, પુરૂષે પરણવી જોઇએ. પૈસા ખરચી લીધેલી કન્યા શાસ્ત્ર પ્રમાણે સ્ત્રી કહેવાતી નથી

વળી કહ્યું છે કે:—

न कन्यायः पिता विद्वान् गृह्णियात् शुल्कमण्वपि ।
गृह्णन्शुल्कंहि लोभेन स्यान्नरोऽपत्यविक्रयी ॥

કન્યાના વેચાણનો દોષ જાણનારા કન્યાના પિતાએ વરની પાસેથી કન્યાના બદલામાં કંઇપણ પૈસો લેવો નહીં. કારણ કે જે માણસ લોભનો માર્યો કન્યાનુ મૂલ લે છે, તે પોતાની કન્યાનો વેચનારો ગણાય છે

હે બહેનો! કન્યાવિક્રય કરનાર માબાપો એટલેથી છુટતાં નથી, પરંતુ તેને તો શાસ્ત્રકારોએ એટલો મોટો ગુન્હો ગણેલો છે કે તેવા નીચ કર્મ કરનાર પાપી માત પિતાઓનો કોઇ રીતે છુટકોજ થતો નથી. જુઓ તેને માટે કહેલુ છે કે:—

गायत्री हरतेपापम् त्र्यंबके नायुष्य वर्द्धते ।
उभयं रुद्रजाप्येन, न कन्या वेदविक्रयः ॥

ગાયત્રીનો જપ કરવાથી, પાપ નાશ પામે છે. મૃત્યુંજયનો મંત્ર જપવાથી, આયુષનો વધારો થાય છે. રૂદ્રનો જપ કરવાથી

પાપનો નાશ થાય છે અને આયુષનો વધારો થાય છે. પણ કન્યા-વિક્રયનું પાપ અને વેદના વિક્રયનું લાગેલું પાપ ગમેતેટલી ગાયત્રી, મૃત્યુજય, રૂદ્રિ તથા દાન, તીર્થ, યજ્ઞ કરો પરંતુ વિક્રયનો લાગેલો દોષ કોઇ કાલે ટળતો નથી. તેતો નર્કનો અધિકારી બનાવે છે.

હે બહેનો! ઉપર બતાવેલા દુષ્ટ રિવાજોનો ઘર કરી બેઠેલો પ્રચાર ધીમે ધીમે નષ્ટ થતો જાય તોજ આર્યોની થઇ પડેલી માઠી દશાનો અંત આવે ખરો. આર્યધર્મનો ઉત્કર્ષ ઇચ્છનાર હે બહેનો! શાસ્ત્રકારોએ નીચેના ગુણોવાળો વર ઉત્તમ ગણેલો છે.

विध्याशौर्य धनाश्रयो गुणनिधिः ख्यातायुवासुंदरः ।
[illegible]ः सुकुलोद्भवो मधुर वाग्दाता दयासागरः ॥
भोगी भुरि कुटुंबवान् स्थिरमतिः पापार्तिहीनोबली ।
जामात परिवर्णितः कविवरैरेवंविधः सत्तमः ॥

જે પુરૂષ વિદ્યા ધણી, કુટુંબ મોટું, બુદ્ધિ સ્થિર, દયાનો સાગર, શકિત પ્રમાણે દાન-ધર્મ કરનારો, બોલવું મીઠું, સ્વધર્માચરણી, નિર્વ્યસની, ઉત્તમ કુલમા ઉત્પન્ન થએલો, સ્વરૂપે સુંદર, વયે જુવાન, કીર્તિવાન, ગુણવાન, કાર્ય વિશે શૂરપાણું, સંપત્તિવાન, લક્ષ્મીનો ભોકતા, બળવાન, પાપ અને દરિદ્રતા જેને માલમજ નહીં એવો જમાઇ મહાત્માઓએ શ્રેષ્ઠ વર્ણવેલો છે.

હે બહેનો ! માહાત્માઓએ ઉપરના વર્ણવેલા ગુણોયુક્ત વર સાથે તમારી બાલકીઓનાં લગ્ન કરવાં જોઇએ કે જેથી હુમેશ સુધી સુખ દુઃખમાં તેઓ એકમેકને સાથી ગણી સંસાર ખુશીબાખુશી નભાવે.

હે બહેનો ! વળી પુરૂષે પણ કેવી કન્યા પરણવી તેને માટે પણ માહાત્મા મનુમહારાજે કહ્યું છે કેઃ—

असपिण्डाचयामातुरसगोत्राचया पितुः ।
सा प्रशस्ता द्विजातीनां दार कर्माणि मैथुने ॥

मनु. अ. ३–५

જે કન્યા માતાના સપિંડમા ન હોય એટલે મોસાલપક્ષમા માતાથી સાત પેઢીની અંદર ન હોય તથા જે કન્યા, પિતાના ગોત્રની ન હોય, તે કન્યા, દ્વિજવર્ણને માટે (બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્યને) વિવાહ કરવામા તથા પ્રજા ઉત્પન્ન કરવામા શ્રેષ્ઠ ગણાય છે.

अव्यङ्गाङ्गी सौम्यनाम्नीं हंसवारण गामिनीम् ।
तनु लोमकेशदनां मृद्वङ्गींमुद्वहेत्स्त्रियम् ॥

मनु अ. ३–१०

ખોડ વિનાની એટલે કાણી, કુબડી ન હોય તેવી, સુંદર નામ વાળી, તથા હંસ અને હાથીની ચાલ જેવી સુંદર ચાલવાળી, જેના

વાલ, રૂંવાટા અને દાંત સુક્ષ્મ હોય તથા જેનુ શરીર કોમલ હોય એવી કન્યા સાથે વિવાહ કરવો.

नोद्वहेत्कापिलां कन्या, नाधिकाङ्गीं न रोगिणीम् ।
ना लोमिकां नातिलोमां न वाचाटां न पिङ्गलाम् ॥

मनु. अ. ३-८.

કાળા-ધોળા કેશવાળી, અધિક અવયવવાળી એટલે છ આંગળીવાળી, નિત્ય માંદી રહેનારી, જેના માથાપરથી વાળ ખરી પડતા હોય તેવી, જેના હાથ પગ ઉપર વાળ ઉગતા હોય તેવી, બહુ બોલનારી અને પીળા વાળવાળી કન્યાને પરણવી નહીં.

હે બહેનો ! વિવાહ પણ યોગ્ય રીતે કરવામાં આવે તો તેથી સારી પ્રજા ઉત્પન્ન થાય છે, અને અયોગ્ય રીતે થએલા વિવાહથી નિંદિત પ્રજા ઉત્પન્ન થાય છે. જુઓ તેને માટે કહ્યું છે કે:—

अनिन्दितैः स्त्रीविवाहै रनिन्द्या भवतिप्रजा ।
निन्दितैर्निन्दता नृणांतस्मान्निन्द्यान् विवर्जयेत ॥

मनु. अ. ३-४२

યોગ્ય વિવાહ કરવાથી સારી પ્રજા ઉત્પન્ન થાય છે. નિન્દિત વિવાહ કરવાથી નિંદિત પ્રજા થાય છે; માટે નિંદિત વિવાહનો અતિ યત્નવડે ત્યાગ કરવો ઉચીત છે

હે બહેનો ! ધર્મશાસ્ત્રમાં આઠ જાતના વિવાહ વર્ણવેલા છે, જે નીચે પ્રમાણે છે.

ब्राह्मो दैवस्तथैवार्षः प्राजापत्यस्तथासुरः ।
गान्धर्वो राक्षसश्चैव पैशाचश्चाष्टमोऽधमः ॥

मनु. अ. ३–२१.

બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાધર્વ, રાક્ષસ અને પૈશાચ એમ આઠ પ્રકારના વિવાહો છે, તેમા આઠમો પૈશાચ વિવાહ અધમ છે

(૧) બ્રાહ્મ વિવાહ.

आच्छाद्यचार्चयित्वाच श्रुतिशीलवते स्वयम् ।
आहूय दान कन्याया ब्राह्मोधर्मः प्रकीर्तितः ॥

मनु. अ. ३–२७

વિદ્યા ભણેલા સદાચરણવાળા તથા માગણી નહી કરનારા એવા વરને બોલાવી, વરકન્યાને લુગડા તથા ઘરણાંઓ પહેરાવી, વરનુ સન્માન કરીને તેને જે કન્યાનુ દાન દેવામા આવે છે, તેને ઋષિઓ બ્રાહ્મ વિવાહ કહે છે

(૨) દૈવ વિવાહ.

यज्ञेतु विततेसम्यगृत्विजे कर्म कुर्वते ।
अलंकृत्य सुतादानं दैवं धर्मं प्रचक्षते ॥

मनु. अ ३–२८

જ્યોતિષ્ટોમ આદિક વિસ્તારવાળો યજ્ઞ થતો હોય, તે વખતે તેમાં કર્મ કરાવનારા ઋત્વિજને એટલે યજ્ઞ કરાવનારા બ્રાહ્મણને, કન્યાને શણગારીને આપવી તેને ઋષિઓ દૈવ વિવાહ કહે છે.

(૩) આર્ષ વિવાહ.

एकं गोमिथुन द्वेवावरादादाय धर्मतः।
कन्या प्रदानं विधिवदार्षो धर्मःसउच्यते ॥

मनु अ. ३—२९

ધર્મશાસ્ત્રમા કહ્યા પ્રમાણે વરની પાસેથી એક અથવા તો બે ગાયો અને બળદો લેઇને તેને કન્યાદાન કરવુ તેને ઋષિયો આર્ષ વિવાહ કહે છે

(૪) પ્રાજાપત્ય વિવાહ.

सहनौचरतां धर्मीमीतवाचानुभाष्यच ।
कन्याप्रदानमभ्यर्च्य प्राजापत्यो विधिः स्मृतः ॥

मनु. अ ३—३०

કન્યાદાન આપતી વખતે "તમે બન્ને જણા સાથે રહીને તમારો ધર્મ પાળો" એવુ વચન કહી, વર કન્યાની પૂજા કરીને વરને કન્યા આપવી, તેને પ્રાજાપત્ય વિવાહ કહે છે

(૫) આસુર વિવાહ.

ज्ञातिभ्यो द्रविण दत्वा कन्यायै चैव शक्तिनः ।
कन्या प्रदानं स्वाच्छन्द्यादासुरो धर्म उच्यते ॥

मनु अ. ३—३१

કન્યાના સબંધિઓને ધન આપીને તથા કન્યાને પોતાની શકિત પ્રમાણે પલ્લું આપી સ્વચ્છંદ રીતે (શાસ્ત્રની આજ્ઞા વિરૂદ્ધ) જે વિવાહ કરવામાં આવે છે, તેને આસુર વિવાહ કહે છે

(૬) ગાંધર્વ વિવાહ.

इच्छयान्योन्यसंयोगः कन्यायाश्च वरस्य च ।
गान्धर्वः स तु विज्ञेयो मैथुन्यः काम संभव ॥

मनु अ. ३—३२.

વરની અને કન્યાની ઇચ્છાથી પરસ્પરમા જે સંબંધ થાય છે તેને " ગાધર્વ વિવાહ " કહે છે

(૭) રાક્ષસ વિવાહ.

हत्वा छित्वाच भित्वाच क्रोशन्ती रुदती गृहात् ।
प्रसह्य कन्याहरणं राक्षसो विधिरुच्यते ॥

मनु. अ. ३—३३.

કન્યાના સગા વહાલાને મારી નાખીને અથવાતો હથીયારવતી કાપી નાખીને, કન્યા રોતી રસલતી હોય અથવા તો બુમ પાડતી

હોય; તોપણ તેને ઘરમાંથી બલાત્કારે હરણ કરી લાવીને તેની સાથે લગ્ન કરવાં, તેને રાક્ષસ વિવાહ કહે છે.

(૮) પૈશાચ વિવાહ.

सुप्तां मत्तां प्रमत्तां वा रहो यत्रोप गच्छति ।
स पापिष्ठोविवाहानां पैशाचश्चाष्ट मोऽधमः ॥

मनु. अ. ३-३४,

સુતેલી, કેફી વસ્તુના ઘેનમા પડેલી અથવા તો બેભાન થઇ ગએલી કન્યાને એકદમ કપટ કરીને હરિ જવી તેને પૈશાચ વિવાહ કહેછે બધા વિવાહોમા આ વિવાહ મહાપાપી અને અધમ ગણાયછે.

હે બહેનો ! ઉપરના આઠ વિવાહમાં બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, તથા ગાંધર્વ એ પાંચ ઉત્તમ ગણેલા છે, અને બાકીના ત્રણ અધમ ગણેલા છે. અને તેમાં પણ છેલ્લો પૈશાચ વિવાહ તો બધા કરતાં ઘણોજ ધિઃકારવા લાયક ગણાય છે. વળી હે બહેનો ! ઉપરના પાંચ પ્રકારના વિવાહમાં પણ બ્રાહ્મણો માટે તો પ્રાજાપત્ય વિવાહ ઉત્તમ ગણેલો છે અને ક્ષત્રિય તથા વૈશ્યને પ્રથમથી છ પ્રકારના વિવાહમાંથી એક વિવાહ કરવો યોગ્ય કહેલો છે.

કન્યાનું પણ પુત્રપેઠે રક્ષણ કરવું. જુવો શાસ્ત્રકારો કહે છે કેઃ—

कन्याप्येवं पाळनीया शिक्षणीयाति यत्नतः।
देयावराय विदुषे धनरत्न समन्विता ॥

કન્યાનું પણ પુત્રની પેઠે પાલન કરવુ, અતિ યત્નથી શિક્ષા આપવી અને તેને ધનરત્નની સાથે સુપડિત વરને આપવી

હે બહેનો ! માબાપે પોતાની કન્યાનાં યોગ્ય વર સાથે ઉપર બતાવેલા શાસ્ત્રાનુસાર લગ્ન કરવાં જોઇએ.

હે બહેનો ! વળી આપણામાં કુલીન અકુલીન વિગેરે બાબતનો વિશેષ ફાંકો રહેલો છે. પરંતુ વિદ્યા, ધન અને સદગુણ ઉપરથીજ કુલીન અકુલીનપણું સમજાય છે. જેથી ઉપરના ત્રણે ગુણો જેનામાં હોય એવા સ્વજ્ઞાતિના પુરૂષને કન્યા આપવી. પરંતુ લ્હાવો લેવાની લાલચમાં લપટાઇ જઈ, માબાપોએ બાળકોને બાળપણમાં તેમ અયોગ્ય રીતે કદિ પણ પરણાવવાં નહિ. કુળની લાલચે કજોડા–બાળલગ્ન કરવાથી ઘણી વખત એમ બને છે કે જેમ જેમ કન્યા મોટી થતી જાય છે તેમ તેમ વર નીચો દેખાતો જાય છે. અને એ રીતે બન્નેનું જોડું લાયક થતાં પહેલાં તેમની તરૂણાવસ્થા જતી રહે છે.

બહેનો ! વર શોધવાનું કામ કન્યાના માતાપિતાને માથે એક જાતનું ફરજયાત જોખમ છે. તો પછી જો તેમાં પોતાની બુદ્ધિ ન ચાલે તો, બે પ્રમાણિક સમજુ અને નિઃસ્વાર્થી મનુષ્યોની સલાહ લેઇ તે પસંદ કરવો, પરંતુ લગ્ન જેવા કામનું મહાભારત જોખમ વગર વિચારે કદી પણ વ્હોરી બેસવું નહી; કારણ તેવા વપરાયેલા સાહસથી નિપજેલાં દુઃખી પરિણામના ઘણા દાખલાઓ જ્યાં ત્યાં આપણી દૃષ્ટિએ જોઇએ છીએ. જુઓ એક લેખક લખે છે કે—

ફજેતા આ કજોડાના, જુવો સજ્જન તમે શાણા,
લોભી માત પિતા અરે, કરે અતિ અન્યાય,
પેટ ભરિ પૈસો હિએ તેને દે કન્યાય,
જુએ નહિ બાળ, વૃદ્ધ, કાણા.................ફજેતા.
વૃદ્ધ સાથ બાળા દિએ, ન્હાનો મોટી સાથ,
પાપી જોડું જોયના સળપણ ધન સંગાથ.
વધ્યાં વ્યભિચારી ઠેકાણાં....... ....ફજેતા.
એક દેખી બીજો કરે દેખા દેખી થાય,
દીવો લઇ કુવે પડે તનય સુખ નવ ચ્હાય,
પછાડે રત્ન લઇ પ્હાણા......................ફજેતા.

મનમાં મોટમ કુળની મળે ખુબ જયાં ધન,
ન્હાના મોટી ખોડની પરવા ના લ્હે મન;
પરતાએ નોક વિઘન ટાણું....................ફજેતા.

(રસિક–લલિતા.)

હે બહેનો ! કન્યાની ઉમ્મરના સંબંધમાં જૂદા જૂદા પૌરાણિક મતો નજરે પડે છે. એક પૌરાણિકશ્લોક કે જે કયા પુરાણનો છે તે સમજાયું નથી; તેવો એક શ્લોક કન્યાની વયના સંબંધમાં કહે છે કે:—

अष्टवर्षा भवेद्गौरी नववर्षाच रोहिणी ।
दशवर्षा भवेत्कन्या अत ऊर्ध्वं रजस्वला ॥

આઠ વર્ષની ગોરી, નવ વર્ષની રોહિણી અને દશ વર્ષની કન્યા કહેવાય છે અને તે ઉપરાત વયની રજસ્વલા ગણાય છે.

ઉપરના શ્લોકનો હરવખત ઘણા જનો ઉપયોગ કરે છે અને કહે છે કે દશ વર્ષની કન્યા, કન્યા વયમાંથી મટીને રજસ્વલા થાય છે માટે દશ વર્ષની વયેજ કન્યાને પરણાવવી જોઇએ, પરંતુ બહેનો ! આપણા મનુ આદિ

મહાત્માઓએ તો બાર વર્ષની ઉમ્મરની બાળકીને પણ કન્યામાં ગણેલી છે. એટલું નહીં પણ ઋતુમતીનો પણ કન્યા શબ્દથીજ વ્યવહાર કરેલો છે.

વળી હે બહેનો! હાલમા આપણા ભારત ભૂષણ નામદાર ગાયકવાડ સરકારે બાર વર્ષની કન્યાની ઉમ્મર અને પુરૂષની સોળ વર્ષની વય હોય તોજ લગ્ન કરવા તેમના રાજ્યમાં કાયદો ઠરાવ્યો છે અને તેથી બાળ-લગ્નનો રૂડી રીતે અટકાવ થવો ઇચ્છયો છે. દક્ષિણ સંપ્રદાયમાં વળી એવું ચાલે છે કે, આઠથી દશ વર્ષની ઉમ્મરની કન્યાના લગ્ન તેથી પાંચ સાત વર્ષે મોટી ઉમ્મરના વર સાથે કરવામાં આવે છે પરંતુ રજસ્વલા થયા બાદ સાસરે વળાવવાની રૂઢી છે. ત્યારે ગુજરાતીઓમાં એથી ઉલટું જ છે. તેઓમાં એમ કહેવાય છે કે, જો પિતાને ઘેર પુત્રીને પ્રથમ રજોદર્શન થાય તો તે બહુ અશુભ સૂચક ગણાય છે. અને તેનો પિતા પાતકી છે એમ કહેવાય છે એટલે એમાંનું શું ખરૂ અને શું ખોટું? એ શાસ્ત્રનો આધાર નહી પણ રૂઢીને આધારે સર્વ કોઇ ચાલે છે. આ સંબંધમાં મનુ મહારાજે કહ્યું છે કે:—

त्रिंशद्वर्षो वहेतकन्यां हृद्यां द्वादशवार्षिकीम् ।
त्र्यष्ठवर्षो वर्षांवा धर्मे सीदति सत्वरः ॥

ત્રીશ વર્ષની ઉમ્મરનો પુરૂષ બાર વર્ષની મનગમતી કન્યાને પરણી શકે છે તથા અગ્નિ હોત્ર આદિકની ધર્મક્રિયામા બાધ આવતો હોય તો ઉતાવળને લીધે ચોવીશ વર્ષની ઉમ્મરનો પુરૂષ આઠ વર્ષની કન્યાને પરણી શકે છે.

હે બહેનો—ઉપરના વિદ્વાનોનાં તથા મહાત્માઓનાં સિદ્ધાંતોથી માલમ પડે છે કે ભિન્ન ભિન્ન મત ચાલતા જણાય છે. ત્યારે સઉથી ઉત્તમ તો એજ છે કે પંદરથી અઢાર વર્ષની ઉમ્મરના પુરૂષ જોડે નવથી તે અગીયાર વર્ષની વયની કન્યાનું લગ્ન કરવું અને લગ્ન થયા બાદ બે ત્રણ વર્ષે એટલે તેર વર્ષની વયે કન્યાને સાસરે વળાવવી એ અત્યુત્તમ છે.

હે બહેનોઃ—જે પતિ ખોળવામાં આવે તે કન્યાને પણ પસંદ આવવો જોઇએ અને તેમ થવાથી તેમનો પરસ્પરનો પ્રેમ બંધાવામાં વિલંબ ન થતાં તે જોડું હજારો આફતો આવે તો પણ સીતા, સાવિત્રી, દમયંતી, દ્રૌપદી વિગેરે સતી સાધ્વી સ્ત્રીઓના જેવું અચળ પ્રેમ યુકત રહે છે.

હે બહેનો ! પ્રેમ એ સર્વ સુખનું સાધન છે, સ્મશાન જેવા ઉદાસીન હૃદયને તે સ્વર્ગ સમાન શોભાવે છે. શરીર જુદાં પણ પ્રાણ એક એવા અરસપરસ સુખ દુ:ખમાં સરખો ભાગ લેનાર ઉપરની સાધ્વીઓ શિવાય વીરમતી, તારામતી, સોનરાણી વિગેરે સાધ્વીઓની પેઠે જે દંપતિના હૃદયમાં પ્રેમે વાસ કીધો હોય છે તેનેજ પ્રેમની સીમા કહેવાય છે અને તેનોજ દંપતિ ભાવ ધન્ય ગણાય છે. ! !

• મા બાપ કન્યાના એક રીતે દલાલ છે; પરંતુ તે દલાલીનું જોખમ ન્હાનુંસુનું નથી પણ એ જોખમ ઉપર તો છોકરાંના સારા નરસા ભવિષ્યનો આધાર રહેલો છે; માટે દરેક મનુષ્યે પુખ્ત વિચાર કરી યોગ્ય ઠેકાણે કન્યાનું લગ્ન કરવું અને લગ્ન કરી તેની સાથે વિશ્વાસઘાત કરી પછીથી વૈરભાવ ઉત્પન્ન કરી પોતાના પ્રેમનું માન ઓછું થાય નહિ એજ લગ્ન કરવાનો મુખ્ય ઉદ્દેશ રાખવો ઉચિત છે, અને એવો પ્રેમ બંધાવા બીજું તો કાંઇ નહીં પણ હાલ ઉપર જણાવ્યા મુજબ સુશિક્ષિત વર શોધી કાઢવો તે અને બીજું તેને પસંદ કરવા જેટલી સમજણ આવે તેટલી વિદ્યા દીકરીઓને આપવી

અને તે જ્ઞાન તેનામાં આવ્યા સુધી તેને વિદ્યાભ્યાસ વિગેરે કેળવણી આપ્યા બાદ પરણાવવી એ ખાસ જરૂરનું છે.

યોગ્ય ઉમરે અને સમજણ આવે માબાપે ઉભય પક્ષની મરજી જાણી લેઈ લગ્ન કરવાથી માબાપને પોતાની વ્હાલી દીકરીઓના સંકટની ફરીયાદો સાંભળવાનો હાલના કેટલાક ઢેડ ફજેતાની માફક જવલેજ વખત આવશે. વળી સદ્‌ગુણી માબાપનું બીજું કર્તવ્ય છે કરીને પરણાવ્ય. પછી સાસરે વળાવવામાં આવે ત્યારે ઘર ચલાવી શકે એવી તેને કેળવણી આપવાનું છે. તેને ઘર કાર્ય કરતાં, પૈસા ટકાનો યથાયોગ્ય ઉપયોગ કરતાં, હિસાબ તથા અંગની સ્વચ્છતા રાખતાં શિખવવું જોઇએ. માથામાં ખોડો, જુવો, લુગડાનું ગંધાવું, આંખમાં પુષ્કળ કાજળ નાખી લપેડા કરવા વિગેરે દુર્ગુણોથી દૂર રહેવા શિખવવુ. કામકાજમાં ઝડપ રાખવા, પતિને રાજી રાખવા અને પાડોશી તથા પરોણા ખુશી થાય એવી કેળવણી જરૂર આપવી જોઇએ; કારણ દીકરી એ પરાયુ ધન છે અને પારકે ઘેર મોકલવાની છે માટે પોતે પૈસાદાર હોય તોપણ દીકરીને તો જરૂર ઉપર

પ્રમાણેની કેળવણીથી વિભૂષિત કરવી જોઇએ કે જેથી તેના માબાપને કદી દોષ આવે નહીં.

હે બહેનો ! આજ કાલ તો કેળવણીને નામે જ્યાં ત્યાં વિચિત્ર રચના જોવામાં આવે છે જેના સંબંધમાં એક કવિએ કહ્યું છે કેઃ--

સવૈયા એકત્રીશા.

બોલે એવી બાળા થઇ કે, બોલકણી કરવા મન ધારે;
વારે વારે વગર વિચારે, અયોગ્ય શબ્દ અનેક ઉચારે,
માત તાત આ રીતે મઉે લાડકડીને લાડ લડાવા,
બાળાઓનુ શીદ બગાડો ચાલ ચાલતા રાખી આવા ૧

ગોરોકે કાળો વર ગમશે; દમશે સાસુ તો શુ કહેશો ?
વદે કદી વરતો ન વેડશો, કપરે સાસરીએ ના રહેશો,
એક ગાળ દેતો દસ દેજો, ન આપરો સાસુને ખાવા બા૦ ૨

આ પ્રકારનુ શિક્ષણ મળતા સાત વર્ષની થાય સુતા કે,
ગોર્ય માતનુ વ્રત વિધિયુત, મગ્ન થઇ કરવાનુ મા'ક,
અશાનવસન મન ગમતુ આપી માતપિતા ભત્તના લે લ્હાવા. બા૦ ૩

સર સરિતા તટ ઉપર જાએ સમાન વયની તનગા ટોળી,
મન ગમતુ ત્યા ન્હાય ગાયને એક એકને નાખે રોળી,
કંઇક કુટતી હોય છોડીઓ કઇક મચે છેડા મેલાવા—બા૦ ૪

કન્યક છોકરીઓ ગાય સજ્જ્યા સુગી રાજીઆ થાએ લોકો,
માસી માજી મધ્યે પરસ્પર પણ ના કોઇ કહે કે રોકો,
કંઈ કિશોરીઓ કટાક્ષ કરતી પ્રિયતમનાં અંતર રીઝાવા બા૦ ૫

હોય પાંચકે સાત વર્ષ લગી આ વ્રત વિધિએ કરવાનું,
સદાચારના શિક્ષણમાં પછી શેષ રહે શું શીખવવાનું; (')
ઘર ઘાલે આ ગોયાનું વ્રત કે નહિ વરનું ઘર મંડાવા બા૦ ૬

રમવા નિત્ય જતી હોય પુત્રી ત્યાં પણ કંઇ કંઇ શિખે આવું,
સાચું લખતાં શરમ ઉપજે શું તેથી હું લખી બતાવું,
આર્ય ગરબાની ગમતમાં કોઇ સુતા મુકે ન ભણાવા બા૦ ૭

નવરાત્રીની રાત્રી વિષે તનુગાત્રી વળી ભેગી મળી સર્વે,
તન મન ભૂષણ દૂષણથી ભરી ગરબા ગાવા જાએ ગરવે
બાળકીઓને લઇ જાય ત્યાં, પ્રયોગ સાથે બોધ બતાવા બા૦ ૮

જુગારી જારી અવિચારી જન, વિચારી તક ત્યાં હોય મળેલા,
ચાલ જોઇ તે ઠોક ઠળીયા ચલાવીને ચતુરાઇ ચળેલા,
તેને ઉદ્દેશી કંઇ યુવતી ખરી થઇને મંડે ગાવા બા૦ ૯

વિવાહમાં ઉત્સાહ ધરીને દાડુ દફને ઉપજે એવા,
ગીત ગાય ગુણહિણીઓ જે નહીં શાણાને સાંભળવા જેવા,
ભાનકુફ ગુણના બોલે નહિ, બિભત્સ ગીતો બંધ કરાવા બા૦ ૧૦

વિવાહરૂપી વર્ષાઋતુમાં ધન ગરજન વાજિત્ર ગજાવે,
બાધુક બહાર કડાકા છે જ્યાં પ્રભા જ્ઞાન રવિની ન જણાયે
વાદળીઓરૂપી વનિતાઓ, મંડે અપશબ્દો વરસાવા બા૦ ૧૧

માબાપના ગુણ

ફાગણતણા ફટાણા કરતાં ટાણાના ગીતો બહુ ખોટા
દમ નહિ એવા દાદુર જેવા મસ્ત બને સુણી માણસ મોટા
શિશુવયથી શિક્ષણ આપું ત્યાં કેમ શુદ્ધતા કે નવનારા બા૦ ૧૭

મન મલીન કરનારા રસ્તા, નમે શીરસ્તાને તે નામે,
એ રસ્તે ચલનારા સર્વ પામે પસ્તાવો પરિણામ,
તથાપી સારાસાર સમજીને સુમાર્ગને જાગે નહિ ગહાવા બા૦ ૧૮

ન્યાત ન્યાતના સર્વ નિપુણ નર ટેક લોકનો ભય છોડીને,
દુષ્ટ રીવાજ મધ્ય અટકાવા કાજ જન થઇ જીવ તોડીને,
એકવાર નિષ્ફળ જતાં પણ નિપજાવે મનમા ન નિરાશા
તોજ દયાશંકર કહે છે અભીષ્ટ સિદ્ધ થવાની આશા બા૦ ૧૯

હે બહેનો ! દિકરીને સાસરે વળાવતી વખતે આપવાની શિખામણની વળી એક ઉત્તમ કવિતા એક ભારતવાસિ યુવકે પ્રસિદ્ધ કરી છે જેનો અત્રે નોંધ લેઇશું તો અયુકત ગણાશે નહીં. સાંભળો. તેમાં માતા પોતાની બાળકીને નિચે પ્રમાણે શિખામણ આપે છે કે:-

(*ગરબી.)

સાસરીએ જતાં બહેન શિખામણ મારી
આપુ છુ તુજને આજ સુણસજની મારી,

---

* બુ. પુ. ૪૪ અં. ૮ પૃષ્ટ ૨૫૯.

સુંદરી સદ્બોધ માળા.

શુ સુજ્ઞ, સુતા ' ડાહી વળી શાણી ભારી,
સમજુ ત્યમ પણ કહુ ધર્મ મારો હુ ધારી- ટેક

ભેટ સાથ જઇ સાસુને તુ પ્રથમ લાગજે પાયરે,
પછી નણુદી જેઠાણીને, જેથી તે રીઝાય શિખામણ સારી ૧
નાની નણુદી, દેરાણીના પૂછી કુશળ ક્ષેમરે,
વડીલ શ્વસુરને નમન તુ કરજે, રાખી હૃદયે પ્રેમ શિખામણ ૨
અન્ય વડિલ પુરૂષો સમીપે તુ રંખ દીકરી જાતીરે,
પ્રત્યુત્તર આપજે પૂછતા, વિનયથી નવ શરમાતી. શિખામણ ૩
મર્યાદાથી, મૃદુવાણીથી, ધીમે સાદે વદીએરે,
છાની વાર્તા કરે કોઇ તે, શ્રવણ ન કરીએ કહીએ શિખામણ ૪
વડિલાજ્ઞા વિણુ પડોશઘર કે અન્યગૃહે ના જઇએરે,
ઘરનું કાર્ય કરીને પ્રીતે સહુને વ્હાલા થઇએ શિખામણ ૫
વડિલવર્ગની સાથે વાર્તા કરીએ હરીએ ફરીએરે,
પુરૂષ અન્યની સાથે કોદી શબ્દોચ્ચાર ન કરીએ શિખામણ ૬
ઘરની વાતો બ્હાર ન કરીએ, મનડુ રાખી મોટુ રે
સાચુ જુઠુ કદી ન કરતી, હોય ખરૂ કે ખોટુ શિખામણ. ૭
દોષ આપણા કાઢે કોતો ક્રોધી જરી ન થઇએરે,
શિક્ષા દઇએ નાનાને, મોટાની શિક્ષા લઇએ શિખામણ ૮
આભુષણ કે અન્ય દ્વેષથી પંડ ન નાખતી બાળીરે,
સંતાપીશ ના રહી સતોષે સ્થિતિ નિજ સંભાળી શિખામણ ૯
હૃદય ધરીને મનન તું કરજે, આ શિખામણ ખાસરે,
રમતા કે હસતા પણ કોનુ કરીશ નાતુ હાસ શિખામણ ૧૦

દિવસ ૩ જો,

બાળકનું કર્તવ્ય.

હે બહેનો! હવે તમને બાળકના માબાપ પ્રત્યેના કર્તવ્ય સંબધિ સમજાણુ આપું છું તે ઉપર લક્ષ આપશો –

આ જગત્‌માં પોતાના વ્હાલ માં વ્હાલાં માતપિતા શિવાય બાળકને બીજું કોઇ શુદ્ધ પ્રેમી, નિઃસ્વાર્થી અને હિતકારક નથી તેમાં પણ માતાનો શુદ્ધ પ્રેમ અને માયાળુ લાગણી તો અદ્ભુતજ છે. તેમના પ્રેમની, તેમના ગુણની અને તેમણે કરેલા આભારની ગણના કદીપણ થઇ શકશેજ નહીં, અને તે આભારનો બદલો જીંદગી સુધી તન, મન, તથા ધન અને કર્મથી સેવા કરીએ તોપણ વાળી શકાય એમ નથી; માટે માબાપને જે પ્રિય લાગે તેવી રીતે બાળકે હમેશ પોતાનું વર્તન ચલાવવું જોઇએ. તેઓની પ્રસન્નતા વિના એક પગલું પણ ભરવું નહીં. માબાપની આશિષ એજ બાળકને સ્વર્ગનું સુખ છે.

હે બહેનો ! આપણા પવિત્ર શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

मातरं पितर चैव साक्षात्प्रत्यक्ष देवताम् ।
मत्वा गृही निषेवेत सदा सर्व प्रयत्नतः ॥

महानिर्वाणतंत्र

માતા તથા પિતાને સાક્ષાત દેવતા માનીને સદાય સર્વ પ્રકારના પ્રયત્નોથી બાળકોએ તેમની સેવા કરવી

વળી કહ્યું છે કેઃ—

यं मातापितरौ क्लेश संहते सभवे नृणाम् ।
न तस्य निष्कृतिः शक्या कर्त्तुंवर्षशतैरपि ॥

मनु. अ. २—२२७

છોકરાંને જન્મ આપીને ઉછેરવામા માબાપને જે દુખ સહન કરવું પડે છે, તથા જે સંભળ રાખવી પડે છે. તેનો બદલો સો વર્ષ ઉપકાર કરવાથી પણ વાળી શકાતો નથી

હે બહેનો ! બાલ્યાવસ્થામાં છોકરાંએ માબાપની આજ્ઞામાં રહી સુશિક્ષણ મેળવવું. તેમના સામુ બોલવું નહીં. તેમને અપમાન થાય એવો શબ્દ પણ ઉચ્ચારવો નહીં પરંતુ તેમને ઇશ્વરરૂપ માનવાં.

બાળકનું કર્તવ્ય.

કેટલાંક બાળકોની એવી ચાલ હોય છે કે, માં બાપનું કહેવુ બીલકુલ માને નહીં અને પોતાની ખુશીમાં આવે તેવી રીતે સ્વછંદતાએ વર્તે છે. તથા પવિત્ર માતપિતાને સામા જવાબ આપી ગાળો દે છે. એવા બાળક ભવિષ્યમાં ઘણું દુઃખી થાય તે.

બાળકોએ સવારના પહોરમાં ઉઠી પરમેશ્વરનું સ્તવન કરવું, પછી ફરાગતે જઇ આવી હાથે પગે શુદ્ધ થઇ દાતણ કરી ન્હાવું, ન્હાઇને ધોએલા સ્વચ્છ વસ્ત્રો પહેરવાં અને આપણા આર્ય ધર્માનુસાર માથું હોળી કપાળે કુંકુમનો ચાંદલો કરવો પછી માબાપની આજ્ઞા લેઇ તે જે કાંઈ કામ બતાવે તે કરવું, તેમાં પણ પોતાના બાળકબુદ્ધિના વિચારે અનુસરી ચાલવું નહીં. નઠારી બહેનપણીઓ કરવી નહીં, જુઠું બોલવું એ મહા પાપ છે એમ સમજી તેમ બોલવું નહીં, કોઈ વાતમાં ખોટો ઉમેરો કરી કહેવી નહીં, કોઇની કાંઇ ચીજ ચોરવી નહીં, જડેલી ચીજનો ધણી મલે તો તેને પાછી આપવી, મનમાં કોઈ સાથે શત્રુવટ અને અદેખાઇ રાખવી નહીં, કજીઓ કંકાસ ન કરતાં સગાં સંબંધિ તથા આડોશી

પાડોશીથી હળીમળીને ચાલવું, દરરોજ નિશાળે જવું, અને સારી સારી શિખામણની ચોપડીઓ વાંચી સમજણ લેવી, મહેતાજીની માબાપની પેઠે આજ્ઞા માનવી, અને તેને પિતા પ્રમાણે ગણવો. શાસ્ત્રમાં કહ્યું છે કે:-

आचार्यो ब्राह्मणोमूर्तिः पितामूर्तिः प्रजायते ।
माता पृथिव्या मूर्तिस्तु भ्रातास्वो मूर्तिरात्मनः ॥
मनु अ. २—२२५

આચાર્ય એ પરમાત્માની મૂર્તિ છે, પિતા બ્રહ્માની મૂર્તિ છે, માતા પૃથ્વીની મૂર્તિ છે અને સગા ભાઇ તે પોતાનીજ મૂર્તી છે

ગૌરીના દિવસોમાં સૌ સાહેલીઓએ એકઠાં મળી મહેલ્લામાંજ શુભ ગીતો ગાવાં, કુચાલની સ્ત્રીઓનાં શિક્ષણ પામેલી છોડીઓની પેઠે તળાવ ઉપર જઇ અથવા જાહેર રસ્તાઓ ઉપર કુટવું અગર મોઢેથી કુશબ્દો કહાડવા એ ઘણુંજ શરમ ભરેલું કહેવાય માટે ગૌરીવૃતનો પવિત્ર મહીમા સમજી તે ઉત્તમ વૃતને અંગે માંગલ્ય ગીતો ગાવાં જોઇએ.

હે બહેનો ! બાળકીઓએ બહુ રમત રમવી નહીં, ખરાબ રસ્તે દોરાવું નહીં, માબાપ અને મહે-

તાજીને મદદ આપવી, સરેયામ રસ્તે જ્યાં ગાડી ઘોડા આવતા જતા હોય ત્યાં ઉભા રહેવું નહીં, અને ઉભા રહેવું પડે તો બાજુપર ઉભા રહેવું. રસ્તામાં કોઇ પ્રકારની રમત ગમત કરવી નહીં, પોતાથી કાંઇ ગુન્હો થયો હોય તો તુરત માબાપ અગર મહેતાજી આગળ કહી તેમની ક્ષમા માગવી, અને ફરી એવો ગુન્હો ન થવા દેવા કાળજી રાખવી બે જણ વાત કરતાં હોય ત્યાં ઉભા રહેવું નહીં જાદુ, મંત્ર ભુત, પિશાચના ખોટા વ્હેમ મનમાં લાવવા નહીં, જ્યાં સુધી બાલ્યાવસ્થા છે ત્યાંસુધી શાસ્ત્રમાં વર્ણવ્યા મુજબ વ્રત કરવા અને માબાપની સ્થિતિનો વિચાર કરી ખર્ચ કરવો. કદી કોઈ પણ કામમાં હઠ કરવી નહીં, અતિશય ઘાંટા પાડી બોલવું નહીં, હઠ કરી કોઇ ચીજ માગી માબાપનું દિલ દુઃખવવું નહીં, અને સદા પરમેશ્વરપર આસ્થા રાખી તેની સ્તુતિ કરવી.

દિવસ ૪ થો,

સુવાસિની સ્ત્રીઓનું કર્તવ્ય.

હે બહેનો હવે તમને સ્ત્રીઓની મ્હોટામાં મ્હોટી,

અધરામાં અધરી અને સંસાર જીતવાની, સદ્ગુણો ગૃહણ કરી પોતાનું નામ સદા શિયલવૃત પાળી અમર કરી જવાની વયનું કર્તવ્ય જણાવું.

સ્ત્રી સાસરે આવી એટલે તેની બાલ્યાવસ્થા દુર થઇ, તેણે જન્માન્તરમાં પ્રવેશ કર્યો એમ જાણવું. બહેનો ! આ અવસ્થા ઘણીજ વિકટ છે, સંસારમાં રહી સારાં વા નરસાં કહેવાવું તે આ અવસ્થાનુંજ પરિણામ છે.

બહેનો ! આ અવસ્થાને યૌવનાવસ્થા કહે છે, અને તેનું વય સોળથી તે પાત્રીશ વર્ષની વય પર્યંત છે. આ અવસ્થા પ્રાપ્ત થતાંજ દેહના આકાર, પ્રકાર, મનના હાવભાવ અને ચાલચલણ વિગેરે સઘળુંજ બદલાઇ જાય છે. છાતી પ્રશસ્ત થાય છે, રચના અને રંગરૂપ પહેલાં કરતાં વધી જઇ અતિ સુંદર દેખાય છે, આ સઘળા શારીરિક પરિવર્તનની સાથે માનસિક અને વ્યવહારિક પરિવરતન પણ થાય છે. બાલ્યાવસ્થાની સરલતા, ચંચળતા, મજાકમસ્તી, ઉચ્ચ સ્વરે બોલવું વિગેરે એકદમ બંધ થઇ ગંભીરતા, ધીરતા, લજ્જા, શીલતા અને મૃદુ મધુર સ્વર સ્ફુરતાં જાય છે. એવી

રીતેના ફેરફારોની પરંપરા હે બહેનો ! યુવાનીમાં દરરોજ થયાજ કરે છે.

હે બહેનો ! આ અવસ્થામાં પ્રાપ્ત થએલી લાવણ્યતા યુક્ત મોહક મૂર્તીથી લલચાઈ–સ્ત્રી જાતીને લોભાવવા, લલચાવવા, તેના સદ્ગુણોને દુર હડસેલી તેને કુરસ્તે ચડાવવા, તેની સદ્વર્તણુકને હાની પહોચાડવા તથા તેને મેશનો કાળો કલકિંત ચાંલ્લો લગાડવા ઘણા બદમાસો તથા ધુતારીઓ (દુત્તીઓ) બાજની પેઠે પછવાડે તાકી રહે છે; પરંતુ એ વખતે જે સ્ત્રી કોઇપણ વિટંબણામાં ન પડતાં તે દુષ્ટ ધુતારીઓ, ધંતરમંતર કરનારાઓ વિગેરેનાં દુશ્ચરિત્રથી ચેતી ચાલી પોતાના શીળનું સદ્ગુણોથી સંરક્ષણ કરે છે. તેજ સતી સાધ્વી સ્ત્રીને આ લોકમાં તથા પરલોકમાં ધન્યવાદ ઘટે છે.

જુઓ શાસ્ત્રમાં પણ તેને માટે કહ્યું છે કે,—

पुरुषं सेवते नान्यं मनोवाक्काय कर्मभिः ।
लोभितापि परेणार्थैः सासती लोक भूषणा ॥

પરપુરૂષ દ્રવ્યે કરીને લલચાવે, તોપણ મન, વચન, દેહ અને કર્મે કરી બીજા પુરૂષનું સેવન ન કરે તે સ્ત્રી આ લોકને શોભાવનાર સતી જાણવી.

મારી વ્હાલી બ્હેનો! યુવાવસ્થામાં ઘણી ઘણી બાબતોપર સાચવટ રાખવાને સ્ત્રી નીતિ ધર્મનો ખરો ઉપદેશ સમજી તે પ્રમાણે સદ્‌વર્તને ચાલવાનો બોધ તમારે જરૂર લક્ષમાં લેવો જોઈએ.

બ્હેનો! સ્ત્રીઓનું સર્વથી અમુલ્ય રત્ન તેમનું પતિવ્રત્ય છે અને શાસ્ત્રકારોએ પણ વખતો વખત વર્ણન કર્યું છે કેઃ—

शील भंगेतु नारीणां दोषास्तु बहवो नृपः ।
स्त्रीणां नैवतु विश्वासः कर्त्तव्यस्तु कदाचनः ॥

સ્ત્રી જાતિનું જો શિયલવ્રત ભંગ થાય તો, શ્રી કૃષ્ણપરમાત્મા યુધિષ્ઠરને કહે છે હે રાજન! તે સ્ત્રીને બહુ પ્રકારના દોષ લાગે છે, માટે સ્ત્રીએ પરપુરૂષનો વિશ્વાસ નહી રાખતાં પોતાનું શિયલવ્રત સદૈવ સાચવવું

शृणुनारद वक्ष्यामि सतीनां व्रत मुत्तमम् ।
कुरूपोवा कुवृत्तोवा सुस्वभावोऽथवापतिः ॥
रोगान्वितः पिशाचोवा क्रोधनोवाथ मद्यपः ।
वृद्धोवाप्यविदग्धोवा मूकोन्धोबधिरोपिवा ॥

सततंदेववत्पूज्यः साध्व्या वा कायकर्मभि ।
न जातुविषमं भर्तुः स्त्रिया कार्यं कथंचन ॥

ब्रहद् नारदीय पुराण अ. २१.

નારાયણ કહે છે હે નારદ મુનિ! પતિવ્રતા સ્રીઓને જે જે ઉત્તમ કર્તવ્ય કરવાના છે, તે તમને હું કહું છું પોતાનો પતિ કદરૂપો હોય, અથવા તો દુરાચારી હોય અથવા તો સારા સ્વભાવનો હોય, અથવા તો વ્યાધિવાળો ક્રુર કામ કરનારો કે ક્રોધી હોય, મદીરા પાન કરતો હોય, ઘરડો હોય, ચતુર ન હોય, મુંગો હોય અથવા તો બહેરો હોય તોપણ પતિવ્રતા સ્રીએ કોઈપણ દિવસ પોતાના ભર્તારને ખરાબ લાગે તેમ વર્તવું નહી; પરંતુ નિત્ય મન, વાણી તથા કાયાવડે દેવની પેઠે તેની પૂજા કરવી.

હે બહેનો વળી કહ્યું છે કેઃ—સ્રી પોતે સુરૂપા હોય, નવ યૌવના સંપન્ન હોય, ઘણી ચતુર હોય, તથા પંડિતા હોય, અને પુરૂષ પોતાથી કાંઇ વિલક્ષણ કે ગુણોએ અપૂર્ણ હોય તથાપિ પોતાના પૂર્વ કૃત્યના ફળ-રૂપ ભોગવવાને નિર્મીત પ્રારબ્ધાનુસાર માત પિતાએ શાસ્ત્રોકત બ્રાહ્મ વિવાહની રીતિએ જે પતિના હાથમાં કન્યાદાન કરીને હસ્ત અર્પણ કર્યો, તેનેજ ઈશ્વરરૂપ તથા પોતાની પરમ ગતિરૂપ જાણવો અને તેની સેવામાં

ઇષ્ટ બુદ્ધિ વડે તન, મન, ધન, મધુર વાણી અને સત્કર્માદિથી અહર્નિશ મંડયા રહેવું જોઇએ.

હે બહેનો ! લગ્ન વખતે સ્ત્રી પોતાના સાથે ઇષ્ટ બુદ્ધિથી રહેવા, તથા પતિનો દીર્ઘાયુ થવા તેમ તેના સંબંધિઓનો તથા તેનો અભ્યુદય થવા ઇશ્વર પાસે કેવી પ્રાર્થના કરી પરસ્પર સંમીલન રહેવા પ્રતિજ્ઞા કરી બંધાય છે તેનું રહસ્ય હું તમને ટુંકાણમાં કહી બતાવુ છું એ લક્ષમાં લેશો.

હે બહેનો ! લાજા હોમ વખતે સ્ત્રી, અગ્નિ દેવ સમક્ષ નીચે પ્રમાણે બોલી અગ્નિને ધાણીની આહુતીઓ આપે છેઃ—

(१)*ॐ अर्यमणंदेवं कन्या अग्निमयक्षत ।
सनोऽअर्यमादेवः प्रतोमुञ्चतुमापतेः स्वाहा ॥

(२)इयंनायुपब्रूयते लाजाना वपन्तिका ।
आयुष्मानस्तुमे पतिरेधन्तां ज्ञातयो मम स्वाहा ॥

* लाजाहोमेमन्त्रत्रय सूयं स्यावे क्षणसकन ।
भगाय वेदमंत्रोय कन्या पठति पंचकम् ॥
संस्कार भास्कर.

(३) इमाङ्लाजानावपाम्यग्नौ समृद्धि करण तव ।
मम तुभ्यं च संवदनं तदग्निरनु मन्यता मिय स्वाहा॥

અર્થ કે—(૧) આ કન્યા, મારે પતિથી કોઇ દિનસ વિયોગ ન થાય એવા હેતુથી અગ્નિ સ્વરૂપ એવા સૂર્યને પૂજે છે.

(૨) આ સ્ત્રી લાજ (ધાણી) ને ફેંકતી બોલે છે કે મારો પતિ આયુષ્યમાન થાવ અને મારી જ્ઞાતિ વૃદ્ધિ પામો.

(૩) વળી તેણી કહે છે કે, "હે પતિ ત્હારી સમૃદ્ધિને અર્થે હું અગ્નિમા લાજને ફેકુછુ અને મ્હારૂ ત્હારે સારૂ જે વશીકરણ તેને અગ્નિ અનુમોદન આપો (જે રીતે હું તારા ચિતને અનુકૂલ થઈ શકુ તે રીતમા અગ્નિ મને સહાય થાઓ)

ॐ तच्चक्षुर्देव हितं पुरस्ताच्छुक्रमुच्चरत् ।
पश्येम शरदः शतं जीवेम शरदः ॥

शत ऽँशृणुयाम शरदः शतं मब्रवाम शरदः
शतमदीनाः स्याम शरदः शतम्भूयश्च शरदः शतात्

વળી તેણી સૂર્યની પ્રાર્થના કરતા કહે છે કે "તે ચક્ષુ કે જે દેવોનુ હિત કરનાર પરિપુર્ણ શુકલ (નિરમલ) અને સર્વથી પ્રથમ પૂર્વ દિશામાં ઉદય પામનારૂં તેનુ ઉપસ્થાન કરીને અમે સો વર્ષ જોઇએ, જીવીએ, સાંભળીએ, કહીએ કેવલ સો વર્ષજ નહીં પણ સેંકડો વર્ષથી અધિક અમે જોઇએ.

વળી સાતપદિ વખતે દેવતાઓ સમક્ષ પતિ સાથે જોડાતાં નીચેની પ્રતિજ્ઞાથી કન્યા કબુલત આપે છે કેઃ-

सुख दुंखानिसर्वाणि त्वयासह विभज्यते ।
यत्र त्वं तदहं तत्र प्रथमे साब्रवीदिदम् (१)

कुटुम्ब रक्षयिष्यामि आ वृद्ध बालकादिकम् ।
अस्ति नास्ति च संतुष्टा द्वितीये साब्रवीदिदम् (२)

भर्तृ भाक्तिरता नित्यं सदैवप्रियभाषिणी ।
भविष्यामि पदे चैव तृतीये साब्रवीदिदम् (३)

आर्त्ते आर्त्ता भविष्यामि सुख दुःख विभागिनी ।
तवाज्ञापालयिष्यामि कन्या तुर्यपदे ब्रवीत् (४)

ऋतु काले शुचिस्नाताक्रीडिष्यामित्वयास ।
नाहंपरतरंयायां कन्या पञ्चपदेब्रवीत् (५)

इ हाथ साक्षिणो विष्णुर्नचत्वां वञ्चिताम्यहम् ।
उभयोः प्रीतिरत्यन्ता कन्याषष्टपदे ब्रवीत (६)

होम यज्ञादि कार्येषु भवामिच सहायिनी ।
धर्मार्थ काम कार्येषु कन्या सप्तपदे ब्रवीत ॥ (७)

इति कन्या मंत्र

સુવાસિની સ્ત્રીઓનું કર્તવ્ય.

કન્યા પ્રથમ પદ વખતે પુરૂષને કહે છે કે.—ત્હારી સાથે સુખ દુ:ખમા સાથે રહીશ અને જ્યા તું ત્યાં હુ રહીશ. ૧

વળી બીજા પદ વખતે કહે છે કેઃ—બાલકથી વૃદ્ધ પર્યંત તારા કુટુંબનું સંતોશથી રક્ષણ કરીશ. ૨

ત્રીજા પદ વખતે કહે છે કે.—નિરંતર પતિભકિત પરાયણ થઇશ તથા મધુર બોલનારી થઈશ ૩

ચોથા પદે કહે છે કે—ત્હારે દુ:ખે દુ:ખી થઇશ, સુખ દુ:ખમા સહ ભાગીની થઇશ અને તારી આજ્ઞા પ્રમાણે ચાલીશ. ૪

ઋતુ કાલથી શુદ્ધ થઇને સ્નાન કર્યા પછી ત્હારી સાથે ક્રીડા કરીશ ત્હારાથી અન્ય પુરૂષ તરફ નહી જાઉ એમ પાંચમા પદ વખતે બોલે છે. ૫

આ પ્રસંગમા વિષ્ણુને સાક્ષી રાખી કહું છું કે હું તને ઠગીશ નહીં અને આપણે બેની પ્રીતિ અત્યંત થાઓ એવું છઠા પદ વખતે કન્યા બોલે છે ૬

વળી સાતમા પદ વખત તે કન્યા કહે છે કે યજ્ઞયાગાદી કાર્યમા અને ધર્મ અર્થ તથા કામ સંબધિ કાર્યમાં હું ત્હારી સહાયની થઇશ ૭

ઉપર પ્રમાણે દેવતાઓ સમક્ષ સશાસ્ત્ર કીધેલી પ્રતિજ્ઞાઓ ભૂલી ન જતાં વહાલી બહેનો તમોએ તમારા પતિ સાથે જેમ તેનું મન પ્રફુલિત રહે તે મુજબ વર્તન

ચલાવવું એજ આર્યકુલ ભૂષણ મહિલાઓનું કર્તવ્ય છે. જુઓ આપણા પવિત્ર શાસ્ત્રમાં કહ્યું છે કે:—

पति प्रियहिते युक्ता स्वाचारा संयतेन्द्रिया ।
इहकीर्ति मवाप्नोति प्रेत्य चानुत्तमं सुखम् ॥

(याज्ञ वल्कय)

પતિનું પ્રિય કરવામાં તથા તેના હિતમા તત્પર રહેનારી, ઉત્તમ આચરણ અને જીતેન્દ્રિય એવી સ્ત્રી આ લોકમા કીર્તિ મેળવી પરલોકમાં અનુપમ સુખ મેળવે છે.

વળી કહ્યું છે કે:—

कोकीलानां स्वरो रुपं, स्त्रीणांरुप पतिव्रतम् ।
विद्यारुपं कुरुपणां, क्षमारुपं तपस्विनां ॥

કોકીલ પક્ષી કાગડાના જેવું કાળુ હોવા છતા મધુર સ્વરને લીધે સર્વને પ્રિય લાગે છે, એવી રીતે સ્ત્રીઓ પોતાના સત્ય પતિવૃત ગુણથી, પુરૂષો વિદ્યાથી, અને તપસ્વીઓ ક્ષમારૂપ ગુણથી જગતમા પ્રશંસા યોગ્ય ઠરે છે.

यस्मैदद्यात्पितात्वेनां भ्राताचानु मतेपितुः ।
तं शुश्रुषे तजावन्तं संस्थितंचनलङ्घयेत् ॥

मनु. अ. ५, १५१

સુવાસિની સ્ત્રીઓનું કર્તવ્ય.

પિતાએ અથવા તો પિતાની આજ્ઞાથી પોતાના ભાઇએ જેની સાથે પોતાના લગ્ન કર્યાં હોય તેવા ધણીની સ્ત્રીએ જીવતા સુધી સેવા કરવી અને મરણ પામ્યા પછી પણ તેની આજ્ઞાનો લોપ કરવો નહી

હે બહેન !

भर्त्तादेवो गुरुर्भर्त्ता धर्म तीर्थ व्रतानिच ।
तस्मात्सर्वं परित्यज्य पतिमेकं समर्चयेत् ॥

बृहन्नारदीय पुराण

સ્ત્રીને, દેવ, ગુરૂ, ધર્મ, તીર્થ, વ્રત જે કહીએ તે એક ભર્તાર જ છે, માટે સ્ત્રીએ સર્વનો ત્યાગ કરીને પોતાના પતિનું જ પૂજન કરવુ જોઇએ

पत्युराज्ञां विना नारी उपोष्य व्रतचारिणी ।
आयुष्यहरते भर्तुः सानारी नरकं व्रजेत् ॥

જે સ્ત્રી પતિ આજ્ઞા વિના ઉપવાસ, વ્રત કરે છે તે પોતાના પતિનુ આયુષ્ય ઓછુ કરે છે અને તે નરક ગામી થાય છે.

नास्तिस्त्रीणां पृथक्यज्ञो न वृतं नाप्युपोषणं ।
पतिसं सेवते यातु तेन स्वर्गे महियतेति ॥

સ્ત્રીઓએ પોતાનો પતિ જીવતા હોવા છતા તેથી જુદા કોઈ યજ્ઞ, યોગ, વા જપ, તપ, તીર્થ સ્નાન, દાન, વ્રત, ઉપોષણાદિ

કોઇ કર્મ કરવા નહી. પણ કેવળ સત્યવૃતિથી પતિની સેવા કરવી એટલાથીજ એને સ્વર્ગાદિ સુખ પ્રાપ્ત થાય છે

વળી:—

नदानैः शुध्यते नारी नोपवास शतैरपि ।
नतीर्थ सेवयातद्व इन्द्रर्तुः पादोद कैर्यथा ॥

चाणक्य नीति.

પતિવ્રતા સ્ત્રી પોતાના પતિનું ચરણોદક પીવાથી જેવી શુદ્ધ થાય છે, તેવી દાનો દેવાથી, સેંકડો ઉપવાસો કરવાથી તથા તીર્થોના સેવનથી પણ શુદ્ધ થતી નથી

હે બહેનો:—

कार्येषुमंत्री करणेषुदासी भोज्येषुमाता शयनेषुरंभा ।
धर्मानुकूलाक्षमयाधरित्री षाड्गुण्यमेतद्धि पतिव्रतानाम्

सारंगधर पद्धति.

પતિવ્રતા સ્ત્રીઓમાં નીચેના છ ગુણો સમાયલા હોય છે. તે કોઇપણ કાર્યના વિચાર વખતે મંત્રી તરીકે પતિને મદદ કરે છે ઘરના કામકાજમા દાસી તરિકે, ભોજન વખતે માની પેઠે, શયનમાં રંભાની પેઠે વર્તે છે. ધર્મના કાર્યમાં અનુકુળ રહે છે અને પતિનો અપરાધ થયો હોય છતાં પણ પૃથ્વીની પેઠે ક્ષમાને ધારણ કરે છે.

હે બહેનો! ઉપરનાં શાસ્ત્રનાં પ્રમાણોથી તમારી ધ્યાનમાં આવ્યુંજ હશે કે સ્ત્રી એ પતિની પ્રાણેશ્વરી અને આજ્ઞા ઉઠાવનાર દાસી છે. પતિનું મન પ્રફુલિત રાખવા તે બધાએલી છે તથા ધર્મ, અર્થ અને કામ એ ત્રણ કાર્યોમાં તે તેની ભાગીએણ–અર્ધાંગના છે.

હે બહેનો! પરણ્યા પછી વળી સ્ત્રી એક ઘરરૂપી રાજ્યની પ્રધાન બને છે, માટે તે વખતે તેણે બાલ્યાવસ્થાની જે કાંઇ ખોટી ટેવો હોય તે મૂકી દેઇ સલુકાઇથી સદ્વર્તનની ટેવો રાખવી ઘટે છે. ઘરની વ્યવસ્થા, સ્વચ્છતા, આરોગ્યતા, સુઘડતા વિગેરે રાખવાનું; તેમ એકંદર સુખના સાધનો એકઠાં કરવાનું કામ સ્ત્રીનું છે. પુરૂષનું કામ સુખના સાધનો પુરાં પાડવાનું છે અને ચાકર નફર ઉપર દેખરેખ રાખવી ખરચ ખુટણનો હિસાબ રાખવો વિગેરે કામ પણ સ્ત્રીઓનુંજ છે.

ગૃહ રાજ્યને દૃઢ કરવાનો રસ્તો પોતાના ઉપર સ્વામીનો વિશ્વાસ અને પ્રેમ વધારવા સાથ પતિના માનીતાં થવું તેજ છે. અને માનીતાપણું વધવાનું કર્તવ્ય તેની શુદ્ધ મનેથી સેવા કરવી તે છે.

હે બહેનો! સ્ત્રીની ખરી શ્રેષ્ઠતા અને ઘરરાજ્યનો આધાર પોતાના ધણીના માન ઉપર છે. અને જ્યાં સુધી પોતે સ્વામીની માનીતી થઇ નથી ત્યાંસુધી તેની જીંદગી પણ વૃથા છે.

હે બહેનો! સ્ત્રી સ્વામીના નામથીજ ઓળખાય છે. પતિની જે સ્થિતિ તેજ તેની સમજવી. પિતા રાજ્યાધિકારી હોય, પરંતુ પુત્રી તેના પદની અધિકારી થતી નથી. પતિની પદ્વીનીજ તે ભોક્તા થાય છે; માટે સ્ત્રીએ સ્વામીનું માન સાચવી તેની સ્થિતિને અનુસરવું તેજ તેના જીવનનું સાફલ્ય છે

હે બહેનો! અજ્ઞાન સ્ત્રીઓ પતિનોપ્રેમ પોતાના ઉપર નથી એવું સમજી, આજુબાજુની તેવીજ અજ્ઞાન સ્ત્રી (ધુતારીઓની) શીખવણીથી ધણીને વશ કરવા, ધંતર મંતર કરાવા ધુતારાઓને ઘેર જાય છે; અને ત્યાં તેઓ જે માગે છે તે ઘરમાંથી ચોરી લાવી તેમને આપે છે. એટલે એ ધુતારાઓ કાંઇક નામની વસ્તુ કરી આપે છે. જે ખવડાવેથી વખતે તેવી સ્ત્રીઓ પોતાના સ્વામીને ખોઇ બેસે છે. માટે સદ્ગુણી સ્ત્રીઓએ કોઈ પણ દિવસ

તેવા ખોટા વ્હેમને વશ ન થતાં ધુતારાઓના માર્ગ તરફ કદી દોરાવું નહીં. એવા યંતર મંતરના ઢોંગ કરવાથી કદી સ્વામી વશ થશે નહિ; કારણ તે સર્વ આ ભોળી દુનીયાને ભમાવી કમાઇ ખાવાના તે ધુતારાઓનાં જુઠા ડોળ છે. બીજું કાંઇ નથી.

હે બહેનો—પતિ વશ કરવાનો સહેલો ઉપાય તેના કહેવા મુજબ ચાલવું, તેને યોગ્ય માન આપવું; તેના પ્રત્યે ઉચ્ચ સ્વરે બોલવું નહીં; નઠારી સોબત કરવી નહીં, ક્રોધ, અહંકાર વિગેરે દુર્ગુણો તજવા, પર પુરૂષને ભાઇ બાપ સમાન ગણવો અને હંમેશાં સ્વામીમાંજ ભાવ રાખી તેની સેવા કરવી એજ સ્ત્રીઓના ભૂષણરૂપ સ્વામી વશ કરવાનો સહેલો અને સુખ રૂપ ઉપાય છે. તે શીવાય એવો ઉત્તમ એક પણ ઉપાય તમને મળવો બહુ કઠણ છે.

હે બહેનો! લખતાં, વાંચતાં, ભરતાં, કપડાં શીવતાં, વેતરતાં, સાંધતાં, મોજાં, ગલપટા, પુષ્પના અલંકારો વિગેરે ગુંથતાં, જુદી જુદી જાતના નકશીદાર નમુના, ચિત્ર, વિગેરે કોતરતાં; આયુષ વધારવાના ઉપાય વિગેરેની કેળવણી જો કે નિશાળોમાં આપવામાં આવે છે, પરંતુ

સાસરે આવ્યા પછી સ્ત્રીઓને જે જરૂર કરીને જાણવાની બાબત છે તે ત્યાં શિખવવામાં આવતી નથી. જેથી તે સબંધી હું તમોને સમજાવું છું. જે જાણવાથી તથા તે પ્રમાણે વર્તન કરવાથી સ્ત્રીઓને આ દુસ્તર સંસાર તરવામાં કદી અડચણ આવશે નહીં. અને પોતાની જીંદગી તેઓ સફલ કરી લેશે.

હે બહેનો! સાસરે આવ્યા પછી સ્ત્રીએ બોલવા ચાલવામાં છેક ઉછાછળાપણે નહીં વર્તતાં મર્યાદા ગ્રહણ કરવી. ઘરમાં અથવા ઘરની બહાર મલાઝાથી વર્તવું. દરેક વાત કહેતાં કહેતાં હસવું નહીં, પરપુરૂષ સામાં કુદ્દષ્ટિથી જોવું નહીં. અને પોતાના પતિ શીવાય બીજાઓને ભાઇ, બાપ, પ્રમાણે ગણવા. પતિનેજ આધાર, મિત્ર, તન, મન અને ધન સમજવો અને તેનાજ ઉપર નિર્મળ પ્રીતી રાખવી, તેની મરજી સાચવવી અને તેની આજ્ઞા પાળવી. કારણ સ્ત્રીઓનો ખરો ધર્મ પતિની સેવા કરવી અને તેની આજ્ઞામાં રહેવું એજ છે. જુઓ આપણા પવિત્ર પુજ્ય મહાત્મા શ્રી યાજ્ઞવલ્કય કહે છે કેઃ—

स्त्रीभिर्भर्तृवचः कार्यमेष धर्मः परः स्त्रियः ।

સ્ત્રીઓએ પોતાના ધણીનુ વચન હમેશા પાળવુ જોઈએ; કારણ કે તેમ કરવુ એ તેઓનો પરમ ધર્મ ગણાય છે.

વળી હે બહેનો ! સ્ત્રીઓએ પોતાના સ્વામીને મનુષ્યરૂપે પણ ઈશ્વર માનીને પૂજવો. પતિ કદી દુરાચરણી હોય, રોગી હોય, તો પણ તેની સેવા કરવી અને પ્રભુ પ્રમાણે માની ભજવો.

વળી જે સ્ત્રી સર્વ ઇંદ્રીયો વશ રાખી તન, મન અને કર્મથી પતિ સેવા કરે છે અને બીજી આકાંક્ષા રાખતી નથી તેજ પતિવ્રતા—સાધ્વી—સતી કહેવાય છે.

पतिव्रता पतिप्राणा सानारी धर्मभागिनी ।
शुश्रुषापरिचर्यां च करोत्य त्रिमनाः सदा ।

જે સ્ત્રી પતિવ્રતાને પતિ પ્રાણ છે, અને જે હમેશા બહુ આનંદથી પતિની સેવા ચાકરી કરે છે તેજ ધર્મ ભાગિની છે

હે બહેનો ! એ રીતે સ્વામીની સેવા કરવાથીજ સ્ત્રીઓ ઇચ્છિત ફલને પામે છે. જેનું ચિત્ત સદા સ્વામીને પ્રસન્ન કરવામાં છે; તે સ્ત્રી સ્વામીના પુણ્યનું અર્ધ ફલ ભોગવે છે.

હે બહેનો ! સ્ત્રીને સ્વામી એજ ગુપ્ત ધન છે, તેના વડેજ સર્વ વૈભવ ભોગવી શકાય છે, તેના વડેજ શણગાર શોભે છે, તેના વડે તેનું સૌભાગ્ય અખંડ રહે છે, તેનાથીજ તેને પુત્ર રત્નની પ્રાપ્તી થાય છે અને તેના વડેજ તેને આ લોકમાં સુખ અને પર લોકમાં પરમ સદ્‌ગતિ થાય છે.

આ સંસારમાં સ્ત્રીને પતિ એજ ગુરૂ જેવો સન્માર્ગ બતાવનાર, પિતા જેવો હિત કરનાર, માતા જેવો મમતા રાખનાર, વિશ્વાસ લાયક, પૂજ્ય, જીવનહાર, અને પ્રાણ સરખો પ્રિય છે. એવો અમુલ્ય લાભ આપનાર જે પતિ, તેની નિરંતર સ્ત્રીએ પ્રીતીથી સેવા કરવી, મર્યાદા રાખી માન આપી પૂજ્ય ગણુવો. તેને અપમાન કે તિરસ્કાર કદી કરવો નહીં.

હે સદ્‌ગુણી બહેનો ! પતિથી ભલે સ્ત્રી તિરસ્કાર પામે, માર ખાય; તો પણ તેના પરથી પ્રીતિ ઓછી કરવી નહીં કહ્યું છે કે:—

कलहो न विधातव्यः कलियांग्ये प्रियेस्त्रिया ।
भर्त्सिता निंदा तात्पर्थं ताडितापि पतिव्रता ॥

સ્વામી કજીઆ ખોર હોય, તિરસ્કાર કરે, નિંદા કરે, અગર તો માર મારે, તોપણ પતિવ્રતા સ્ત્રીએ કલેશ કરવો નહી

હે બહેનો ! પતિ બહારથી ઘરમાં આવે ત્યારે તેને સન્માનથી આસન આપી જલપાન કરાવવું. જુઓ, તેને માટે કહયું છે કેઃ—

क्षेत्राद्वनाद्वाग्रामाद्वा भर्तारं गृहमागतम्
प्रत्युत्था याभिनंदत, आसने नौदकेनच ॥

वृहन्नारदीय पुराण.

કોઈ કારણસર પતિ નગરમાં ક્ષેત્રમાં અથવા તો વનમાં ગયા હોય ત્યાંથી પાછા ઘેર આવે, તે વખતે તરત ઉઠીને તેને પ્રણામ કરવા તથા બેસવાને આસન અને ગોળ ને પાણી આપીને તેને કુશળ ખબર પુછવી

હે બહેનો ! પતિને દરરોજ નિયમસર ભાવતી રસમય રસોઈ કરી જમાડવી, તેના વસ્ત્રો હોય તે એવી વ્યવસ્થાથી ગોઠવી રાખવાં કે તેને જોઈએ ત્યારે શોધવાં પડે નહીં. વળી તેને પ્રિય, લાભકારી વાતો કરી મન ખુશ થાય એમ કરવું. તે રીસ કરે તો ધીરજ ધરી વચનામૃત વડે શાન્તિ કરવી. કોઈ દીવસ વાદવિવાદ કરવો નહીં, વખતે પતિની ભૂલ માલમ પડે તો તે પર પીશાચિનીની

પેઠે કદી પણ ગુસ્સો નહીં કરતાં ધીરજ રાખી શાન્તપણે યુક્તિથી સમજાવી કહેવી.

હે બહેનો ! ધર્મ પરણયણી સાધ્વી સ્ત્રીએ કદી પણ પતિના આગળ જુઠું બોલવું નહીં; તેમ કાંઈ કામ સારૂ કરવા જતાં બગડયું હોય તો તેનાથી છુપાવવું નહીં. તેનાથી વિશ્વાસઘાત કરવો એ મહા મ્હોટું પાપ છે, માટે પતિથી સ્ત્રીએ કોઈ દીવસ વિશ્વાસઘાત કરવો નહીં. તેનુ મન દુખાય એવું કોઇ પણ કામ કરવું નહીં. ઉંચે સ્વરે બરાડા પાડી બોલવું નહીં કોઈ સાથે ગાળાગાળીથી કુશબ્દો ઉચ્ચારી લડવું નહીં. હાષ્ય વિનોદથી સદા પતિનું મન સંતોષવું તેના ઉપર રૂમડા જેવું મોઢું ચઢાવી ફરવુ નહીં.

હે બહેનો ! ચઢેલા મોઢાવાળી સ્ત્રી ગમે તેવી ખુબ સુરત હોય તો પણ બદસુરત માલમ પડે છે. માટે તેવી રીતે નહીં વર્તવું જોઇએ.

હે ભગિનીઓ ! વિપત્તિ વખતે ધીરજ આપી દુઃખમાં ભાગીએણ થવું એજ લગ્ન કર્યાનું સાર્થક છે.

હે બહેનો ! લોકમાં નિંદા થાય એવું ખોટું કામ કદી આચરવું નહીં. તેમજ પતિ સબંધે શીયળવંત સ્ત્રીએ કદી શંકાશીળ થવું નહીં. આજુ બાજુના દુશ્મન લોકો પતિ પત્નીનો પ્રેમ જોઇ તે તોડાવા પ્રપંચ રચે, તે વખતે ખરા ખોટાનો ખ્યાલ કરવો પરંતુ એકદમ કોઇના ચઢાવ્યા ચઢવું નહીં તેમ કાચા કાન રાખી જેની તેની ખોટી વાતોપર આડફેટા દોરાઇ જવું નહીં.

હે બહેનો ! પતિ બહાર ગામ જવા નીકળે ત્યારે સ્ત્રીએ આંખમાં પાણી લાવી અમંગળ શુકન ઉચારવા નહિ. જુઓ તેને માટે આપણા શાસ્ત્રવેત્તાઓ કથી ગયા છેઃ—

प्रस्थानाभिमुखेपत्यौ नासन्मङ्गल भाषिणी ।
नवार्योऽसौनिषेधात्तयान कार्यरोदनं तदा ॥

बृहन्नारदीय पुराण.

પતિ બહાર ગામ જવાને નિકળે ત્યારે સ્ત્રીએ અપશુકનના વચનો બોલવા નહીં, તેમ તેને ના પાડીને જતાં અટકાવવો પણ નહીં તથા તે વખતે રડવુ નહીં.

હે બહેનો ! કુલીન સ્ત્રીએ કોઇ દિવસ સ્વતંત્રતાથી વર્તવું નહીં. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

बाल्येपितुर्वशेतिष्ठे त्पाणि ग्राहस्ययौवने ।
पुत्राणां भर्तरिप्रेते नभजेत्स्त्री स्वतन्त्रताम् ॥

બાલ્યાવસ્થામા પિતાને વશ રહેવું, જુવાનિમા સ્વામીને વશ, સ્વામી ગુજરી જાય ત્યારે પુત્રને વશ રહેવુ, પણ સ્ત્રીએ સ્વતંત્ર વર્તવુ નહીં

વળી કહ્યું છે કેઃ—

पिता भर्त्रासुतै र्वाऽपिनेच्छेद्विर हमात्मनः ।
एषांहि विरहेण स्त्री गर्ह्ये कुर्यादुभेकुले ॥

સ્ત્રીએ પોતાના માબાપ, ધણી અથવા પુત્રોથી કદાપિ જુદા રહેવું નહીં કારણ કે જ્યાર બધાંના તે ત્યાગ કરીને એકલી રહેછે ત્યારે જગતમા તેની કીર્તિ ઘટે છે અને પિયર તથા સાસરા એ બન્નેના કુળની નિંદા કરાવે છે,

હે બહેનો ! ઉપર આપણે ધર્મશાસ્ત્રાધારે વિવાહ વિધિ કહી ગયાં તેનો મુખ્ય ઉદેશ એજ છે કેઃ—પતિ અને સ્ત્રીએ પરસ્પરનાં હૃદય, પ્રેમરૂપી હીરની ગાંઠથી એવાં તો સજડ બાંધવાં કે ગમે તેટલી વિપત્તિ આવી પડે તોપણ તે છુટે નહિ. કહ્યું છે કેઃ—

तथा नित्यंयतेयातां स्त्री पुंसौतुकृतक्रियौ ।
तथा नाभिचरेतां तौविमुक्तावितरेतरम् ॥

मनु अ. ९—१०२

લગ્નના સબંધથી જોડાએલા સ્ત્રી પુરૂષના જોડાએ સદા સાવધ રહેવુ કે, રખેને એક બીજાનો વિયોગ થવાથી પરસપરમાં અભાવ ઉત્પન્ન થાય

હે બહેનો ! પતિને પ્રિય તે પોતાને પ્રિય અને તેને જે અનુકૂળ પ્રતિકુળ તેજ તેને થાય છે અને એમ થતાં પોતાના જીવની પણ દરકાર રહેતી નથી એવી નિષ્કંટકપણે પ્રેમ રાખી સદાચરણે ચાલનાર સ્ત્રીનો પતિ કદી પણ ખરાબ રસ્તે ચાલતો નથી. માટે પોતાનું સૌભાગ્ય ઇચ્છનાર સ્ત્રીઓએ પોતાના પતિપરજ અખંડ પ્રેમ રાખવો.

હે બહેનો ! બીજી સ્ત્રીઓ સાથે કદીપણ સદ્ગુણી સ્ત્રીએ બેહેનપણા કરવાં નહીં, કારણ તેમ થવાથી કોઇક વખત આપણા પતિવૃતને કલંક લાગવાનો સંભવ રહે છે. માટે તેના કરતાં પતિ સાથેજ મિત્રભાવ રાખવો અને તેનેજ દેવ, સ્વર્ગની ગતિ આપનાર સમજવો. હે

બહેનો ! જે સ્ત્રીઓ એ પ્રમાણે વર્તે છે. તે પોતાના ત્રણે કુળને દીપાવી પ્રભુને પ્રિય થાય છે.

હે બહેનો ! ઘરમાં જે કાંઇ વાત થઇ હોય, કોઇ કાર્ય પતિએ છાનું કર્યું હોય; અને તે છુપુ રાખવાનું હોય, તે સખીઓને તથા પાડપાડોશણો પાસે જઇ કહેવું નહીં. આપણા લોકોના રિવાજ પ્રમાણે સ્ત્રીઓ પાણી ભરવા જાય, દેવદર્શને જાય અથવા તો દિશાએ જાય એવે સમયે બીજી સોબતીલી સ્ત્રીઓ જેમ જેમ તેને ખીલાવી પૂછે તેમ તેમ પોતે ઘરની છાની વાતો પણ તે સ્ત્રીઓ આગળ પ્રગટ કરી દે છે. એ કુલટાનાં લક્ષણ છે. માટે સ્ત્રીએ ઘરની વાતો પર મ્હોડે કદી કહેવી નહીં.

હે બહેનો ! સદ્ગુણ સંપન્ન સ્ત્રીએ કદી જાહેર કાર્યોમાં ભાગ લેવો નહીં; કારણ તેવી વૃત્તિ રાખવાથી કોઇ વખત આપણી લાજ મર્યાદાને ધોકો પહોંચે છે.

હે બહેનો ! સ્ત્રીઓએ શિયળનું રક્ષણ કરતાં, પારકાની કપટ ચર્યા પારખતાં; સજ્જન દુર્જનને ઓળખતાં; પતિ પ્રદેશ જાય ત્યારે નીતિના માર્ગે ચાલતાં; સતી સ્ત્રીઓનાં ચરિત્રો વાંચી તેમાંથી ઉપદેશ ગ્રહણ

કરતાં, નઠારા પુરૂષોના વખતે ફંદામાં ફસાયાં હુઇએ તો તેમાંથી છટકતાં; ઉડતા રોગથી ઘરના મનુષ્યોને બચાવતાં, વસ્ત્રાભૂષણો સજતાં; પરોણા ચાકરી કરતાં, ચાકર સાથે વર્તતા તથા તેને પારખતાં, સાસુ, સસરો; દિયર, જેઠ, ભાઇ, ભોજાઈ, નણંદ વિગેરે સગાં સબંધીઓ સાથે વર્તતાં, સાસરે જતી સ્ત્રીઓને શિખામણ આપતાં, પતિ પ્રદેશ ગયેલ હોય ત્યારે લેવડ દેવડમાં હરકત ન પડે માટે સોના, રૂપાની પરીક્ષા કરતાં; બાળોપદેશ આપતાં, સૌભાગ્ય દર્શાક ચિન્હો ધારણ કરતાં, બહેનપણાં કરવામાં પ્રથમ તેની આબરૂ. ગુણ, જ્ઞાન, ચાલચલગત અને વિદ્યા વિગેરે સદ્ગુણો પારખી કહાડતાં; પર મનુષ્યની નિષ્ઠા વર્તતાં, પતિ સાથે તેના મિત્રો અગર કોઇ આવતા જતા સાથે બોલવાને અંકુશ રાખતાં, મુસાફરી વખતે રેલ્વે ગાડીમાં કોઇ શખ્સ તરફથી જુલમ કરવામાં આવે તો યુકિત તથા બળ ટેકથી શિયળનું રક્ષણ કરતાં; મુસાફરીના અગર અણધાર્યા પ્રસંગે પર પુરૂષ સાથે કામ પડે છે ત્યારે હરખ અથવા ગભરાટમાં છુટથી નહીં બોલતાં, તથા તેથી સાવચેત રહી પતિ સિવાય કોઈનો ભરૂંસો નહિ રાખતાં, તથા સૌને પોતાના ન

જાણતાં, સ્ત્રી યાચકો, સાધુડીયો, પતિત, હરામીદાનતની, નસિબ જોનારીઓ, ખરી દુરાચારિણી, અને રખડાઉ સ્ત્રીઓ (ઘેરેઘેર ફરનાર, ધોબણ, માળણ, દરજણ, મોચણ, ગુલામનો ધંધો કરનારી, વાલંદેણ, વિગેરે) ઓળખી કહાડી તેમના બોલવાથી તેના પાપી ફંદમાં ન ફસતાં શિખવું જોઇએ.

હે બહેનો ! પોતાનો ખરો શણગાર શામાં છે, તે સમજતાં, પતિને પ્રેમ સહિત મધુર વચનથી બોલાવતાં, મન બગાડ તરફ નહિ લલચાવતાં; સારી વાતમાં ચિત્ત લગાડતાં, ઘર શોભી નીકળે ને મન ખુશ થાય એવું શણગારતાં, પોતાના શિયળના પ્રભાવની મગરૂરી રાખતાં; પતિના પગ, હાથ, માથુ વિગેરે ચાંપતાં, પતિ શિવાઈ ગયેલ હોય અથવા પ્રદેશમાં ગયેલ હોય અને પોતાના ઉપર કાંઈ આફત આવે તો તેથી નહિ અકળાતાં સુખ દુઃખ સહન કરીને પણ તે આફતમાંથી મુકત થવા યુક્તિ પ્રયુક્તિથી યત્ન કરતાં—શિખવું જોઇએ.

હે બહેનો ! હજાર પ્રયત્ને પણ પતિવ્રત સાચવતાં; વ્હેમનો વિનાશ કરતાં, સંપ સંપત્તિ વધારતાં વિગેરે

ગુણો સાસરે જઇ સ્ત્રીઓએ ગ્રહણ કરવાથી તેણીઓ પતિની વ્હાલી થાય છે, અને એ પ્રતાપ વડેજ જગત્ તત્વ, ઈશ્વર તત્વ અને ધર્મ તત્વ વિગેરેનું જ્ઞાન થાય છે.

હે ભગિનીઓ ! સદ્ગુણ એજ સ્ત્રીઓનો શણગાર છે અને સતીત્વ લજ્જા. નમ્રતા, મોટું મન, ધર્મશીળતા, મર્યાદા, સર્વપર પ્રીતિ રાખવી, વ્હેલા ઉઠવું, મિતાહારી થવું, શાન્ત સ્વભાવ રાખવો. ઉદ્યોગી થવું, થોડું પણ મધુર વચન બોલવું, વિવેકથી વર્તવું, બીજાનું ભલુ ઇચ્છવું, કોઇની ગુપ્ત વાત બીજા આગળ કહેવી નહિ, કોઇ દિવસ કોઇનો વિશ્વાસઘાત કરવો નહિ, તેમ ઇર્ષા, ચાડી, કે નિન્દા કરવી નહિ પરોપકાર કરવો, કપટી થવું નહિ, કોઇ સાથે વેર કરવું નહિ, જરા વાતમાં નકામાં મિજાજ ખોઇ નાખી લડવું નહિ, સ્વામીની આજ્ઞા વિના બહાર જવું નહિ, સ્વતંત્રતાએ ચાલવું નહિ, પતિની આજ્ઞા વિના ઉપવાસ, વ્રત કરવાં નહિ, નાભી દેખાય એવી રીતે વસ્ત્ર પહેરવું નહિ, ચંચળ ચાલે ચાલવું નહિ. પતિ તથા તેના બંધુવર્ગ પ્રત્યે દ્વેષ કરવો નહિ, ઉઘાડાં ફરવું નહિ, એક વસ્ત્ર પહેરી ફરવું નહિ, ઉચાંકળા (ચોળી

વિના) રહેવું નહિ, પગની ઘુંટી સુધી વસ્ત્ર પહેરી રાખવું અંગ જુદાં પડિ દેખાય તેવી રીતે વસ્ત્રો પહેરવાં નહિ. વિગેરે તો સ્ત્રીઓના સ્વાભાવિક અલંકારો છે.

હે બહેનો ! પોતાના પતિની સ્થિતિ પ્રમાણે યોગ્ય અને જરૂરના અલંકારો સાથે સ્વચ્છ વસ્ત્રો પહેરી ઉપરનાં સ્વાભાવિક ભૂષણોથી પોતાના શરીરને શોભાવવું. હે બહેનો સુંદર વસ્ત્રો પહેરવાથી કાંઈ રૂપાળાં દેખાતાં નથી પરંતુ શરીરની સુઘડતા અને માથાના વાળ વિગેરે હોળી સાફ રાખવા એજ સ્ત્રીની સુંદરતા છે.

હે બહેનો ! હમેશાં જે મ્હોટાં, સારાં, અને કુલીન કહેવરાવી પ્રતિષ્ઠિત થવા ઇચ્છા રાખતાં હોય તેણે કોઈ દિવસ અહંકાર રાખવો નહિ, કારણ અહંકાર એજ સર્વ સદ્‌ગુણોનો નાશ કરનાર શત્રુ છે.

હે બહેનો ! નમ્રતા એ સ્ત્રીઓને ઉચ્ચપદ આપનાર ગુણ છે. કોઈએ આપણી નિન્દા કરી માટે તેના ઉપર ગુસ્સો રાખી વેર લેવા કરતાં તેને પ્રસન્ન મુખ રાખી મીઠાં વચન કહેશો તો તે ઉલટાં શરમાઈ તમારી નિન્દાનો તે જાતેજ પસ્તાવો કરશે.

હે બહેનો ! પરપુરૂષ સાથે અથવા કોઇ પણ સાથે રસ્તામાં ઊભાં રહી ઘણો વખત વાત કરવી નહીં. વખતે કોઇની સાથે બોલવાની જરૂર પડે તો નમ્રતા, સભ્યતા, મર્યાદા રાખી ન ગભરાતાં સમયને યોગ્ય થોડુ બોલવું.

હે બહેનો! દુરાચારીણી સ્ત્રીઓ દુર્ભાષણ કરે તો તેવાજ શબ્દોમાં તેને જવાબ આપવો નહીં.

હે બહેનો! હમેશ સત્ય વાત બોલવી, જુઠું કદી પણ બોલવું નહી ખસુસ કાંઇ ગુન્હો થયો હોય પરંતુ સત્ય વાત બોલવાથી તે ગુન્હો માફ થાય છે અને જુઠુ બોલવાથી એક તરફ ગુન્હાની સજા થાય છે અને બીજી તરફનું પાપ કરીએ છીએ અને તેથી પ્રતીષ્ઠા ઘટી બીજાના અવીશ્વાસુ થઇએ છીએ

સ્ત્રી કીંવા પુરૂષ કોઇ મળવા આવે તો તે વખતે તેને માન આપી બેસવાનું આપવું અને તે બેસે એટલે તેનાથી પોતે જરા દુર જઇ બેસવું તેને સામા ધારી-ધારીને જોવું નહીં કે જેથી સામાના દીલમાં તમારા માટે ખોટો વીચાર ઉત્પન્ન થાય. પરપુરૂષ સાથે કદી ઠઠા મશ્કરી કરવી નહીં અને પુરૂષ કાંઇ તેવું કરવા જાય તો ત્યાંથી ઉઠી તુરતચાલ્યાં જવું.

હે બહેનો! પતી પ્રદેશ ગયો હોય ત્યારે કોઇપણ માણસનો વીશ્વાસ ન લાવતાં તેને ઘરમાં ઘાલવુ નહી કારણ ચાંપરાજ દીલ્હી ગયો હતો તે તકે ફોઈબા અને ધુતારી માલણ શેરબેકના કહેવાથી તેવે રસ્તેજ સતી સોનરાણીને ઠગી ગઇ હતી અને તેવીજ તકનો લાભ લઈ સતી સીતાજીને રાવણ હરી ગયો હતો.

હે બહેનો! આપણો સ્વદેશી પોશાક અને રીવાજ કદી તજવો નહીં કારણ તે તજવાથી અને અન્ય દેશના રીવાજ, પોશાકથી આપણે કેવળ કઢંગા અને લોક રૂઢીથી અળગાં માલમ પડીએ છીએ.

હે બહેનો! આજકાલ ચાલેલા, પોલકાં, ખભુતર ખાના, લુસબઇ આદી નામની જુદી જુદી ફેશનની ટુંકી બાયોની ચોળીઓનો ચાલ બહુ નિન્દીત અને આપણા આર્ય દેશને નહી છાજતો છે તમારા મનમાં એમ આવશે કે તેથી તમે રૂપાળા દેખાવ છો પણ તેમાં તમારી ભુલ છે. પરદેશી અને પરજાતીનો પહેરવેશ પહેરવાથી આપણી જાતીનું આપણને વીસ્મરણ થાય છે અને એથી તમો મોરના પીચ્છાં ખોશી મોર બનેલા કાકપક્ષી

રૂપ માલમ પડો છો તમારી પ્રાચીન મર્યાદાનો ભંગ કરો છો અને વિદેશી લોકોના મનમાં તમો વેશધારી (બહુરૂપી જેવા) દેખાવ છો. એવુ પહેરવાથી તમો સુધરેલા કહેવાવા માગતા હો તો તે તમારી મતિ ફેર છે. એવી ફેશનથી થએલો સુધારો નથી પણ તે તો આર્યોને અંધારામા દોરી જનાર કુધારો છે. અહો! સુધરો સુધારો કહી આજકાલ તેવી સ્ત્રીઓ આર્ય ધર્મની કઇ પદ્ધતિ ગ્રહણ કરી સુધરેલા કહેવાવા માગે છે તે કાંઇ સમજાતુ નથી. આજકાલ સુધરેલા પક્ષમાં ખપતા જનોના મેલાવડાઓમાં તો જ્યાં ત્યાં આર્ય મહીલાઓ વિદેશી સ્ત્રીઓની માફક પરપુરૂષો સાથે છુટથી વાતો કરતી, હાથ મીલાવતી, તથા ઘણી વખત તો નાચ કરતી માલમ પડે છે વળી કેટલીક તો બુટ, મોજાં ને પોલકાં પહેરી અડધે માથે સાડી ઓઢી માથાના વાળ આગળ ગુચ્છા જેવા રાખી, હાથમાં રૂમાલ, છત્રી અને કેટલીકએક તો નાકે ચસમાં સુદ્ધાં ચડાવી ભભકાબંધ પહેરવેશમાં સજ થએલી માલમ પડે છે.

કહો બહેનો! ઉપરની આર્યાઓમાં આર્ય ધર્મમાં જણાવેલ સ્ત્રી ધર્મનીતીનો કીયો ગુણ તેઓ ગ્રહણ કરી

સુધરેલા કહેવાવા માગે છે (?) અરે તેઓ સુધરેલા નહીં પણ દેશમાં થતી વિદેશી ચીજો-રિવાજોને ઉત્તેજન આપી (સ્વદેશીને દુર ફેંકી દેવરાવનાર) આર્યહીત શત્રુ છે એમ કહીએતો અતિશયોક્તિ કહેવાશે નહીં.

હે બહેનો! એવા પ્રસરેલા સુધારા નહી પણ કુધારાજ જાણુવા. જુઓ એક લેખકે તેવા ડોળઘાલુ—નામના જ સુધારકો માટે કહ્યું છે કે—

પ્રસર્યો સુધારો દેશ કે આ કુધારો થાય છે !!
આર્ય શિશુ નીજ ધર્મ તજીને વિદેશી ચ્હાય છે—ટેક.

બાળક વયના બાળથી કરતા બાળ લગ્ન,
જોડું કજોડું જોયના વિપરીત થાયે વીઘન;
કન્યા તણો વિક્રય સદા તે પણ કરાય છે—પ્રસર્યો. ૧
વીધવા ધર્મ ન સાચવે કરની નિત વ્યભિચાર,
સધવા નારી સંચરે વશ કરવા ભર્તાર;
લોભી પ્રપંચી ફાવતા નહિ વારનાર છે—પ્રસર્યો. ૨
વેદ ગયો વટલાઇને પુરાણ ખોટાં થાય,
ધર્મકર્મ નહી આસ્થા બુટ પહેરીને ખાય;
ચીરૂટ વીના ચાલે નહી વાયુ ભરાય છે—પ્રસર્યો. ૩

અંગરખાં હુડતઈ ગયાં કોટ થયા કંપલીટ,
પાટલુન પહેરવાં ગમે ધોતરપર થઈ છીટ;
નાકે ચડયા ચસમાથકી માસ્તર કહેવાય છે—પ્રસર્યો ૪

જાતી ભેદ ન રાખતા વીધવા વીવાહ ચ્હાય,
ચાલહંસની કાગડો શીખતાં નીજ ભુલી જાય,
ધોબી તણા કુત્તા સમી ગતિએ તે જાય છે—પ્રસર્યો ૫

હે બહેનો! વળી હાલ જ્યાં ત્યાં પરદેશી પાટલીઓનો ચાલ વધુ પ્રસરી રહ્યો છે. સુધારાનું ડોળ ઘાલી ફરનાર કેટલીક આર્યાઓ તો ફકત એકાદ બંગડી કે પાટલી રાખતી હોય તો તેઓના પતિના પુરાં ધન્ય ભાગ્ય સમજવાં કારણ એમ ન સમજતીઓ હોય તો સૌભાગ્ય સુચક ચુડો તથા કુંકુમનો કપાળ વચ્ચે મોટો ચાંદલો તેને ઠેકાણે જીણી નજીવી બંગડી અને બે ભવાં વચ્ચે જીણી ટપકી તેઓ નથી કરતી ! અને તે સૌભાગ્યવંતી સ્ત્રીને તોછડું નથી લાગતું ! અલબત જાહેર મેલાવડામાં ભાગ લેતી તેવા વેશો લઈ ફરનાર સુધરેલી કહેવાડનાર આર્યાઓને આર્ય મહિલાનો જો તે દાવો કરતી હોય તો તે તેમને નહીં છાજતી રીતિ છે.

પ્રાચીન આર્યાઓ શિક્ષણ લેતી હતી પણ તેઓનું શિક્ષણ ધર્મનીતિ યુક્ત હતુ. જે શિક્ષણના પ્રતાપે તેઓની સુકીર્તી અદ્યાપિ પર્યંત આર્ય દેશમાં ઝગઝગાટ મારી રહી છે. તેઓ પોલકાં, મોજા, કે બુટ, ચસમાની શોખીન નહતી, તેમ પુરૂષોના જાહેર મેળાવડામાં પુરૂષોની માફક સ્વતંત્ર રીતે ભાગ લેતી નહતી, તેણીઓ વૃદ્ધ ઉપાધ્યાય પાસે શિક્ષણ લેતી અને સ્ત્રી સમાજ કદાચ ભરાતા તો તે ધર્મ મર્યાદા સચવાય તેવા ભરાતા, આજની પેઠે [1]પુરૂષ કિંવા સ્ત્રીઓની જાહેર સભાઓમા

(૧) યુરોપ જેવા સુધારાની ટોચ પહોંચેલા દેશના લોકો પણ સ્ત્રીઓને પુરૂષના જેવી સ્વતંત્રતાના હક્ક આપવા ખુશી હો એમ જણાતુ નથી. જુઓ તા ૨૧ એપ્રીલ ૧૯૦૬ ના રોજ [illegible] પારલામેન્ટમા ત્યાની સ્ત્રીઓએ ફીનેલી મેમ્બર થવાનો ઠરાવ નિષ્ફળ નિવડેલી જણાય છે. વળી મુંબાઈ કારપોરેશન સભામા સ્ત્રીઓને મેમ્બર કરવા સંબધિની દરખાસ્ત તેના વિદ્વાન મેમ્બર વર્ગે એકમત થઇ રદ કરી છે આ ઉપરથી મતલબ એજ સમજવાની છે કે શાસ્ત્રમા કહેલી મર્યાદા કરતા વધારે છુટ મેળવી પુરૂષોના મેળાવડામાં પુરૂષોની માફક દરેક રીતનો સ્વતત્ર હક મેળવવા ઈન્તેજારી કરવી એ સર્વ સ્થળે નિન્દિતજ છે

જ્યાં ત્હાં (ધર્મથી ઉલટી રીતે) સ્વતંત્ર રીતે માથા મારવાં જોઇએ તેવી તેઓ સ્વતંત્ર નહુતી આવી રીતની ધર્મ મર્યાદા સાચવીને પણ તેઓ જોઇએ તેટલું ગૃહ શિક્ષણ, ધર્મ શિક્ષણ, અને વ્યવહાર શિક્ષણ મેળવતી કે આજનું શિક્ષણ તેમના શિક્ષણ આગળ કાંઇ હીસાબ-માંજ નથી એમ કહીશું તો અયુકત કહેવાશે નહીં[૧]

---

(૧) મીના અને વેતરણી નામે બે બ્રહ્મવાદીની સ્ત્રીઓ હતી (ગરૂડ પુરાણ) આત્રેયી આત્મજ્ઞાની હતી અને તે [illegible] મેળવ્યું હતું (મહા ભારત)

મિથિલાધિપતિના દરબારના ગાર્ગીએ તત્વજ્ઞાન સંબંધી યાજ્ઞ-વલ્કય ઋષિ સાથે તર્કવિતર્ક થી વાદ કર્યો હતો સુલભા નામની એક સ્ત્રી દર્શન શાસ્ત્ર ઉત્તમ રીતે જાણતી હતી (મહાભારત) શબરી નામની તાપસી મહા તપસ્વી હતી (રામાયણ) અત્રિ મુનિની સ્ત્રી આત્રેયીએ વાલ્મિક પાસે અધ્યયન કરી અનસૂયાની પાસે વેદનો અભ્યાસ કરવા ગઇ હતી દેવી મૈત્રીએ પોતાના સ્વામી યાજ્ઞવલ્કયને ઇશ્વર સંબંધી પ્રશ્ન કરી તત્વજ્ઞાનનો ઉપદેશ મેળવ્યો હતો કર્દમ મુનિની સ્ત્રી દેવહુતીએ પોતાના દીકરા કપિલ પાસેથી તત્વજ્ઞાનનો વિષય પ્રાપ્ત કર્યો હતો (શ્રીમદ ભાગવત) અનુસૂયા ઘણા શાસ્ત્રને જાણતી હતી સીતાજીને તેણેજ બોધ દીધો હતો શકુન્તલાએ કણ્વના આશ્રમમા કેળવણી લીધી હતી દ્રોપદિ ચિત્ર વિદ્યા અને શિલ્પકાર્ય ઉત્તમ રીતે જાણતી હતી વિગેરે વિગેરે.

(ટો. સુ પુ ૧૦ અ ૧૧)

છતાં પણ તેમનો ઉત્તમ મનોભાવ એવો ધર્મચુસ્ત રહેતો કે જેની કીર્તિના વારંવાર બોધ.ર્થે આપણે યશોગાન કરે જઇએ છીએ.

અરે ક્યાં છે તેવી શિયળવંતી મહા સતીઓ! આજે તો જ્યાં ત્યાં વિચિત્ર રચનાજ માલમ પડે છે અને તેથી પવિત્ર આર્યભૂમિને આપણે મહા સંકટમાં નાખી દીધી છે. એક લેખકે આ વિષયને માટે લખ્યું છે કેઃ—

અવદશા આર્યભૂમિ તારી આ પ્રકટી શી રહી?
મૂકી નિજ ધર્મ બહુ વનીતાઓ વહી ગઈ ... અવદશા ૧

ક્યા છે સીતા, તારામતી, અનુસૂયા ગાર્ગિ રતી;
એવી સતીઓના જેવી ક્યા છે કૃતિ કોની કઈ! .. અવદશા ૨

સ્વાહા, સાવિત્રી દેવી, તથા પાંચાળી જેવી,
વશી દમયંતી કેવી પતિ સંગ વનમાં જઇ! અવદશા ૩

કર્મદેવી, કમળાવતી, દુર્ગાદેવી, વીરમતી,
કર્ણદેવી, પદ્મિણી જેવી સતીઓ સુરિકો દિસે નહિ અવદશા ૪

આજે તો હે હિન્દમાતા, કજોડા જ્યા ત્યા થાતા;
વેચે દુહિતાને પિતા દુષ્ટ જાહેર દામ લઇ .. અવદશા. ૫

વળી પ્રકટ્યો સુધારો, પુરો દિસે એ કુધારો;
કહુ શી વાત સૌ મર્યાદ દિસે ત્યાગ થઇ .. .. અવદશા. ૬

વળી થયા ધર્મ ઝાઝા, શાસ્ત્રની મૂકી માઝા;
રહ્યા વખણાતા તાજા, પ્રાચીન રીતિ ક્યાં ન રહી .. અવદશા. ૭

મઠી મહિલા સ્વદેશી, વેશ ધરતી વિદેશી,
પહેરે ચસ્માને સ્ટોકીંગ બુટ, ફરે જાહેર મહિ અવદશા. ૮
પ્રાચીન વિદ્યા ન રહી રૂઢી પણ ઉડી ગઇ.
જ્યા ત્યાં સઉ સ્વતંત્ર દિસે નામનો સુધારો ગ્રહી ... અવદશા ૯
પ્રભુ પ્રણમુ હુ પ્રીતે, ચાલે સઉ ધર્મ રીતે;
મતિ અવિદ્યોને જોડી હસ્ત જુગલ વિનતિ કહી અવદશા. ૧૦

હે બહેનો! બે માણસ વાત કરતાં હોય ત્યં જવું નહિ, તેમ તેની વાત છુપાઇને સાંભળવાની કદી ટેવ રાખવી નહીં. રસ્તામા ચાલતાં ચાલતાં આડાં-અવળાં નેણુ ફેકવાં નહિ, સોડીયુ વાળી સભ્યતાથી જરા આઘુ ઓઢી નિચી નજરે પોતાને રસ્તે સીધ ચાલ્યાં જવું. રાજમાર્ગ મૂકી ખુણેખાચરેથી એકલાં જવું નહીં.

હે બહેનો! તળાવ, નદી વિગેરે જાહેર ઠેકાણે કે જ્યાં પુરૂષોનો વિશેષ અવરજવર હોય ત્યાં અંગ ઉઘાડું રાખી કદી ધોવું કે સ્નાન કરવું નહીં એવી જગ્યાએ બેમર્યાદ રીતે કેટલીક સ્ત્રીએ ઉઘાડું શરીર મૂકી, કેટલીક સ્ત્રીઓ ચણીયા અને કાચળી અને કેટલી એક તો સાવ બેમર્યાદ રીતે એક ચણીયોજ પહેરી ધોવા અથવા સ્નાન કરવા મંડે છે એ કેવું અનીતિ ભરેલું

છે ?! આવા જાહેર ઠેકાણે કોઇ દિવસ સ્ત્રીઓએ ધોવા જવું પડે તો ઉપરની બેમર્યાદ રીતે કદી બેસવું નહીં. અને આવે ઠેકાણે કુલીન સ્ત્રીઓએ સ્નાન તો કદી પણ કરવુંજ નહીં.

હે બહેનો! રસ્તામાં થતા તમાશા જોવા અઢારે વર્ણ એકઠી થાય છે. માટે સદ્‌ગુણી સ્ત્રીઓએ તેવા તમાશા જાહેર રસ્તે થતા હોય અને ત્યાં આપણા ઘરની બારી પડતી હોય તો પણ ત્યાં ઉભાં રહી કોઈ દિવસ તે તમાશા જોવા નહીં.

હે બહેનો! કોઇ પણ અજાણી જગામાં, બજારમાં, પરઘેર કે પરપુરૂષ સાથે એકલાં જવું નહીં. અને ખાસ જરૂર હોય તો પોતાના સગા કે વિશ્વાસુ મનુષ્યને સાથે લઇ જવું, પરંતુ ખરી અગત્ય શિવાય કોઇ દિવસ રાત્રીને વખતે સ્ત્રી જાતીએ કયાંઇ પણ એકલાં જવું નહીં.

હે બહેનો! સ્ત્રી જાતિએ અંતઃકરણ શુદ્ધ રાખી દરેકપર દયા દૃષ્ટિ રાખવી. અંદરખાનેથી મલીનતા રાખનારની બહારની શુદ્ધતા નકામી છે.

સુવાસિની સ્ત્રીઓનું કર્તવ્ય.

હે ભગિનીઓ ! કુલીન સ્ત્રીઓએ કોઈ દિવસ જાહેર મેળાવડામાં જોવા તેમ પરશેરીએ ગરબા ગાવા જવું નહિ.

હે બહેનો ! સમાન યોગ્યતાવાળી સ્ત્રી શિવાય કદી પણ કોઈ સ્ત્રી સાથે મિત્રતા કરવી નહીં; કારણ નઠારી અને હલકા કુળની સ્ત્રીઓની સોબત માઠી અસર કરનાર છે. જેથી વઠકારી, ખરાબ ચાલની, વહેમી, અકુલીન સ્ત્રીની કદી પણ સોબત કરવી નહીં.

•

જુઓ મહાભારતના વનપર્વના અધ્યાય ૨૩૩ માં કહ્યું છે કેઃ—

महाकुलीनाभिरपापिकाभिः
स्त्रीभि सतीभिस्तवसख्यमस्तु ।
चंडाश्च शौंडाश्च महाशनाश्च,
चौराश्च दुष्टाश्चपलाश्च वर्ज्याः ॥

હે બહેનો ! પુરૂષની પઠે તમારે પણ ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયલી અને પવિત્ર આચરણવાળી પતિવ્રતા સ્ત્રીઓની સાથેજ મિત્રાચારી કરવી તથા ક્રૂર, કજીયામાં કુશળ, ઘણું ખાનારી, ચોર, દુષ્ટ, અને ચપળ સ્ત્રીઓનો ત્યાગ કરો.

હે બહેનો! ક્રોધ, ઇર્ષા કે દ્વેષ સ્ત્રીઓએ કોઇ દિવસ પણ રાખવો નહિ, કારણ એ ગુણો એ કટ્ટા શત્રુ બરાબર છે. અને એક વખત જો એ વળગે તો પછી નીકળવા મુશ્કેલ પડે છે. જેનું છેવટ વિનાશનું ફળ પ્રાપ્ત થાય છે.

હે બહેનો! આ જગતમાં સર્વને માન અને મોટાઇ પૈસાથી પ્રાપ્ત થાય છે, માટે સ્ત્રીઓએ ઘરખરચમાં જેમ પૈસાનો ઓછા ખરચ થાય એમ કરકસર કરવી એ તેની મુખ્ય ફરજ છે.

હે બહેનો! આડોશી પાડોશી પાસે અથવા કોઇની પણ પાસે ઉછીનું લેવાની ઘણી જરૂરીયાત શિવાય નકામી ટેવ પાડવી નહીં તેમ પતિથી છાનું તો કોઇ દિવસ કોઇની પાસે ઉછીનું લેવુંજ નહીં. સુકોપાકો મઠ બાજરીનો જે રોટલો મળે તેથી સંતોષ માનવો પરંતુ કરજરૂપી દુશ્મનનો કદી સંસર્ગ કરવો નહીં.

હે બહેનો! હમેશ કોઇના દિવસ સુખમાં જતા નથી. વિપદ્‌રાશિ સર્વના માથા ઉપર ઝુમે છે. માટે તે વખતે ધીરજ રાખી ચાલવું એ પણ એક મ્હોટાઇનું લક્ષણ છે. સુખ દુઃખ કોને નથી? સૌને છે માટે સમજુ

જનોએ તેને કદાપી શોક કરવો નહીં. ઇશ્વર ઇચ્છા પ્રમાણે જે બનવનુ હોય છે તે બને જાય છે. મનુષ્યે તેમાં હાયવરાળ કરવાથી કાંઇ વળતું નથી. પરંતુ તે વખતે ધૈર્ય રાખી પતિનો અનાદર નહિ કરતા પોતાનું સતીત્વ જાળવી રાખી પ્રભુને દીલમાં યાદ લાવી સંકટ સહન કરવુ અને તેમાથી છુટવા ઇશ્વરની કૃપા માગી યોગ્ય ઉપાય યોજવા એજ સતુન્ય છે

હે બહેનો ! સ્ત્રીની નેકી પોષ્ટની ટીકીટ બરાબર છે એકજ કાલો ડાઘ તેના સતતરને નાશ કરનાર છે એ બહુ સાવચેતીથી યાદ રાખવુ.

હે બહેનો ! સ્ત્રીની તંદુરસ્તીજ તેની સાદર્યતા છે. માટે શરીરની તદુરસ્તીને જાળવી રાખવી એ દરેકની પહેલી ફરજ છે. ટાઢો, કટાયલો, વાશી ખોરાક નાખી દેવો પડશે એ લાલચે કદી ખાવો નહીં અને શરીર સ્વચ્છ રાખી ખુલ્લી હવા લેવી

હે બહેનો ! સાસારિક બાબતોમાં આ દેશમાં દાંત રંગવાને કઢંગો ચાલ બહુ વધી પડયો છે અને તેથી કરીને દાંત દોદળા થઇ જાય છે. અને કાંઇ ખટાસ વિગેરે ન ખવાતાં વ્હેલા હાલી ઉઠે છે. માટે સદગુણી

સ્ત્રીઓએ તેવો નુકશાનકારક ચાલ ત્વરાએ દુર કરવો જોઇએ.

હે બહેનો! સંધ્યા સમયે માથુ ઓળવું નહિ તેમ તે વખતે ઘરમાંથી કદી વાશીદુ કહાડવું નહીં.

હે બહેનો! સાસુ, નણંદ, જેઠાણી, જેઠ, દીયર, દેરાણી તથા સાસરા વિગેરે સગા સંબંધિઓ સાથે સંપથી વર્તવું. કદીપણ દ્વેષ અથવા રાગ કરવો નહીં. અન્યોઅન્ય લડી કુસંપ બતાવી એકમેકમાં વેરભાવ ઉત્પન્ન કરવાથી સદ્ગૃહસ્થના ઘરને મ્હોટું કલક લાગે છે. માટે કદી કોઇનો વાંક પડયો હોય તો પણ સમાધાન કરી સંપી જવું એજ ઉત્તમ કુળમાં પેદા થયાનું ઉત્તમ કર્તવ્ય છે.

હે બહેનો! નિંદા એપણ કેટલીક સ્ત્રીઓમાં મોટો દોષ હોય છે, કેટલીક સ્ત્રીઓને તો બીજાની નિંદા કીધા વિના અને સાચાં જુઠાં કરી ટંટો કરાવ્યા વિના ખાવાનું પણ ભાવતું નથી. પણ નિશ્ચય જાણવું કે તે મહાપાપ છે, એટલુંજ નહિ પણ નિન્દા કરનારની આબરૂ લેશ માત્ર પણ રહેતી નથી. અને તેનો ભાર-

વકકર પણ ઓછો થાય છે. માટે સદ્ગુણ ગ્રહણ કરવા ઈચ્છનાર સ્ત્રીઓએ તેવા ખરાબ ગુણો દૂર કરવા.

હે બહેનો ! આપણામાં લગ્ન જેવા શુભ પ્રસંગમાં સીતાસ્વયંવર, ઈશ્વરવિવાહ, રૂક્ષ્મિણીવિવાહ, આદિ માંગલિક ગીતો ગાવાને બદલે હોળીના વખતમાં પુરૂષોમાં ચાલતી અયોગ્ય રીતિની માફક સ્ત્રીઓને મોઢે નહિ સાંભળી શકાય તેવા ધિક્કારવા લાયક ફટાણાં ગાવાનો ચાલ પડયો છે. એ રીવાજ ઘણોજ બેમર્યાદ અને આર્ય મહિલાઓને હાણ કરતા છે માટે સારા કુળની સદ્ગુણી સ્ત્રીઓએ આવા દુષ્ટ રિવાજને છાંયડે પણ ઉભા રહેવું એ મહાપાતક છે.

હે બહેનો ! જોકે પરણ્યા પછી તો બાળપણનાં વ્રત કરવાંજ નિષેધ છે તેમ છતાં, મોટી મોટી સ્ત્રીઓ ગૌરીપૂજનના દિવસોમાં ન સાંખી શકાય એવા બીભીત્સ ગીતો ગાય અને કુટે અને પુરૂષો તે ઉભા ઉભા સાંભળે અને જુએ એ ચાલ થોડો નિન્દિત છે ? માટે તેવા દુષ્ટ રિવાજોનો જેમ બને તેમ અટકાવ કરવો એજ ઉત્તમ સ્ત્રીઓનું કર્તવ્ય છે.

હે બ્હેનો ! રડવા, કુટવાનો બુરો ચાલ પણ આપણી ન્યાતોમાં ઘણો પ્રસરી રહ્યો છે પરંતુ તે રૂઢીના મુળ ઉંડાં પેઠેલાં હોવાથી સમજુ માણસોએ પ્રસંગાનુસાર તેને ધીમે ધીમે ખસેડવા પ્રયત્ન કરવો જોઇએ. હે બ્હેનો ! જ્યારે આપણે જાણીએ છીએ કે મુવેલું માણસ પાછું આવતું નથી ! તો પછી નકામો કલેશ કરી પોતાના તનની શામાટે ખરાબી કરી લેવી ? માટે સમજુ સ્ત્રીઓએ એ બાબત ખસુસ વિચાર પુર્વક ધ્યાનમાં લેવી જરૂરની છે. જુઓ ગરૂડપુરાણમાં પ્રેતમંજરી ભાગમાં લખ્યું છે કે,

श्लेष्माश्रुबान्धवैर्मुक्तं प्रेतोभुंक्तेयतोऽवशः ।
अतोनरोदितव्यंहिक्रियाः कार्याः स्वशक्तितः ॥

' મરનારની પાછળ તેના સગાવહાલા જે શ્લેષ્મ અશ્રુ નાખે છે તે મરનારને ખાવા પડે છે, માટે પાછળ રૂદન નહિ કરતા પોતાની શક્તિ પ્રમાણે તેના ઉદ્ધાર થવા દાન ક્રિયા કરવી એજ સહુથી ઉત્તમ છે

હે બ્હેનો ! સારી સ્ત્રીએ ઘંટી, ખાણીયા ઉપર કદી બેસવું નહીં.

કહ્યુ છે કે:—

नोलूखले न मुसलेनवर्धिन्यांदपद्यापि ।
न यंत्र केऽपिदेहल्यां सतीचोपाविशेत् कचित् ॥

પતિવ્રતા સ્ત્રીએ ખાંડણીયાપર, મુસળ ઉપર, સાવરણીપર, ગાંધ વિગેરે વાટવાની શિલાપર, ઘંટના ઉપર અથવા તો પોતાના મકાનના દરવાજાના ઉંબરા ઉપર કદી બેસવું નહી

હે બહેનો!

नैकाकिनी कचिद्‌ गच्छेन्ननग्नास्नानमाचरेत् ।
भर्त्तृविद्वेषिणी नारी साध्वीनो भावयेत् कचित् ॥

પતિવ્રતા સ્ત્રીએ કોઇપણ જગાએ એકલા જવુ નહી વસ્ત્ર પહેર્યાં વિના નહાવુ નહી, પરંતુ વસ્ત્ર પહેરીને નહાવું તથા પોતાના પતિનો દ્વેષ કરનારી દુષ્ટ સ્ત્રીઓ સાથે કદી વાત કરવી નહી

વળી કહ્યુ છે કે:—

उत्सवादिषु वंधूनां सदनं यदि गच्छति ।
लब्ध्यानुंज्ञातदापत्युर्गच्छेद्‌ध्यक्षरक्षिता ॥
न वसेत् सुचिरंतत्र प्रत्यागच्छेन्दृहं सती ॥

જ્યારે કોઇ કાંઇના સારા દિવસોમા માબાપને ત્યા જવુ પડે ત્યારે સ્ત્રીએ ધણીની રજા લઇ ચાકરને સાથે લેઇને જવુ ત્યા પણ ઘણો વખત રહેવુ નહી પરતુ કામ થઇ રહે એટલે પાછું પોતાને ઘેર ચાલ્યા આવવુ.

હે બહેનો! પતિના ચરણોદકનું પાન કરવાથી સ્ત્રીઓને તીર્થમાં સ્નાન કરવું વળે છે કહ્યું છે કેઃ—

तीर्थस्नानार्थिनी नारी पतिपादोदकं पिबेत् ।
शंकरादपि विष्णोर्वापतिरेकोधिकः स्त्रियाः ॥

જે સ્ત્રીને તીર્થમાં સ્નાન કરવાની ઇચ્છા થાય, તો પતિના બન્ને ચરણ ધોઇને તે જળ પીવું કારણ કે પતિને શંકરના અથવા વિષ્ણુના કરતા પણ અધિક કહેલો છે

હે બહેનો ! પતિવ્રતા સ્ત્રીઓમાં નિચેના છ ગુણો સમાયલા હોય છે.—

कार्येषुमंत्री करणेषुदासी, भोज्येषु माता शयनेषु रंभा ।
धर्मानुकूलाक्षमया धरित्री, षाड्गुण्यमेताद्धिपाति व्रतानम्

કોઇ કાર્યના વિચાર વખતે મંત્રી તરીકે પતિને મદદ કરે છે, ભોજન કરવાની વખતે માતાની પેઠે વર્તે છે શયનના રંભાની પેઠે વર્તે છે ધર્મના કાર્યના અનુકૂળ રહે છે અને પતિના અપરાધ થયા છતા પણ પૃથ્વીની પેઠે ક્ષમાને ધારણ કરે છે.

હે બહેનો! આજકાલ વ્હેમ જાળ બહુ પથરાઇ રહી છે. બોલવામાં વ્હેમ, ચાલવામા વ્હેમ, પાણી પીવામાં વ્હેમ, ખાવામાં વ્હેમ, ભૂત પ્રેતના વ્હેમો એ

તો સ્ત્રીઓમાં ઘણો વધારો કરી દીધો છે. માટે તેવા અગણીત વ્હેમો રાખવાથી તે દૂર કરવા જતાં ધૂતારા, જોગી, જતી, ભૂવા, વેરાગીને પૈસા પડાવવાની તક મળે છે અને વખતે તે ઢોંગીલાઓના કહેવાપર ઇતબાર રાખી કેટલીક દોલત સાથ સ્ત્રીઓ પોતાનું શિયળ ભંગ કરી કલંકીત થાય છે. માટે કુલીન સ્ત્રીઓએ આવા ખોટા વ્હેમને કદી ગ્રહણ કરવાજ નહી

હે બહેનો! આપણા પવિત્ર શાસ્ત્રમાં જેમ પુરૂષોના ધર્મ કહેલા છે, તેમ સ્ત્રીઓના ધર્મ પણ કહેલા છે. શાસ્ત્રમાં કહેલા ધર્મ પાળવાથી કાંઇ નુકશાન થતું નથી. અથવા પોતાના સાંસારિક કામમા વિઘ્ન થતું નથી, પણ ઉલટું તે સુલલિત રીતે ચાલે છે. દરેક મનુષ્ય પોતાનો બીજા પ્રતિ શો ધર્મ છે? તે સમજીને આચરણ કરે તો તે મનુષ્ય પોતાનું જીવતર સુધરીને પોતાના ગસંગમાં આવનાર મનુષ્યોને પણ લાભ કરે છે એમ છતાં પણ મનુષ્ય જે પોતાના ધર્મ પાળતા નથી તેમા માત્ર તેમનો પ્રમાદ છે, અથવા વિષયો તરફનું અયોગ્ય ખેંચાણ છે. સ્ત્રીઓ જ્યારે પોતાનો ધર્મ બરાબર સાચવે છે ત્યારે તે સાધ્વી સ્ત્રી અંબિકાની પેઠે પ્રકાશે છે.

તેના મુખ ઉપર સૈભાગ્ય અને પવિત્રતા વરસી રહે છે. તેની ધર્ષણા કરવાને કોઇ હિંમત કરી શકતું નથી તેના ઘરના સર્વે મનુષ્ય તેની મર્યાદા રાખે છે, નાનાં મોટાં સૌ તેનાં વખાણ કરે છે, નાતજાતમાં તેની યોગ્યતા વધે છે, પડોશીઓમા તેના ગુણોના દાખલા લેવાય છે, તેનાં પોતાનાં છોકરા અશક્તિ, ધર્મશીળ, ઉદાર અને માતપિતાની ભક્તિ કરનારાં થાય છે, તથા મોટપણે તેઓ ઉત્તમતા પામે છે, તેનો સ્વામી તેના પ્રતિ પ્રેમથી જુએ છે, તથા પોતાને તેના સ્પર્શથી ભાગ્યશાળી માને છે. કદાચિત્ સ્વામી દુરાચારી હોય તથાપિ પોતાની પત્નીના ધર્માચરણથી તેનું હૃદય કોમળ થઇ તે સુધરે છે. સુવાસિની સ્રીઓ પોતાનો ધર્મ પાળે, તેનો આટલો મહિમા છે! એમ છતાં હે બહેનો! એવી કઇ સ્રી હશે કે જે પોતાનો ધર્મ પાળવામાં આળસ કરશે ?! અજ્ઞાન બિચારી સ્રી, તેવો ધર્મ પાળવાનું ફળ કદાચ સમજતી નહિ હશે અથવા બીજી સામાન્ય સ્રીઓને સ્વધર્મથી વિરૂદ્ધ આચરણ કરતી જોઇને પોતે પણ તેવી થવા ઇચ્છા રાખતી હશે, તો તેને મેં ઉપરનો જે ઉપદેશ કહ્યો તે જરૂર ધ્યાનમાં રાખવા ભલામણ કરૂં છું.

સ્ત્રીઓએ જે જે ધર્મ પાળવાના છે, તે કાંઈ ન થઈ શકે એવા કઠણ નથી અથવા તે પાળવ માં કાંઇ છોડી દેવું પડે કે તપ કરવું પડે, તેમ નથી, જેનુ મેં સક્ષેપમાં ઉપર વર્ણન કરી બતાવ્યું છે તે તમારી ધ્યાનમાં હશે !

હે બહેનો ! ઉપરની રાતે સુવાસેણ સ્ત્રીઓના શસ્ત્રોક્ત સનાતન ધર્મો મેં તમોને કહ્યા, તે સંસારરૂપી સાગરમા પાર ઉતરવા માટે સ્ત્રીઓને ઉત્તમ નૌકાની ગરજ સારનાર છે.

હે બહેનો ! આ વિષયના સબંધમાં એક કવિએ એક ઉત્તમ કવિતા પ્રગટ કરી છે જેનુ તમોને ભાન કરાવી આ પ્રકરણ સાથે આજનો દિવસ આપણે પૂર્ણ કરીએ સાંભળો; તે ધડો લેવા લાયક કવિતા એ છે કે:-

*સખીયો નિજ નિજ નીતિ ધર્મ સદા સભાળીએરે,
પરમ પવિત્ર પતિવ્રત પટકુળ કરી પરિધાન,
સાસુ સાસરા માત પિતાની સેવા સાચવોરે,
ભાવ સહિત ભક્તિથી નિત ભજીએ ભગવાન-
એવા ઉત્તમ ગુણથી ઉભય સુકુળ અજવાળીએરે—ટેક.
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ,
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ

* સગીત લીલાવતી—રાગ પુનમ ચાદની ખીલી પુરી અહિંરે

હસવુ, રમવુ, જમવુ એકાન્તે નવ બેસવુ રે,
પતિ વિણ પતિના પણ સન્ મિત્રોની સગાથ—એવા ઉત્તમ
નાથ વિના કરવી નહિ, વિનોદ ક્રીડા વાત,
વિશ્વ વિરૂદ્ધ ન વર્તવુ, ભલે તાત કે ભ્રાત
સજની ભ્રષ્ટ થવુ નહિ સુંદરી સદ્ આચારથી રે,
નિર્લજ નટખટની સોબત તજવી સુજાત—એવા ઉત્તમ
કુષ્ટિ, કદ્રૂપ કુબડો, નિર્ધન નિર્બળ કાય,
મતિ હિણ પતિત પતિ મળે, એ સતીને સુરરાય,
જોટી પગ અંગુઠે દૃષ્ટિ આપુ આટીએ રે,
સુખકર સાચવીએ સૌ સાથે સપ સદાય—એવા ઉત્તમ
ઉંચે સ્વરે નવ ઉચરવ, મૂર્ખાને મરજાદ,
કુલીન બહેન કરવા નહિ, વડીલથી વિવાદ
ચચળ ચાલે ચટક મટક ચતુરા નવ ચાલીએ રે,
શિવ સુત કેશવની શિખામણ અતર યાદ—એવા ઉત્તમ

દિવસ ૫ મો.

ગૃહકાર્ય.

હે બહેનો ! આજે હું તમને હવે સ્ત્રીએ ગૃહની અંદર કેવી વ્યવસ્થા તથા સુઘડતા રાખવી એનું કર્તવ્ય

સમજાવું છું; કારણ શાસ્ત્રમાં કહ્યું છે કે:—

न गृह गृहमित्याहु गृहिणी गृह मुच्यते ।
गृहं तु गृहिणीहीन मरण्य सदृशं भवेत् ॥

शांतिपर्व अ. १४४

વિદ્વાનો ઘરને ઘર નથી કહેતા પણ ગૃહિણી (સ્ત્રી)ને ઘર કહે છે. ઘર સુંદર હોવા છતા પણ તે તે સ્ત્રી વિનાનું હોય છે તો અરણ્ય સરખું થઇ પડે છે.

હે બહેનો ! કલ્પદ્રુમ નામના ગ્રંથમાં કહ્યું છેકે:-

बुद्धा ब्राह्मे मुहुर्ते निजपतिचरणौ संप्रणम्यास्यमस्य ।
प्रेक्ष्य प्रेम्णाथनैनं शुभ मुकुरतले भुमि मभ्यर्च्य पत्नी॥
प्रातःस्मृत्यादि कृत्वा पतिपरिचरणं संविधायैववेणीं।
संरच्या धायभाले तिलकमथगलाधो निमज्जेत्सभूषा ॥

એ બહેનો ! એ પ્રમાણે પતિવ્રતા સ્ત્રીએ મોટે પરોઢીએ જાગવું, સ્વામીના ચરણમાં પ્રણામ કરી પ્રેમથી તેનું મુખારવિંદ જોવું. પછી તેણે આરસામાં પોતાનું મુખ જોવું. ત્યાર પછી તેણે પૃથ્વીનું અર્ચન કરવું. અને નિચે પ્રમાણે પતિ સ્તવન કરવું.

पतिर्ब्रह्मा पतिर्विष्णुः पतिरेव महेश्वरः ।
पतिश्चनिर्गुणाधारो, ब्राह्मरुप नमोस्तुते ॥
क्षमस्व भगवन्दोषं ज्ञाना ज्ञानकृतं चयत् ।
पत्नीबधोदयाम्रिधो दासी दोषं क्षमस्वमेः ॥

એ પ્રમાણે પતિ સ્તવન કીધા બાદ નીચે પ્રમાણે સતી નામ સ્મરણ કરવું કે —

अहल्या द्रौपदीः सीता, तारा मंदोदरी तथा ।
पंचनाम स्मरेन्नित्यं, महापातक नाशनम् ॥
उमा उशाच वैदेही, रमा गंगेति पंचकम् ।
प्रातरेव पठेन्नित्यं, महापातक नाशनम् ॥

હે બહેનો ! શુક્ર નીતિમાં પણ કહ્યુ છે કેઃ—

पत्युः पूर्वसमुत्थाय देहशुद्धिं विधाय च ।
उत्थाप्य शयनीयानि कृत्वा वेश्म विशोधनम् ॥

સ્ત્રીએ પોતાના પતિની અગાઉ ઉઠી, દાતણ પાણી કરી, મુખ ધોઇ શરીર શુદ્ધ કરવું અને પલંગ, પથારી વિગેરે ઉપાડી ઘરને વાળી ઝાડીને સાફ કરવું.

હે બહેનો ! એ પ્રમાણે સ્ત્રીએ દરરોજ વર્તવું તથા પંદર પંદર દિવસે કે એથી ઓછી મુદતમાં પુર-

સદ મળે તો એક પણ વખત ઘરની અંદર કે ભીંતો ઝાડી ઝાપટી જાળા વિગેરે કઢી નાખવાં. અને તેમ કરતાં બીજા કપડા ઉપર કચરો ન પડે માટે તેના ઉપર એક જુનુ કપડું ઢાંકવું. પછી આંગણું બહારી સાફ કરવુ. કે જેથી દુર્ગંધ મારે નહી આંગણામાં કોઈ દિવસ પૂંજા, એઠવાડ કે એઠું પાણી નાખી કદી ગલીચી કરવી નહી. આખા ઘરમા તથા ભીંતો ઉપર ઓછામા ઓછા પંદરે દિવસે એક વખત લીંપવુ. એમ થવાથી મકાનની હવા સ્વચ્છ રહેશે. ઘરમા ભીનાશ થવા દેવી નહિ. તેમ થવાથી હવામા બીગાડ થાય છે. અને વધારે હવેજ માર્યાથી કોઇ વખત સંધીવાનો ઉપદ્રવ થાય છે. પૂંજો વાળ્યા પછી એક લુંગડાનો કકડો લેઇ ઘરનો સર સામાન સાફ કરવો; અને લાકડા વિગેરેનો સામાન પ્રતિમાસે ધોઈ સાફ કરવો. વાપરવામા આવતા ત્રાંબા પીતલના તથા માટીના વાસણ હમેશાં માજી સાફ ચાંદની જેવા અંદર અને બહારથી રાખવાં. સુવાની પથારી, પલંગ, ગોદડાં, ગાદલાં, વિગેરે દરરોજ ઝાડી, ઝાપટી, સંકેલી દરરોજના સ્થાને મુકવાં. કદી માકડ થયા હોય તો એક બે દિવસ સારો તડકો ખવરાવવો.

ઓછાડ ત્રીજે ચોથે દિવસે બદલતાં રહેવું. ખાળકુંડી વિગેરે સાફ રાખવી. લોટા તથા દેવ સેવાનો સામાન વિગેરે અજવાળવો, આટલું કર્યા બાદ સૂર્ય ઉગે એટલે ચોટલો છોડી નિર્મળ જળે શરીરના તમામ ભાગ ચોળી મસળીને મેલ દૂર થાય એવી રીતે સ્નાન કરવું. હે બહેનો ! વસ્ત્ર પહેરીને સ્નાન કરવું. વસ્ત્ર પહેર્યા વિના સ્નાન કરવું નહીં. માથાના વાળ માટી, ખારો, આમળાં કે અરીઠાથી ચોળી સાફ રાખતાં રહેવું.

હે બહેનો ! ન્હાવાની જગા સ્વચ્છ ને અજવાળા વાળી તથા મલાઝો પાળી શકાય તેવી પસંદ કરવી.

સગવડવાળા મકાનમાં દરેક જનોએ ન્હાવાની જગાની ઓરડી જુદીજ બનાવી રાખવી જોઇએ.

હે બહેનો ! ઘણીજ નિર્લજ સ્ત્રીઓ એકઆદ ઓથે કે ઘરમાં વસ્ત્ર કહાડી નાખી ન્હાવા બેસે છે, એવું સદ્ગુણી સ્ત્રીએ કદી કરવુ નહીં.

હે બહેનો ! ગામડાની સ્ત્રી જેમ બહાર આડો ખાટલો મૂકી પહેરવાનું વસ્ત્ર તે તેપર નાંખી લોટો પાણી શરીરપર રેડી લે છે. અને નીતરતે શરીરે વસ્ત્ર પહેરી

તેવડે અંગ લુછે છે, તેમ કદી કરવું નહીં આવા નામ-નાજ સ્નાનથી શરીરમા ગુમડાં, ખસ, દાદર, વિગેરે રોગો ઉત્પન્ન થાય છે. માટે સ્ત્રીઓએ સ્નાનાતે કોરા ટુવાલ કે ખાદીના કકડાથી શરીરનો તમામ ભાગ લુછી નાખી સ્વચ્છ અને ધોએલાં વસ્ત્ર પહેરવા; અને વસ્ત્ર બદલતી વખતે કાળજી રાખવી. બે મર્યાદ માલુમ પડીએ એવી રીતે કદી વસ્ત્ર બદલવું નહીં.

હે બહેનો ! ઘરમાંના રાચરચીલાં વિગેરે તમામ વસ્તુઓ શોભાયમાન દેખાય એવી રીતે ગોઠવવી. વળગણી ઉપર લટકતાં લુગડા સરખાં કરી ગોઠવવા, કારણ એવી અવ્યવસ્થા રાખવાથી પતિનું દીલ ઘરમા ગોઠતું નથી.

હે બહેનો ! દરેક ચીજ પોતપોતાને ઠેકાણે સંભાળથી ગોઠવવી. કુવડ સ્ત્રીઓ એક વખત ગમે તેવું સારૂં કપડું પહેરીને પછી ડુચો કરી એક ખુણે નાખે છે. તથા જણુશો ગોદડાં નીચે, ઉશીકા નીચે અથવા તાકામાં, ગલ્લા ઉપર વિગેરે ઠેકાણે ઉઠવાને આળસે મૂકે છે એથી ઘણી વખત નુકશાન થાય છે.

હે બહેનો ! આર્ય ભગિનીઓ તેમાં ગુર્જરી બહેનો ઘણે ભાગે શરીરે નિર્બળ. માયકાંકલી. નિરૂત્સાહી, રોગીષ્ટ શરીરમા જણાએ લોહી નહિ અને મો સફેદ પુણી જેવું એવીઓ દેખાય છે આર્ય મહિલાઓની આવી દુર્બળ દશાનું કારણ હે ભગિનીઓ તમો જો સાચી રીતે સમજો તો તમોએ કસરત કરવા યોગ્ય તમારા પુર્વજોથી પરંપરા ચાલતું આવેલું ખાડવુ, દળવુ. પાણી ભરવુ, વાસણ માજવા, લીપવુ, કપડા ધોવા વિગેરે ઘરનુ કામ કાજ ત્યજી દેઇ શેઠાણીઓ બની તવા કામ ચાકરોથી લેવા શરૂ કર્યું છે તેજ છે ઉપરની ક... ...રૂપ ગૃહકાર્યની મહેનત ત્યજી દેવાની તમારા શરીર ... ...નિ કેવળજ દુર્બળ બની ગઇ છે બાળકની તં... ...નું બંધારણ માતાની શરીર શકિત ઉપર આધાર ... છે, તો એવી દુર્બળ સ્ત્રીઓની પ્રજા હિંદનુ કલ્યાણ કેમ કરી શકશે ? અરે ! એવી સ્ત્રીઓથી ઉત્પન્ન થનાર સતાનો દેશની સેવા કેમ બજાની શકશે ? અરે ! જે માતાઓએ ભીમ, અર્જુન, રામ, હરિશ્ચંદ્ર, ભોજ, વિક્રમ, અને શાલીવાહન, પ્રતાપ, પૃથુ. અને શિવાજી જેવા વીર પુરૂષોનો જન્મ આપ્યો છે, એવી માતાઓ કયાં ? અને આજકાલની

ઉધરતી એવી અબળાઓ કયાં ? માટે હે બહેનો ! મનની મોટમતા મૂકી દેઇ, તનની તંદુરસ્તીને ખાતર તમારા વડીલોથી ચાલતી આવેલી એક પંથ અને દોકાજ એવી ગૃહકાર્યની ઉત્તમ કુશળતા ભરેલી ઉપરની કસરત તમારે જરૂર કરવી જોઇએ એ કાર્ય કરવાથી તમો શેઠાણી મટી જનાર નથી, પરંતુ મારી લાડકવાઈ બહેનો ! જો તમો તેવી કસરતથી મજબુત બાધાની હશો તો, તમારાથી તમારો એકલાનો નહીં, પણ આખા ભરતખંડનો કેટલો બધો લાભ થશે, તેનો તમોજ ખ્યાલ કરી લેશો. હે બહેનો ! જેમ ગાય આખા જગતનું પાલણ કરતા છે એમ કહીએ છીએ, તેવીજ રીતે એક મજબુત બાંધાની અને તંદુરસ્ત આર્ય મહિલા આપણા દેશને દીપાવનાર જનેતા છે એમ કહીએ તો અતિશયોકિત કહેવાશે નહીં.

હે બહેનો ! ઉપર જણાવેલી દળવા, ખાંડવાની ફાયદા ભરેલી રીતથી કદી કાયર થવું નહીં તેવાં ઘરના કામ કરવાથી મોટમ જતી રહી હલકા માબાપનાં કહેવાવાનાં નથી પરંતુ તેથી તંદુરસ્તી સુધરી શરીર સંપત્તિ સારી રહેશે. અને તમો જગતના કલ્યાણરૂપ ગણાશો.

હે બહેનો ! ઘરના દાણાદુણીની બરણીઓ કે કોઠીઓ સાફસુફ રાખવી અને તેમાં ભરેલી ચીજો, બીજે ત્રીજે કે ચોથે દિવસે જરૂર તપાસવી. કીડ પડી હોય તો પછી તેને તડકે નાખી ઝાટકીને સાચવી–સંભાળી ભરવા. મશાલા વિગેરે ઉપર પણ કાળજી રાખવી તેને વીણવો-ચાળવે અને જે વાસણમાં ભરીએ તેને મજબુત બંધ કરી રાખવુ.

હે બહેનો ! સ્નાનાંતે માથામાં તેલ નાખી વાળ હોળી કપાળે કુંકુમનો ચાંદલો કરવો સ્કંદપુરાણમાં કહ્યુછે કે:–

हरिद्रां कुंकुमंचैव सिन्दूरं कज्जलं तथा ।
कूर्पासकं च तांबूलं मांगल्या भरणं शुभम् ॥
केशसस्कार कबरी करकर्ण विभूषणम् ।
भर्त्तृरायुष मिच्छन्ती दूरयेन्न काचित् सती ॥

स्कंदपुराण.

સુવાગેણ સ્ત્રીઓએ હમેશા કપાલમા કુકુમનો ચાંદલો કરવો, સેથામા સિદૂર તથા હલધર ધારણ કરવી. આખમા કાજલ આજવું સેંથો પાડીને અંબોડો વાળવો, કાચળી અથવા ચોળીને હમેશા પહેરી રાખવી, ભોજન થઈ રહ્યા પછી પાન ખાવું, સારા અને શ્વચ્છ વસ્ત્ર તથા મળી શકે તેવા મગળકારક આભૂષણો પહેરવા

હે બહેનો ! જે સ્ત્રી પોતાના પતિનાં આયુષ્યની વૃદ્ધિ ઇચ્છતી હોય, તેણે ઉપર કહેલો સૌભાગ્ય સૂચક શણગાર હમેશાં ધારણ કરવો.

હે બહેનો ! સૌભાગ્ય સૂચક શણગાર ધારણ કરી પાણીયારૂં વિગેરે સાફ કરવું–ધોવું–પાણી ગળવુ અને ત્યાર બાદ ઉમરા વિગેરે પૂંજી પતિને પૂજાના કામમાં જોઇતી સામગ્રી કરી આપી, ટાકામાંથી પાણી ગળી, પછી સોળું પહેરી રસોઇ કરવા પેસવું.

બહેનો ! રસોઈ એ આર્યમહિલાઓનો સંસાર નીભાવવાના પગરણનું પ્રથમ પગથીયુ છે; તો સાંભળો તમારી ઇચ્છાનુસાર હું તમને તેનું સક્ષેપમાં વર્ણન કરી બતાવું છું:–

રસોઇ કરવાનું ચતુરાઈ ભર્યું કાર્ય એ આજકાલનું પ્રસિદ્ધિમાં નથી. પરંતુ ત્રેતાયુગમા નળરાજા તથા દ્વાપરયુગમાં ઈદ્રપ્રસ્થમા રહેનાર પાંડુપુત્ર ભીમસેન વૈરાટ નગરમાં ગુપ્ત રહ્યા, તે વખતે તેઓએ અનેક તરેહના પાક ભેદ કહ્યા હતા, પરંતુ એવા પાક કરવા જતાંખરચ ઘણો થાય છે માટે તેનું વર્ણન બાજુપર રાખી આપણે તે,

ખાસ હમેશ ઘરસંસારને ઉપયોગી રીત જાણવી જરૂરની હોવાથી તે જણાવું છું.

હે બહેનો ! રસોઇનું પૃથક્કરણ કરવા પહેલાં આપણે વાસણના ગુણો જાણવા પ્રથમ અગત્ય છે ત્રાંબા પીતળના વાસણમાં જમવાથી ઘણોજ અવગુણ થાય છે અને સ્વાદ પણ બગડે છે.

કલઇ તથા કાંસાના વાસણમાં વસ્તુ સ્વાદિષ્ટ રહે છે.

લોઢાના વાસણમાં કીધેલી રસોઇ હમેશ ખાધામાં આવે તો આંખોને હરકત લાગે છે.

સોના, રૂપાના વાસણમાં જમવાથી વસ્તુ સ્વાદિષ્ટ લાગે છે અને ગુણ થાય છે.

કાચના વાસણમા સ્વાદિષ્ટ રહે છે અને માટીના વાસણમાં રસોઈ કરવાથી તેઓજ ગુણ આપે છે

પથ્થરના વાસણનો ગુણ પણ સોનારૂપાના વાસણ જેવોજ છે. માટે અવગુણ થાય એવા વાસણ વાપરવા નહીં.

હે બહેનો ! આપણા લોકોમાં ત્રાંબા, પીતલના વાસણોનો વપરાસ ઘણો રહ્યો છે, તો તેના ઉપર હમેશ

કલઇ ચઢાવી વાપરવાં. કલઇ ઉતરે તો તુરત ચઢાવવી. તેમ કીધા શિવાય વાપરવામાં લેવાં નહીં.

હે બહેનો ! હવે રસોઇખાનામાં જોઇતી ઉપયોગી ચીજોનું ધ્યાન કરૂં છુ.

હમેશને માટે તો તપેલાં, ત્રાસકો, થાળીઓ, વાડકા, કડછી, તવેતો, સાણુસી, તવો અથવા તાવડી, ખાડણી, વેલણ, ભુંગળી, લોટા, જલપાત્ર ઇત્યાદિ તૈયાર કરી રાખવાં.

એક વાસણમાં રસોઈમા જેટલુ પાણી જોઇએ તેટલું ગળી સ્વચ્છ રીતે રસોડા પાસે મૂકવું.

હે બહેનો ! માટીના ચુલા સ્વચ્છ રાખવા. કેટલીક કુવડ સ્ત્રીઓના જેવી બીલકુલ કઢંગી ગંદકી રાખવી નહીં. રાધતી વખતે કશો બીગાડ થાય નહીં માટે રસો-ડામા ચારે બાજુ તપાસ રાખવી. વખતે ઘરમાં ફરતી ગરોળીઓ ગલ નાખે તો તમામ રસોઈ નકામી થવા સાથ કદાચ ભૂલમાં તે ખાવામાં આવે તો હેરાન થવાય.

હે બહેનો! રસોઇખાનામાં ઝાઝી ગડબડ રાખવી નહીં. રસોઇ કરનારે બેસવા માટે એક પાટલો રાખવો અને મીઠું, મરચાં, મરી, મશાલા, હળદર વિગેરેને માટે

એક લાકડાનું અગર મજબુત પથ્થરનું ઢાંકણાવાળું કઠોડું કરી રાખવું અને તે તે વખત પાસે રાખવુ મસોતા નવાં અથવા જુનાં ધોયલાં રાખવાં, રાધવાનું અનાજ ઝાડકી સ્વચ્છ રાખવું. શાકભાજી વઘારતાં કાળજી રાખવી રસોઇનું અબોટીયુ સ્વચ્છ રાખવું અને રસોઈ કરવા પેઠા પછી ઘડી ઘડી કારણ વિના બહાર નીસરવું નહીં. તથા કોઇ વસ્તુને અડકવુ નહીં. મરચાં વિગેરે કંઇ ખાંડવાની જરૂર પડે તો ખાંયણી પરાર પણ હાજર રાખવાં.

હે બહેનો! ચુલા ઉપર કે તૈયાર થએ ઉતારેલાં જે પાકપાત્ર હોય તે કદી ઉઘાડા રાખવાં નહીં.

હે બહેનો! રસોઇનાં જોઈતા સાધનો તૈયાર કરી જીવજંતુ વગરનાં ઇંધણ (લાકડા) તથા ઉપર જણાવેલી વસ્તુઓ પાસે રાખી ચુલાને પણ જીવજંતુ ન હોય તેવી રીતે જોઇને સળગાવવો.

હે બહેનો! રસોઇ કરતા ઉદ્વેગ, ચિન્તા; ભય અને આતુરપણું રાખવું નહીં. સ્થિર ચિત્તથી બેસવું, તાપ બહુ મંદ નહી તેમ વધારે પણ નહિ રાખવો. અને ધીમા ધીમા તાપે રસોઇ કરવી. જે વસ્તુ ચુલા

ઉપર હોય તેમાં વારંવાર સંભાળ રાખવી, ઉભરાય કે દાઝી જાય તેની તથા ઓસાવાના વખતની સંભાળ રાખવી. પોતાનું શરીર પણ સાચવવું. સાહસ કરવું નહીં, ઉતાવળ કરવી નહી, ગાભરા બની જવું નહીં, તપેલુ કે ઢાંકણું ઉતારવું હોય ત્યારે ઉપર કહેલા મસોતા કે સાણસીથી ઉતારવું.

હે બહેનો ! હમેશના અનુભવથી રસોઇ કાર્યમાં એવાં પ્રવીણ થવું કે તેમાં કાંઇપણ ન્યૂનતા રહે નહીં.

હે બહેનો ! સ્વામીને વશ કરવાનું પ્રથમ પ્રકરણ સારી રસોઇ બનાવી શકવું તેજ છે, માટે હે આર્ય ભગિનીઓ ! તે શિખવા માટે તમારે ન્હાનપણથીજ કાળજી રાખવી જોઇએ.

હે બહેનો ! જે સ્રીને સારી રસોઇ કરતા નથી આવડતું, તે સ્રીનું જીવતર વરાળ વિનાના સરસ એન્જીન જેવું છે.

હે બહેનો ! અહારના પદાર્થ ચાર પ્રકારના છે.

(૧) ખાવાના (૨) ચૂસવાના (૩) પીવાના (૪) ચાટવાના. અને તે ચારેની ક્રીયા કરવાના અનેક પ્રકાર

છે. માટે તે પોત પોતાની હુસ્ત ક્રીયાના ફેરથી કાંઇ ચક જાણવામાં આવતાં સુધારી લેવી.

હે બહેનો! રસોઇ અંદર મીઠું, મરચું, વિગેરે જેમાં જોઇએ તે એવી ખુબીથી નાખવું કે સમધારણ આવી રહે.

હે બહેનો? રસોઇનો સ્વાદ આવવા થોડો ગરમ મશાલો તથા ધાણા જીરૂનો ભંભાર બનાવી રાખવો. અને તે દરરોજ જરાજરા દાળ, શાક વિગેરેમાં નાખવાથી થએલી રસોઇમા જરા સુવાસ આવશે.

હે બહેનો! નાનપણથીજ અનુભવી મા બાપોએ પુત્રીઓને આ શિક્ષણ આપવું જોઇએ, સુજ્ઞ સ્ત્રીઓને એ વિશે વધારે કહેવાની જરૂર નથી.

હે બહેનો! રસોઇ તૈયાર થાય અને પોતાના પતિ નિત્ય કર્મથી પરવાર્યા પછી ભોજન કરવા આવે ત્યારે તેને બેસવાને માટે આસન (પાટલો) મૂકી તથા જમણી બાજુએ પવાલા સહિત જલપાત્ર મૂકી સ્વચ્છ પાત્રમાં રાધેલું અન્ન પીરસવું.

હે બહેનો! જમણની વસ્તુઓ પીરસવામાં પણ ચતુરાઇ સમાએલી છે.ઘી, દાળ, કઢી, દૂધપાક, શ્રીખંડ,

આમ્રરસ તથા જે જે નરમ પદાર્થ હોય તેના પાત્ર પણ જમણી બાજુએજ મૂકવાં તથા ભોજન પાત્રમાં શાક, ચટણી, અથાણું, તથા કઠોળ વિગેરે પણ જમણી બાજુએ મૂકવાં અને પુરી, રોટલી. ખાજાં, માલપુવા, પૂરણપોળી વિગેરે ખાદ્ય પદાર્થો તથા લાડુ, કંસાર, શીરો વિગેરે મિષ્ટાન્ન પદાર્થો ભોજન પાત્રમાં ડાબી તરફ મૂકવાં. અને કેસરી ભાત તથા મોળો ભાત વિગેરે અન્ન મધ્યમાં મૂકવું

હે બહેનો! લવણ (મીઠું) શાક, ઘી, તેલ વિગેરે હાથોહાથ લેવા દેવાં નહીં પણ પીતલના ચમચા વડે લેવા દેવાં. અને ભાત, દાળ, શાક ખીચડી વિગેરે કડછીથી પીરસવાં.

હે બહેનો! પતિ જમવા બેસે ત્યારે તેમને કાંઈ જોઈતું કરતું હોય માટે પાસેજ રહેવુ. અને તેઓ જમી રહે ત્યારે તાબૂલ (પાન) આપવું. હમેશ પોતાના પતિ જમી રહે ત્યારે તેમણે જમતાં છાંડેલું, મીઠું અન્ન, ફળ આદિને મહા પ્રસાદ છે એમ ગણી હર્ષથી નિરંતર તેનું ભોજન કરવું,

હે બહેનો ! વળી સ્ત્રીએ સર્વદા પોતાના સ્વામીના ચરણકમલનુ પૂજન કરીને જમવું એજ સ્ત્રીઓનો ઉત્તમ નિયમ શાસ્ત્રકારોએ વર્ણાવ્યો છે.

હે બહેનો ! પતિવ્રતા સ્ત્રીએ કોઇ દિવસ પતિના પહેલાં અથવા તો છાંની રીતે જમી લેવું નહીં. શાસ્ત્રમા કહ્યું છે કે:—

या भर्तारं परित्यज्य मिष्ठ मश्नाति केवलम् ।
उलूकी जायते क्रूरा वृक्ष कोटर शायिनी ॥

જે સ્ત્રી સ્વામીને મૂકીને પોતે એકલી મીઠા પદાર્થ ખાય છે,' તે સ્ત્રી ઝાડના પોલાણમા સુનારી ઘુઢણ થાય છે

વળી કહ્યું છે કે:—

पुनः सायं पुनः प्रात गृह शुद्धि विधायच ।
कृतान्न साधना साध्वी सभृत्यं भोजयेत्पतिम् ॥

પતિવ્રતા સ્ત્રીએ વારવાર સાંજે તથા સવારે ઘરને વાળી ઝાડી તથા લીપીને શુદ્ધ રાખવુ રસોઇ તૈયાર કરી પતિ ભક્તિમા તત્પર રહી, સાસુ, સસરાદિક પોષણ * કરવા યોગ્ય મનુષ્યોની સાથે

---

* પોષ્યવર્ગ:—पिता माता गुरूर्भार्या प्रजार्दीना समाश्रिता ।
ज्ञातिर्बंधु जन क्षीण स्तथाऽनाथ समाश्रित ।
अन्ये प्यधन युक्ताश्च पोष्य वर्ग उदाहृतः ॥
પિતા, માતા, ગુરૂ, સ્ત્રી તથા પોતાની પ્રજા અને પોતાને

પોતાના સ્વામીને ભોજન કરાવવુ અને ત્યાર પછી તેની આજ્ઞા લેઈને પોતે ભોજન કરવુ

હે બહેનો ! સન્નારીઓનું કર્તવ્ય છે કે તેમણે અતિથિ સત્કાર કરવો. અતિથિ સત્કારથી સ્ત્રીઓનો (૧) પંચ સૂના દોષ નિવૃત થાય છે. આપણામાં કેટલાંક ઘરોમાં પંચ ભાગ આપવાનો પૃથા છે, એ પંચ સૂનાનો દોષ નિવારણ થવાને અર્થેજ છે.

હે બહેનો ! વળી જમવા અગાઉ ગૌગ્રાસ, શ્વાન ગ્રાસ તથા વાયસ બલિ (૨) કહાડવા અને તે જમ્યા પહેલા વા પછી સૌને આપી દેવા.

હે બહેનો ! ઘરમા જમતી વખતે કદી પંકિત ભેદ કરવો નહીં. મિષ્ટાન્ન વિગેરે થોડું હોય તો થોડું થોડું પણ સર્વેને મુકવું; એકલાં પિંડ પોસવો નહી.

આશ્રય રહેલા ગરીબ, તથા જ્ઞાતિ, સ્નેહી માણસ, ક્ષીણ થએલો અનાથ, પોતાનો આશ્રિત તથા નિર્ધન, એટલા પોષ્ય વર્ગમા ગણાય છે

(૧) પંચસૂના—ઘંટી, ખાણીઓ, ચૂલો કે સગડી, પાણીયારૂ, તથા સાવરણી, એ પાંચેથી જે પ્રતિદિન પાપ થાય છે તેને પંચ સૂના કહે છે

(૨) ગાય, કૂતરા તથા કાગડા માટે અન્નમાથી વિભાગ કહાડવો તે.

હે બહેનો ! દરરોજ એક જાતનું ભોજન નહિ કરતાં વખતો વખત ખોરાકમાં ફેરફાર કરવો. જમતી વખત રસોઇ સ્વચ્છ અને તાજી રાખવી. એકદમ પરાણે ખાધાથી સરીરની તંદુરસ્તી બગડે છે. માટે થોડુ થોડુ વધારે વખત ખાવું પણ એકી વખતે પરાણે ખાવું નહિ, અને મીતાહારી થવુ. તથા જમતા જમતાં ગમત થાય તેવી સ્મિત હાસ્ય યુકત વાતો કરવી કારણ તેથી અન્નનું પાચન જલદી થાય છે,

હે બહેનો ! પોતે જમી રહ્યાં પછી થોડો વખત પતિ સાથે વિનોદાર્થે વાતો કરી, પછી રસોડામા પડેલા વાસણો માજવાં. જમી ઉઠીને તુરતાતુરત વાસણ અજવાળવા મડવું નહીં એઠવાડ અબોટ કરવો અને ચૂલો ધોવા તરફ પૂર્ણ કાળજી રાખવી. ચૂલા આગળ સફાઇ રાખવી. રાખોડી તથા કોયલાનો ગંદવાડ ભરી રાખવાથી તેમાં કાનખજુરા, વીંછી વિગેરેનો ઉપદ્રવ થાય છે.

હે બહેનો ! અબોટ, એઠવાડ થઇ રહ્યા પછી પાછો ઘરમાં પુંજો વિગેરે કહાડી. વાસણો યથાયોગ્ય સ્થાને ગોઠવવાં. ત્યાર બાદ બેઠકની જગ્યા પણ સાફ કરવી, એ પ્રમાણે ગૃહકાર્યથી પરવારી પ્રીતિપૂર્વક ઉત્સાહથી

કલાક બે કલાક અનુકૂળતા પ્રમાણે શાસ્ત્રાવલોકન કરવું જેનાથી સદ્બોધ મળે અને કોઇ પ્રકારનો વિકાર ઉત્પન્ન ન થાય તેવાં નીતિ તથા જ્ઞાનના પુસ્તકો વાચવાં

હે બહેનો ! સ્ત્રીઓએ શ્રૃંગારી કે અલંકારિક ગ્રંથો વાંચવા નહિ પરંતુ મણિરત્ન માલા, અનસૂયાભ્યુદય, સાવિત્રી ચરિત્ર, સીતાજીને કૌશલ્યાનો બોધ, દેવહુતિનું આખ્યાન, નલ દમયન્તીની કથા વિગેરે સ્ત્રીઓને વાચવા યોગ્ય ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે તે વાંચવાં.

હે બહેનો ! ઉપરનું કાર્ય થઇ રહ્યા બાદ ઘરનો ખરચ લખવો. પતિએ જે પૈસા ખરચવા આપ્યા હોય તેનો યોગ્ય હિસાબ રાખવો. ઘરની અંદરના વાસણો, સરસામાન, લૂગડાંલત્તાં વિગેરે ગોઠવવાં. ઘરમાં કાંઇ ચીજ જોઇતી હોય તેનો તરસાલો કહાડી તે મગાવવા તજવીજ કરવી અને તે આવેથી યોગ્ય સ્થળે મૂકવી.

હે બહેનો ! સાયંકાલ થયે તુરત દિવો કરવો; અને તે દક્ષિણ દિશા શિવાય બીજી દિશાઓ તરફ મૂકવો અને તે પ્રજવાળી ઇશ્વર સ્તવન કરવું. હે ભગિનીઓ ! સંધ્યા સમયે કાંઇપણ કામ કરવું નહીં

હે બહેનો ! રાત્રીએ જમવાને સારૂ રસોઇ બનાવવી હોય તો બનાવવી. અને તે રાત્રીના પ્રથમ પ્રહરમાજ ભોજન થઇ જાય તેમ કરવું. રાત્રીના ભોજનમાં હલકો ખોરાક વહેલો પચી જાય તેવો બનાવવો. કઠોળ ઘણું તેલ તથા મરચાં એ વધારેલી વસ્તુ રાત્રીએ ખાવી નહીં હે બહેનો ! રાત્રીનો એઠવાડ વાસી રાખી ન મૂકતાં રાતરેજ સાફ કરવો.

હે બહેનો ! ઉપરનું કાર્ય થઇ રહ્યા બાદ સારી રીતે સ્વચ્છ શય્યા બીછાવીને પતિને સુવરાવવા અને તેની સેવા કરવી.

હે બહેનો ! સુવાનું ઓશીકું ઉત્તર દિશા તરફનું કરવું નહીં.* સય્યા પાસે પાણીનું જલપાત્ર, લાકડી, દીપક, દીવાસળીની પેટી એટલા સાનિધ્યમાં મૂકવાં.

* ઉત્તર દિશા તરફ માથુ રાખી સુવાને આપણા શાસ્ત્રમા પાપ ગણ્યુ છે તેને આજ કાલની સુધારાનું ડોલ ઘાલનાર અર્ધદગ્ય સ્ત્રીઓ હસી કહાડે છે પરંતુ શાસ્ત્રકારોએ જે લખેલુ છે તેમા કાંઇ કાંઇ પણ ઉંડો ભેદ સમાયલોજ છે આ બાબત વિદેશી વૈદિક મતવાળાઓએ પણ તેનો ખતથી શોધ કરી સિદ્ધ કર્યુ છે કે- ભેજમા વિજળી અને ચુંબક શકિત વધારે છે અને ઉત્તર દિશામાં કેન્દ્ર નક્ષત્ર રહેલ છે તો તે નક્ષત્રમાં ચુંબક આકર્ષણી શકિત

હે બહેનો ! પતિ જ્યારે નિન્દ્રાવશ થાય ત્યારે તેમાં મન રાખીને પોતે પણ નિષ્કામ તથા જિતેન્દ્રિય થઇ સાવધાન પણે સઘળાં વસ્ત્રો સાથે સુઇ જવું. સુતી વેળાએ વસ્ત્રો પહેરી રાખવાં.

હે બહેનો ! સુતી વખતે બારી બારણાં બંધ કરવાં, પણ દીવાની થતી ધુણી જાય તેવો માર્ગ રાખી બંધ કરવાં, નહિ તો હે ભગિનીઓ ! આજકાલ પ્રસરી રહેલ વિદેશી કેરોશીનના દીવાની ધુણી એટલી બધી ઝેરી છે કે જો રાત્રીનાં શાન્ત વખતે તેને બહાર નીકળવા માર્ગ હોતો નથી તો તેનું પરિણામ બહુ ભયંકર નિપજે છે. તે ધુણીથી ઘણીવાર લોકો ગુંગળાઇ મરણ શરણ થયા છે. માટે તેવી બાબતમાં ખસુસ તમારે ધ્યાન રાખવાની ઘણી અગત્ય છે.

હોવાથી તે સઘલા પદાર્થોને પોતાની તરફ હમેશ ખેંચે છે અને બેજ્નુ તેથી દુર્બળ બની જાય છે તેથી ઉત્તર તરફ માથુ મૂકી સુવાથી નુકશાન બતાવ્યુ છે તો આપણા શાસ્ત્રવેતાઓએ પણ એ કારણને લીધેજ તે સબંધી પાપ થવું કહ્યુ હશે જેઓ ઉપરનુ કારણ સમજશે તેઓ વહેમ ગણી હસી કહાડવા હામ ભીડશે નહી (*)

(*) see Psychology or the Science of Soul, by Joseph Haddok. M. D.

હે બહેનો ! આખી રાત્રી દીવો રાખવો એ ઉત્તમ છે. શાસ્ત્રમાં કહ્યું છે કેઃ—

रवेरस्तं समारभ्य यावत्सूर्योदयो भवेत् ।
यस्यतिष्ठेद् गृहेदीपो नास्ति तस्य दरिद्रता ॥

સૂર્યના અસ્તથી માંડીને ઉદય પર્યંત જેના ઘરમાં અખંડ દીવો રહે છે તેને દારિદ્રય પ્રાપ્ત થતું નથી

હે બહેનો ! વખતે પતિની અવસ્થા મધ્યમ સ્થતિમાં હોય અને વિશેષ ઘરેણાં તથા ઘણા મૂલ્યવાન વસ્ત્ર પહેરવાને મળે નહીં, તોપણ ધણીને ખોટું ન લાગે તેને માટે હમેશા સંતોષ રાખવો. વિશેષ લોભ કરવો નહિ. ઘરના કામમાં કુશળ રહેવું. ધર્મની બાબતમાં ધ્યાન આપ્યા કરવું, દરરોજ પ્રિય તથા સાચું બોલવું, વિશેષ દ્રવ્ય હોય અથવા તો પોતે ધણીની માનીતી હોય અથવા સ્વરૂપ ઘણું સુંદર હોય, તો પણ તેને માટે ગર્વ કરવો નહીં. પવિત્ર રહેવું, તથા સ્નેહથી પવિત્ર એવા પતિની સેવા કરવી એજ ઉત્તમ સ્ત્રીઓનું કર્તવ્ય છે.

હે બહેનો ! ગૃહ ઉપરથીજ ગૃહીણીની પરિક્ષા થાય છે અને જે સ્ત્રી ઘરમાં દરેક વસ્તુ સુઘડ અને

સ્વચ્છ રાખતી નથી તે પુવડમાં ગણાય છે. જેના ઘરનું પાણી સરખું પણ પીતાં સુગ આવે છે, અને યોગ્ય ઠેકાણે શોભે એવી વસ્તુની ગોઠવણવાલી સુઘડ સ્ત્રીના ઘરમાં જઈ બેસવાથી આનંદ થાય છે. પુવડ ભાર્યાના ઘરમાં સાજો માણસ પણ માંદો પડયા વિના રહેતો નથી.

હે બહેનો ! કરકસર કરવી એ સ્ત્રી જાતિનો મુખ્ય ધર્મ છે. જેમ રાજ્યપ્રધાન રાજ્યની આબાદી વધારવા કરકસર કરે છે તેવી રીતે સ્ત્રીએ પોતાના ગૃહરાજ્યની આબાદી વધારવા તે ગુણ ગ્રહણ કરવા જોઈએ.

હે બહેન ! પતિ હજારો રૂપીઆ પ્રાપ્ત કરતો હોય તે વખતે તે દ્રવ્યનો દુરૂપયોગ કરવા ન દીધો હોય તો- હમેશ કોઇના દિવસ સુખમાં જતાં નથી એ ન્યાયાનુ- સાર—વખતે વિપદ્દશશી આવી પડે તો, જે સાચવી રાખ્યું હોય તે સોના મહોર જેવું લાગે છે.

હે બહેનો ! ઘર ચલાવવામાં, કોઈપણ વસ્તુ મંગાવવામા, નકામો ખર્ચ થતો બચાવવા વિગેરે બાબ- તમાં સ્ત્રીએ અમુક કસર કરવી જોઇએ.

હે બહેનો ! કમાવાનું કામ ધણીનું છે તથા ગૃહરૂપી રાજ્યતંત્ર ચલાવવાનું કામ સ્ત્રીનું છે. પુરૂષને તો ઘરની ખબરે હોતી નથી એ વખતે સ્ત્રી પોતે કરકસર નથી કરતી તો પુરૂષ જલદીથી આપત્તિમાં આવી પડે છે. માટે સ્ત્રીએ નામું રાખી પતિની આજીવિકા જોઇ તેમાંથી બચે એટલું જરૂર બચાવી બાકીના પૈસામાં ગુજરાન ચલાવવું. પેદાશ વધુ હોય તેથી ઉડાઉ ખર્ચ ન રાખવો. હે બહેનો ! ગૃહીણી નામ ધારણ કરનાર સ્ત્રીએ ઘરમાં દરેક વસ્તુનો સંગ્રહ કરી રાખવો જોઇએ અને તોજ તે નામ રાખ્યાનું સાર્થક ગણાય.

હે બહેનો ! યુવાન છોકરી અથવા સ્ત્રીવાળા ઘરમાં યુવાન ચાકર અથવા રસોઇઓ રાખવો નહિ. પણ ઘણું કરીને ગૃહ કર્મ માટે તો સ્ત્રીઓને નોકર રાખવી ઉચિત છે. અને તેવી ન મળે તો છેવટ જે નોકર રાખવો પડે તે કેળવાયેલો અને ઉમરે પુગેલો, તેમ ઘરનાં માણસો સાથે સભ્યતા રાખે, નીમકહલાલ, વિશ્વાસુ, હાડકાંનો હરામ નહોય, પ્રમાણિક, હાથનો ચોખો, આજ્ઞાંકિત, ઠંડા મીજાજનો એવો નોકર રાખવો.

હે બહેનો ! પતિવ્રતા સ્ત્રીઓએ ચાકરને હોંકારા હુંકારા ન કરતાં તેની સાથે સભ્યતાથી વર્તવું. તેના ઉપર હદપાર કામ નાંખવું નહીં. તેમ ચાકરો ઉપર વિશ્વાસ લાવી તેમને હદ બહાર બહેકાવવા નહીં. તેની સાથે છાનીછપની વાતો કરવી નહીં, તથા ખાનગી વાતો તેને કહેવા ટેવ રાખવી એ કુલટા સ્ત્રીનું લક્ષણ છે. હે બહેનો ! કાચી કેળવણીવાળા નોકરો દુશ્મનોની શિખવણીથી કોઈ વખત આપણને આપત્તિમાં નાખી દે છે માટે તેઓથી સાવચેત રહેવું તથા તેની સાથે ઝાઝો પ્રસંગ ન રાખતાં તેને વિશ્વાસુ માની બેસી રહેવું નહીં.

દિવસ ૯ મો.

રજોદર્શન.

હે બહેનો ! હવે તમોને રજસ્વળા–રજોદર્શન, આઘે બેસવું, એ વિષય જે સ્ત્રી જાતિને બહુ અગત્યનો છે તે સમજાવું છું.

હે બહેનો ! રજોદર્શન એ બીજું કાંઇ નહીં પણ સ્ત્રીઓને ગર્ભ ધારણ કરવાની યોગ્ય શક્તિ છે. જ્યારે સ્ત્રીઓ ભર જુવાનીમાં આવે છે, જ્યારે તેમના શરીર અને સઘળા અવયવ પરિપકવ થાય છે, ત્યારેજ તેમનામાં સંતતિ ઉત્પન્ન કરવાની સ્વાભાવિક શક્તિ અને સમય આવે છે.

હે બહેનો ! વૈદક મતવાદીઓએ શોધન કરી સાબીતીથી સિદ્ધ કર્યું છે કેઃ—સ્ત્રીના પેટમા ડિમ્બકોષ અથવા ઇંડાં છે. ગર્ભકોષમાના તે ડિમ્બકોષના આચ્છાદન અથવા ચામડાની કોથળાના લોહીમાં દર મહિને ઇંડાં જેવા નાના નાના પદાર્થો જન્મે છે. પરંપરા લગભગ મહિનો દહાડો પુરો થાય એટલે તે ડિમ્બકોષ ફાટી જાય છે, ત્યારે લોહી નીકળે છે. અને પરપરા તે ઇંડાંઓ ગર્ભકોષની બાજુની નીચે નાળીમાં આવે છે. અને લોહી વિગેરેની સાથે ગર્ભાશયમા થઇ બહાર નીકળી જાય છે એવી રીતે કોઈ સ્ત્રીના ગર્ભાશયમાથી બે ત્રણ દિવસ, કોઇનામાથી પાચ સાત દિવસ એમ લોહી નીકળતું જાય છે. આ લોહીનેજ આપણે રજોદર્શન કહીએ છીએ. જે ઇંડાઓ ગર્ભકોષની બાજુએ નાળી

દેશમાં જઇને રહે છે; તે સાથે પછી જ્યારે પુરૂષ સમાગમથી વિર્ય જઇ મળે છે, ત્યારે તરત તેમાં બીજા નવા મનુષ્યનો જન્મ થાય છે.

હે બહેનો ! સ્ત્રીઓનો રજોદર્શનનો વિષય અતિશય અઘરો અને મહાન વ્યાપારરૂપ છે. માટે તે વખતે અસાવધાન થઇ કોઇ નિયમ ભંગ કરવાથી અથવા કોઇ નિયમ ન પાળવાથી સ્ત્રીઓને અસંખ્ય રોગના ભોગ થઇ હેરાન થવું પડે છે; એટલુંજ નહીં પણ ભવિષ્યમા થતી સંતતિ હમેશને માટે દુર્બળ, રોગીષ્ટ અને દુખી થઇ પેદા થાય છે.

હે બહેનો ! સ્ત્રી જ્યારે પહેલવહેલી રજસ્વળા થાય છે. ત્યારે શરીરમાં સામાન્ય જ્વર અને નબળાઇ માલમ પડે છે. ડુંટીની નીચે પેડુ અને કેડ વિગેરે દુઃખે છે ગર્ભાશયમાં એક પ્રકારનો દુખાવો, સોજો, અને ભાર લાગે છે. બંને સ્તન સુજેલા, અને ભારે થઇ દુઃખે છે. આ સમયે કેટલીક સ્ત્રીઓને જ્વર, માથાનો દુઃખાવો વિગેરે થાય છે, અને મુર્છા આવનાર રોગ (હિસ્ટેરિયા) શરીરમાં જો હોય તો આ વખતે તે ધીમે ધીમે સ્ફુરતો જાય છે. ત્યાર પછી એક જાતનો ભૂરો રસ ગર્ભા-

શયમાંથી નીકળે છે. આ રસ ધીમે ધીમે લોહી સાથે મળી જાય છે; ત્યાર પછી ફક્ત શુદ્ધ લોહીજ નીકળે છે. રજોદર્શન બંધ થતાં પહેલાં પ્રથમ લોહી નીકળવાની વખતની માફક રક્ત મિશ્રિત સફેદ અને છેવટે કેવળ સફેદ રસ નીકળી બંધ થાય છે. આ સઘળી અવસ્થા સાત આઠ દિવસ સુધી રહે છે. ત્યાર પછી ઉપર બતાવેલી પીડા અને તેની ઇજા તથા થાક, નબલાઇ વિગેરે સઘળું રજોદર્શન બંધ થવાની સાથે એકદમ બંધ થઇ જાય છે.

હે બહેનો ! પહેલવહેલું રજોદર્શન કોઇ તરેહનું પૂર્વ લક્ષણ જણાયા વગર એકદમ અકસ્માત રાત્રે ઉપજી આવે છે. વળી પહેલા કોઇ કોઇ સ્થળે કોઇ કોઇ સ્ત્રીને દર મહિને તેવુંજ થાય છે અને કેવળ સ્વચ્છ (સફેદ)રસ નીકળીનેજ બંધ થાય છે; અને લોહીનું ચિન્હ પણ રહેતું નથી.

હે બહેનો ! સ્ત્રીઓને રજોદર્શન કેટલી ઉમરે થવું જોઇએ તેનો કાંઇ નિશ્ચય નથી. પરંતુ તે દેશ, હવા અને સંગતી ઉપર આધાર રાખે છે. ઠંડા દેશની બાલાઓને ત્યાંની ઠંડી હવાને લીધે તથા મનની લાગણી

ઉશ્કેરાય એવી બાબતથી, અલગ રહેવાને સબબે. મોટી ઉમરે અટકાવ આવે છે. અને આપણા આ ગરમદેશમાં એથી ઉલટું-ગરમ હુવાને લીધે તથા ઠામ ઠામ, પરણવાનીજ વાતો કરનારી સ્ત્રીઓના સહવાસથી બાળાઓને નાનીજ વયમાં અટકાવ આવે છે. મહેનત કરનાર અથવા ઉદ્યોગી સ્ત્રીઓનાં કરતાં, આળસુ અને નાટક. સૃંગારી વાતો વાંચવાથી, પ્યારનાં ગીતો ગાવાથી તથા તેવીજ વાતો કરવાથી તેમ પુષ્ટીકારક મશાલેદાર સારો ઉંચો ખોરાક ખાવાથીજ અટકાવ વહેલો આવે છે.

હે બહેનો ! રજોદર્શન પ્રાપ્ત થવાનો સમય સાધારણ રીતે ૧૧ થી ૨૦ વર્ષની વયની અંદર છે. પરંતુ આપણા આ દેશમાં તો ૧૧ થી ૧૫ વર્ષ સુધીમાં બાળાઓ રજસ્વળા થાય છે. અને ઘડપણ આવતાં પહેલાં, એટલે એકંદર રીતે ૪૫ વર્ષની વયે તે બંધ થાય છે.

હે બહેનો ! રજોદર્શનનું લોહી સાધારણ રીતે ૩-૪ દિવસ સુધી આવે છે. પરંતુ સ્ત્રીઓની અવસ્થાના કેટલાક ભેદોને લીધે ઘણી વખત ૯-૧૦ દિવસ સુધી પણ આવતુ દેખાય છે.

એક રજોદર્શન થવાના દિવસથી બીજા રજોદર્શન સુધીના વચલા દિવસો એકંદર રીતે ચાર અઠવાડીયાં એટલે એક ચંદ્ર માસ અથવા અઠ્ઠાવીસ દિવસ ગણાય છે. પરંતુ એમાં પણ બહુ ફેરફાર જણાય છે. વધારેમાં વધારે દોઢ મહિનો અને ઓછામાં ઓછાં ત્રણ અઠવાડીયાં તે બંધ રહેતું માલમ પડે છે.

કેટલીક રોગીષ્ટ સ્ત્રીઓને તો સ્વાભાવિક રીતે ધાતુ અને પ્રદર રસ પડતાં દેખાય છે: તેમ તેવો રસ કોઇ વખત નાક, કાન, મુખ, ઈત્યાદિમાંથી પણ વહે છે. આ બધું શરીરના બાંધાના પ્રમાણમાં થાય છે

હે બહેનો! જ્યારે સ્ત્રીઓને પ્રથમ રજોદર્શન દેખાવ દે છે, ત્યારે કેટલીક અજ્ઞાત સ્ત્રીઓ ભયથી બહાવરી બને છે. પણ તેમા કોઈ પણ તરેહના ભયનું કારણ નથી પરંતુ શરીર તે વખતે સ્વસ્થ અને સબળ રહે, તેવા ઉપાયો દરેક સ્ત્રીઓએ યોજવા જોઈએ.

હે બહેનો! અટકાવ આવવા આગમચ કમરમાં દુ:ખાવો થાય છે. પેઢામાં કોઇ ચીરી નાખે એવું કળતર થાય છે. સુસ્તી આવે છે અને જરા જરા કામ કરતાં થાક લાગે છે. વળી સુઇ રહેવાનું મન થાય છે, સ્તનમાં

દુઃખાવો વિગેરે ચિન્હો થાય છે; પરંતુ પ્રથમના અટકાવ કરતાં પછીના અટકાવોના પ્રસંગમાં ઝાઝી પીડા થતી નથી.

હે બહેનો ! યોગ્ય ઉમર થયે અટકાવ આવતો નથી તેને કોઇ કોઇ વખત ક્ષય, હિષ્ટેરીયા વિગેરે રોગો લાગુ પડેછે. અને તેવા રોગોનું મૂળ ભેજવાળી જગામા રહેવાથી, નવરાં બેસી રહેવાથી, સુખમાં દિવસ ગાળવાથી, ઘણું ઉંઘવાથી તથા હમેશ ગુસ્સો રાખવાથી અને શરીરની નબળાઈ છે.

હે બહેનો ! અજ્ઞાત સ્ત્રીઓ કોઈ કોઈ વખત લગ્ન પ્રસંગમાં લ્હાવો લેવા અટકાવને અટકાવવા દવા વિગેરે કરે છે પરંતુ તેમ કરવાથી ઘણો માઠો બનાવ બને છે ગર્ભ સ્થાનમા સોજો આવવા ઉપરાંત લોહીનો જોસ વધે છે માટે સમજુ સ્ત્રીએ કોઈ પણ દિવસ તેવી રીતે નહીં કરતાં કુદરતી રીતે, પુખ્ત ઉમરે તે બંધ થાય તે શિવાય થતા રુતુઆવને અટકાવવો નહીં.

હે બહેનો ! રજોદર્શનના વખતમાં સ્ત્રીઓએ કેમ વર્તવું તેને માટે શાસ્ત્રની આજ્ઞા એવી છે કેઃ—

प्रथमेऽहनि चांडाली द्वितीये ब्रह्म घातिनी ।
तृतीये रजकी प्रोक्ता चतुर्थेऽहनिशुध्यति. ॥

ब्रहन्नारदीय पुराण.

રજસ્વળા સ્ત્રીઓનું સ્વરૂપ પ્રથમ દિવસે ચાંડાલણના જેવું સમજવું, જેમ ચાંડાલણને અડકવામાં દોષ છે, તેમજ પ્રથમ દિવસે અડકાએલી સ્ત્રીને અડકવાથી દોષ લાગે છે બીજે દિવસે બ્રહ્મહત્યા કરનારી સ્ત્રીના જેવી જાણવી ત્રીજે દિવસે ધોબણ જેવી જાણવી અને ચોથે દિવસે શુદ્ધ થાય છે માટે ઉપરના બતાવેલા ત્રણ દિવસમાં અડકાયલી સ્ત્રીને અડકવું નહીં

હે બહેનો !

વળી કહ્યું છે કે:—

स्नानं शौचं तथा गानं रोदनं हसनं तथा ।
यानमभ्यंजनं नारीद्यूनं चैवानुलेपनं ॥
वर्जयेच्च नमस्कारं देवतानां रजस्वला ॥

बृहन्नारदीय पुराण.

રજસ્વલા સ્ત્રીએ નહાવું નહીં, બહુ પવિત્રપણે પણ રહેવું નહીં, ગાવું નહી, રડવું નહીં, હસવું નહીં, પંથ ન કરવો. શરીરે તેલનું મર્દન ન ચોપડવું, તથા દેવતાઓને નમસ્કાર નહીં કરવા.

વળી:—

दिवा स्वप्नं विशेषेण तथावै दंत धावनम् ।
मैथुनं मानसं वापि वाचिकं देवतार्चनम् ॥

રજસ્વલા સ્ત્રીએ દિવસમા સુવુ નહીં ત્રણ દિવસ સુધી કાષ્ટથી દાતણ કરવું નહી, કારણ કે વનસ્પતિ દેવરૂપ છે, માટે તેનો સ્પર્શ કરવાથી પ્રાયશ્ચિત લાગે છે કામનો મનમા જરા વિચાર પણ કરવો નહિ, તેમ વાણીથી પણ વિશયી બાબતોની વાતો કરવી નહી તથા દેવતાઓનુ પૂજન કરવું નહીં

હે બહેનો:—

त्रिरात्रं स्वमुखं नैव दर्शयेच्च रजस्वला ।
स्व वाक्यं श्राव येन्नैव यावत् स्नाता न शुध्यति॥

बृहन्नारदीय पुराण.

રજસ્વલા સ્ત્રીએ ત્રણ રાત્રી સુધી પોતાનું મુખ કોઇને પણ દેખાડવું નહી. તેમ પોતે જ્યા સુધી નાહી નહોય ત્યાં સુધી કોઇને પોતાનો શબ્દ પણ સભળાવવો નહીં

स्नात्वान्यं पुरुषं नारी न पश्येच्च रजस्वला ।
ईक्षेत भास्करं देवं ब्रह्म कूर्चं ततः पिबेत् ॥

बृहन्नारदीय पुराण

રજસ્વાલા સ્ત્રીએ ચોથે દિવસે નાહ્યા પછી પરપુરૂષનું મોહોડુ જોયા પહેલાં સૂર્યનારાયણના દર્શન કરવાં અને બ્રહ્મકૂર્ચ (પંચ ગવ્ય) નું પાન કરીને પોતાના પતિનાં દર્શન કરવાં–મોહોડુ જોવું.

વળી હે બહેનો ! રજસ્વલા સ્ત્રીએ આંખમાં અ-
જન આંજવું નહીં, માથાના વાળ હોળવા નહીં. બ્રહ્મ-
ચર્ય પાળવું. પતિને પણ આયુષ્ય વૃદ્ધિને માટે પોતાનું
મુખ બતાવવું નહીં. પત્રાવળીમાં જમવું. મહેનત કર-
વી નહીં. ભારે ગર્જનાવાળો અવાજ સાંભળવો નહીં.
ભૂમી ખોદવી નહીં. બહુ વાયુ વાતો હોય તેવી જગામાં
રહેવું નહીં. ત્રણ દિવસ ડાભ કે તૃણની ચટાઇ ઉપર
અથવા તો ઉનના કે શણના બીછાના ઉપર સુઇ રહેવું.

હે બહેનો ! બનતા સુધી ગૃહસ્થ જનોએ રજ-
સ્વલા ગૃહ ખસુસ જુદુ કહાડવુ અને એમ થાય તો
રજસ્વલાથી શાસ્ત્રોક્ત રીતે ધર્મ પાળી શકાય. માટે જેને
ઇશ્વરે પૈસા આપ્યા છે એવા જનોએ જરૂર આ મારી
પ્રાર્થના ધ્યાનમાં લઈ રજસ્વલા ગૃહ જુદુ કહાડવા પ્રય-
ત્ન કરવો.

હે બહેનો ! જે સ્ત્રી રજસ્વલા થએ ઉપર કહેલા
ધર્મો નથી પાળતી તે પરિણામે જાતે દુઃખી થઇ, ભવિ-
ષ્યની થનાર પ્રજાને રોગી અને નિર્માલ્ય બનાવે છે
એમાં જરાએ સંશય નહીં.

હે બહેનો ! ઉપરની રીતે ચોથે દિવસે સ્ત્રી શુદ્ધ થાય છે. અને તે દિવસથી બાર દિવસ સુધી એકંદર સોલ રાત્રી સુધી સ્ત્રીનો ઋતુકાળ વિદ્વાનોએ કહેલો છે; તેમાં પ્રથમના ચાર એટલે અટકાવની રાત્રીઓ, તથા અગીયારમી અને તેરમી રાત્રી એ છ રાત્રીઓ સારા લોકોએ સ્ત્રીગમન માટે નિંદેલી છે. બાકી દસ રાત્રીઓ સારી ગણાય છે માટે ગર્ભાધાનની અભિલાષા રાખનાર સ્ત્રીએ પવિત્રમનથી એ દિવસોએ પતિ સમાગમમાં જોડાવું.

હે બહેનો ! ઉપર બતાવેલા શાસ્ત્રોક્ત રીતે ધર્મ પાળી જે સ્ત્રી પોતાના પતિ સાથે સહગમન કરે છે તે સ્ત્રી ઉત્તમ પ્રજાને જન્મ આપનાર માતા ગણાય છે.

હે બહેનો ! પંચ ગવ્ય એટલે ગાયનું મૂત્ર, ગાયનું છાણ, ગાયનું દુધ, ગાયનું દહીં, અને ગાયનું ઘી એ પાંચે વસ્તુઓને એકઠી કરવાથી તે પંચ ગવ્ય કહેવાય છે અને એ પ્રાસન કરવાથી શાસ્ત્રકારો કથી ગયા છે કે દેહની શુદ્ધિ થાય છે.

હે બહેનો ! જેને તે પસંદ પડતું ન આવે તેઓએ એકલું ગાયનું દુધ પીવું. જે પવિત્ર અને ગર્ભને ધારણ કરતા છે.

દિવસ ૭ મો.

પ્રોષિત ભર્તૃકા સ્ત્રીનું કર્તવ્ય.

હે બહેનો ! આજ હું તમોને હવે પ્રોષિતભર્તૃકા સ્ત્રીનું એટલે જેનો પતિ પરદેશ ગયો હોય, તેવી સ્ત્રીનું કર્તવ્ય સમજાવું છુ. કહ્યું છે કે:--

अकृत्वोद्वर्तनं नित्यं पत्यौ देशांतरं गते ।
पत्युर्जीवन रक्षार्थं कर्म कुर्याद निंदितम् ॥

बृहन्नारदीय पुराण.

પતિ પરદેશ ગયો હોય ત્યારે સ્ત્રીએ નિત્ય શરીર ઉપર તેલ વિગેરે ચોળીને નહાવું નહી. પરંતુ શુદ્ધિને માટે સાધારણ સ્નાનજ કરવુ. તથા પતિના આયુષ્યની રક્ષા માટે નિત્ય સૌભાગ્ય વ્રતો કરવા વળી:--

मंडनं वर्जयेन्नित्यं तथा प्रोषित भर्तृका ।
धारयेन्मंगलार्थानि किंचिदा भरणानिच ॥
देवता र धनपरा तिष्ठेद्भर्तृहितं रता ॥ २ ॥

बृहन्नारदीय पुराण.

પ્રોષિત ભર્તૃકા સ્ત્રીએ હમેશા ઝાઝા ઘરેણાં પહેરવાં નહીં

પરંતુ થોડા માગલીક આભુષણોજ ધારણ કરવાં તથા દેવતાઓની આરાધના કરવામા અને પતિનુ હિત કરવામા તત્પર રહેવું

વળી કહ્યું છે કે:--

विधाय प्राषिते वृत्तिं जीवेन्नियममास्थिता ।
प्रोषितत्वविधायैव जीवेच्छिल्पैर गर्हितैः ॥

मनु अ. ९-७५.

જે પતિ ભરણપોષણનો બદોબસ્ત કરીને પરદેશ જાય, તો જ્યા સૂધી પોતાના પતિ પરદેશમા રહે ત્યા સૂધી સ્ત્રીએ પતિવ્રતાના નિયમો પાળીને રહેવુ, પરતુ ભરણપોશણને માટે કઈ પણ બંદોબસ્ત કર્યા વિનાજ પરદેશ જાય તો પછી સ્ત્રીએ રેંટીઓ કાતીને અથવા તો બીજો નિર્દોષ ધધો કરીને પોતાનો નિર્વાહ કરવો

હે બહેનો ! પતિ પરદેશ જાય ત્યારે સ્ત્રીએ સાસુ, સસરાની પાસે સુવું, પરંતુ તેનાથી દૂર બીજી જગાએ જઈ સુવું નહીં. તથા દરરોજ પ્રયત્નથી પતિના સમાચાર મંગાવ્યા કરવા.

હે બહેનો ! સ્ત્રીએ પતિના કુશળ ખબર જાણવા માટે તેની પાસે દુતો મોકલવા, પ્રસિદ્ધ દેવોની પતિના કલ્યાણ માટે પ્રાર્થના પણ કરવી.

હે બહેનો ! શરીરપર ચંદનાદિ સુગંધી પદાર્થો લગાડવા નહીં, ફુલની માળા પહેરવી નહીં, આંખમાં અંજન આંજવું નહિ, નખ કપાવવા નહિ, માથાના વાળ હોળી શોભીતા કરવા નહિ, તથા દાંતને રંગવા નહિ તથા તેને દેદિપ્યમાન બનાવવા નહિ.

હે બહેનો ! પતિ પરદેશ ગયો હોય તેવી સ્ત્રીઓએ રમત ગમત, શરીરનો શણગાર, સભાઓમાં જવું, ઉત્સવ જોવા જવું, બહુ હસવું, તથા પારકે ઘેર જવું આટલી બાબતનો ખસુસ ત્યાગ કરવો.

હે બહેનો ! દાંત કહાડીને ખડખડાટ હસવું નહીં, પરપુરૂષોની સાથે મશ્કરીઓ કરવી નહીં, પારકી ચેષ્ટાઓ જોવી નહીં, મરજી પ્રમાણે ભટકવું નહિ, પરપુરૂષના શરીર વડે પોતાનું શરીર દબાય એમ બેસવું નહીં. હે બહેનો પતિ પ્રદેશ ગયો હોય ત્યારે હરિકીર્તન અને સ્ત્રીઓના ઉત્તમ ચારિત્રોનું અધ્યયન કરવું તે શિવાયનાં શૃંગારી વાતો કે નાટકી પદો વાંચવા કે ગાવાં નહીં.

હે બહેનો ! એક વસ્ત્ર પહેરી ભટકયા કરવું નહી પરંતુ અંદર ચણીઓ પહેરવો નિર્લજ રીતે એટલે

માથાનો છેડો ઉતરી જાય અથવા તો ચોળી ખશી જાય તેમ બેસવુ ઉઠવું નહીં. તથા મરજી મુજબ ફર્યા કરવુ-નહિ, કારણ કે આ દોષો સ્ત્રી જાતને હમેશાં દુખ આપનારાજ કહેલાં છે.

હે બહેનો ! પતિ પરદેશ ગયો હોય ત્યારે સ્ત્રીએ વિવાહાદિ ઉત્સવ જોવંને જવું નહિ વળી પતિને દુઃખે દુઃખી આનંદે આનંદ માનવો. પતિ પરદેશ હોય ત્યારે મલીન રહેવું, દુબળી થાય, તેની પાછળ મરે એવી સ્ત્રી પતિવ્રતા જાણવી.

દિવસ ૮ મો.

ગર્ભવતી સ્ત્રીનું કર્તવ્ય.

હે બહેનો ! આજ હું તમને સ્ત્રીઓ ગર્ભ ધારણ કરે છે તે વખતે કેમ ચાલવું તે વિષય ઉપર વિવેચન કરી બતાવું છું તે ધ્યાન પૂર્વક સાંભળશો.

હે બહેનો ! સ્ત્રી રજસ્વલા થયા પછી ચોથે દિવસે સ્નાન કરી શુદ્ધિને પામે છે એટલે પ્રજોત્પતિની અભિ-

લાષા શીખનાર સ્ત્રીએ તે દિવસે પોતાના પતિ સાથે સમાગમમાં જોડાવું. જુવો તેને માટે શાસ્ત્રમાં કહ્યુંછે કેઃ-

ऋतु स्नाता तुया नारी भर्तारंनोपसर्पति ।
सामृता नरकं याति वैधव्यं च पुनः पुनः ॥

જે સ્ત્રી ઋતુ પ્રાપ્ત થયા પછી સ્નાન કરીને પોતાના સ્વામીની પાસે જતી નથી, તે સ્ત્રી મુઆ પછી નર્કમા જાય છે, અને તેને વારંવાર વિધવાપણુ ભોગવવુ પડે છે.

હે બહેનો ! આ ઉપર મુજબ સમીલન થતાં પિતાના શરીરમાંથી જે દિવસે વિર્ય નીકળી માતાના વિર્યની સાથે મળી ગર્ભમાં જઇ પડે છે, તે સંતાનના જન્મનો પહેલો દિવસ છે. અને તે દિવસથી બરોબર દસ માસ અને દસ દિવસ ગર્ભનો સમય ગણાય છે. ગર્ભાશયમાં ટકી રહેલું તે વિર્ય ગર્ભરૂપ થઇ દિવસે દિવસે વૃદ્ધિ પામતું જાય છે. અને પૂર્ણ દિવસે તે પ્રસવસ્થાન દ્વારા બહાર નીકળે છે.

હે બહેનો ! પોતાના પતિની સાથના ગમનથી ગર્ભ ધારણ કર્યો છે એવી તે સ્ત્રીના શરીરમાં તેજ વખત શ્રમ, ગ્લાની, તૃષા, પીંડીમાં પીડા તથા પ્રસવસ્થાનનું

ફરકવું વગેરે ચિન્હો થાય છે. તેમજ ગર્ભ રહ્યા પછી મહિને કે પંદર દિવસે સ્તનના મુખ કાળાં થાય છે. રૂવાડાં ઉભાં થાય છે. તથા આંખની પાંપણો બાઝી જાય છે. વળી ઉલટી, સારા સુગંધી પદાર્થોમાં દુર્ગંધ આવવી, મોઢામાં પાણી આવવું અને શરીરમાં કળતર ઈત્યાદી ચિન્હો પણ થાય છે. ગર્ભ રહ્યા પછી એક માસે સ્ત્રી અને પુરૂષના રજ તથા વિર્યનું સર્વાંશે મળવું થાય છે.

હે બહેનો! તે ગર્ભ ૪૦ મે દિવસે મનુષ્યના બચ્ચાના સ્વાભાવિક આકારને પામતો જણાય છે. અને બે મહિનામાં તેનાં અંગના સઘળા અવયવો પૂર્ણ અવસ્થાને પહોંચે છે. તે વખત તેનો આકાર મનુષ્યના જેવો ભાસે છે. ચક્ષુની જગ્યાએ બે કાળાં બિન્દુ હોય છે, આંખની પાપણનું લક્ષણ જણાય છે, ભેજુ થઇ રહ્યું છે તે પણ માલમ પડે છે. ત્રણ મહિનામાં બચ્ચાનાં સમસ્ત અંગ રચાઇ સ્વાભાવિક રૂપને પામે છે. આંખ, કાન, નાક; મોંઢુ, પગ વિગેરે સઘળાં બહારના અવયવ સ્પષ્ઠ દેખાય છે; તેમજ શરીરની અંદર પણ ઇંદ્રિયાદિ અનેક અવયવો જન્મે છે. ચાર મહિનામાં માથાથી પગ સુધી અંદર અને બહારના સઘળા અવયવો નિયમ પ્રમાણે

વધતા જાય છે પાંચ મહિનામાં બચ્ચાની અતિશય વૃદ્ધિ થાય છે છ મહિનામાં માથે વાળ ઉગી આવે છે, તથા સર્વ ચિન્હ દેખાય છે, સાતમે મહિને બાળક સંપૂર્ણાવસ્થાને પામે છે આ સમયે બાળક જો પેદા થાય તો પણ તે બચી શકે છે આપણા દેશમાં ઘણી સ્ત્રીઓને સાતમે મહિને બચ્ચુ અવતરે છે, અને સ્વાભાવિક રીતે મોટાં થઈ સંસાર ધર્મ ચલાવતા દેખાય છે. આઠમા મહિનામાં બચ્ચાના અગ પ્રથમ કરતા વધારે પરિપૂર્ણતાને પામે છે. નવમા મહિનામાં અંદર અને બહારના સઘળા અવયવોની સાથે પરિપૂર્ણતા અને પરિપકવતાને પામી બાળક સ્વતંત્ર રીતે પોતાના જીવની રક્ષા કરવાને સંપૂરણ યોગ્ય થઇ રહે છે.

હે બહેનો ! નવમા મહિનામા પણ પ્રસવ થવાની ઘણી સંભાવના હોય છે, અને તે વખતે પ્રસવ થવાથી બચ્ચાંને કઈ હરકત નથી એવું ઘણા વિદ્વાન વૈદ્યોનું કહેવું છે.

હે બહેનો ! આઠમા મહીને ગર્ભ સાથે સંબંધ રાખનાર નાડીથી માતા ગર્ભનુ અને ગર્ભ માતાનું લોહી વારંવાર ગ્રહણ કરે છે, અને તે એવી રીતે કે બચ્ચાની

ડુંટીમાંથી નળ જેવી એક આંતરડાની નળી નીકળી આવે છે, અને તે વાટે માના શરીરનું લોહી બચ્ચાના શરીરમાં જાય છે.

હે બહેનો! જ્યારે સ્ત્રી ગર્ભવતી થાય ત્યારે તેણે શાસ્ત્રમાં કહેલા નિયમો પાળવા તત્પર રહેવું જોઇએ જુવો આપણા પવિત્ર બૃહન્નારદીય પુરાણમાં કહ્યુ છે કે-

ગર્ભીણી સ્ત્રીએ હમેશા મોહોડું પ્રસન્ન રાખવું, પોતાના ધર્મમા પરાયણ રહેવું, બહારથી તથા અંદરથી સ્વચ્છ રહેવું, ગર્ભનુ રક્ષણ કરવુ, સુદર વસ્ત્રો પેહેરીને શણગાર સજવો અને ઘરના વસ્તુ દેવતાની પૂજામાં તત્પર રહેવું

હે બહેનો! ગર્ભવતી સ્ત્રીએ દુષ્ટ સ્ત્રીઓની સાથે વાતચીત કરવી નહીં, સૂપડાને પવન લેવો નહીં, જેના છોકરા મરી જતાં હોય તેવી સ્ત્રીઓની સાથે બેસવા ઉઠવાનો સબંધ રાખવો નહીં તથા પારકે ઘેર ભોજન કરવું નહીં.

હે બહેનો! બિભત્સ એટલે ચીતળી ચઢે તેવી કોઈ પણ વસ્તુ જોવી નહીં, ભયંકર વાત સાંભળવી નહિ, ભારે અથવાતો અત્યંત ગરમ ખોરાક ખાવો નહિ

હે બહેનો ! મત્સ્ય પુરાણુમાં કહેલું છે કે:—

ગર્ભવંતી સ્ત્રીએ બહુ લુખો ખોરાક ખાવો નહીં, બહુ ખાટો ખોરાક પણ ખાવો નહીં, અકરાંતિયાવેડા પણ કરવા નહીં, તેમ અત્યંત શીતલ, અત્યંત ઉષ્ણ તથા ભારે ખોરાક પણ ખાવો નહીં.

હે બહેનો ! ગર્ભીણી સ્ત્રીએ પંચમાસીની ક્રિયા થઈ ગયા પછી ઉગ્ર એટલે સખત ઔષધો અને ખાર ખાવો નહીં. મૈથુન સેવવું નહીં, તેમ ભાર ઉપાડવો નહીં.

હે બહેનો ! આપણા પવિત્ર પદ્મપુરાણુમાં કહ્યું છે કે:—

ગર્ભીણી સ્ત્રીએ હાથી, ઘોડા, પર્વત તથા ઉંચી હવેલી વિગેરેપર ચડવું નહીં, કસરત કરવી નહીં, ઉતાવળથી ચાલવુ નહીં તથા ગાડીપર બેસીને પ્રવાસ કરવો નહીં.

હે બહેનો ! ગર્ભવતી સ્ત્રીએ સાવરણીપર, મુસળ પર તથા ખાંડણીઆ પર બેસવું નહિં, પાણીમાં ઉંડા ઉતરીને નાહાવું નહીં, ઉજ્જડ ઘરમાં જવું નહીં.

હે બહેનો ! રાફડાપર બેસવું નહીં, મનમાં ઉદાસ થવું નહીં, નખથી પૃથ્વીને ખોતરવી નહીં, કોયલાથી કે

રાખથી ભીંતપર કે જમીનપર લખવું કે લીટા કરવા નહિ. સદા સુઇ રહેવાની ટેવ રાખવી નહીં, સાળનાં ફોતરાંપર, અંગારાપર, રાખપર, હાડકાંપર તથા ઘડા વિગેરેનાં ભાંગેલાં ઠીકરાંઓપર બેસવું નહીં.

હે બહેનો ! વળી ગર્ભવતી સ્ત્રીએ ઘરમાં કજીઓ કરવો નહીં, શરીરને બહુ વાંકું વાળવું નહી, માથાના વાળને છુટા મૂકીને ઉભા રહેવું નહીં તથા કોઇ પણ દિવસ અપવિત્ર રહેવું નહીં, પરંતુ નાહીને સ્વચ્છ રહેવું.

હે બહેનો ! વળી મત્સપુરાણમાં કહ્યું છે કેઃ–

ગર્ભવતી સ્ત્રીએ ઉત્તર દિશા તરફ માથું કરીને સુવુ નહીં, તેમ કોઇ દિવસ જમીન ઉપર નીચે માથુ લટકે તેમ પણ સુવું નહીં, વસ્ત્ર વગરના થઈ સુવું નહિ, એઠે મોહોડે સુવું નહીં, તેમ ભીને પગે સુવું નહિ, પરંતુ પગને ધોઈ લુછી નાંખી સુવું.

હે બહેનો ગર્ભવંતી સ્ત્રીએ અમાંગલિક વાણી બોલવી નહીં, વધારે હસવું નહીં, સંધ્યા કાળે જમવું નહીં, તથા હમેશાં ઝાડની નીચે ઉભા રહેવું નહીં તેમ ત્યાં જવું પણ નહિ.

હે બહેનો ! ગર્ભીણીએ હમેશાં મોહોડું ચઢાવ્યું રાખવું નહીં, ખાટલાની છાયાતળે ઉભા રહેવું નહિ તથા સહેવાતા પાણીમાં સર્વ ઔષધિઓ નાખીને તે પાણીથી નાહાવું.

હે બહેનો ! ગર્ભવતી સ્ત્રીએ ઝાડપર, કીલ્લાપર ચડવું નહીં, સમુદ્રમાં મુસાફરી કરવી નહીં તથા ઉંડી ખાઇને પણ ઉલ્લંઘવી નહીં.

હે બહેનો ! જે ગર્ભવતી સ્ત્રી ઉપર પ્રમાણે આચરણ કરે છે, તે જે પુત્રને જન્મ આપે છે, તે સ્થિર આયુષવાળો અને બુદ્ધિમાન થાય છે.

હે બહેનો ! ઉપર આપણે કહી ગયા છીએ કે નવમો અને દસમો માસ ઘણું કરીને પ્રસવ કાળ કહેવાય છે, તે વખતે ગર્ભ સ્થિર થઇ રહે છે તેથી તેની પુષ્ટીને માટે સ્નેહાદિક ઉત્તમ પદાર્થોનો ઉપયોગ કરવો જોઇએ; કારણ કે તેથી ગર્ભ અભિવૃદ્ધ થાય છે. ગર્ભની અભિવૃદ્ધિ કરનારાથી વિપરીત પદાર્થોનું સેવન થાય તો ઉદરમાંજ ગર્ભ નાશ પામે છે અથવા ઘણે દિવસે જન્મે છે. સારા ઉપચારોથી સ્નિગ્ધ શરીર અને બળવાળી સગર્ભા

સ્ત્રી ઉપદ્રવ રહિત સુખેથી પ્રસવ કરી શકે છે પ્રસવ વખતે કેટલીક અબળા સ્ત્રીઓને મૂર્છા આવે છે અને તે મૂર્છાથી છોકરૂં જન્મ્યા પછી તેને ભાન રહેતુ નથી, તેથી વખતે ખરાબ પરિણામ આવવાનો સંભવ રહેછે.

હે બહેનો ! પ્રસવ થવાના થોડા દિવસ પહેલાં એટલે નવમે માસે ગર્ભવતી સ્ત્રીને સૂતિકાગૃહ (સુવાવડ ના ઓરડા) મા દાખલ કરવી. સૂતિકાગૃહ સારી રીતે લીપેલું, જોઈતી સામગ્રીવાળું, ઉગમણા અને દક્ષિણા પવનવાળું તથા આઠ હાથ લાંબુ અને ચાર હાથ પહોળુ હોય તો ઉત્તમ ગણેલુ છે વળી તે ઘરમાં અજવાળું હોવું જોઇએ; તેમજ તેમાં થોડી થોડી હવાની આવ જા થાય તેને માટે રસ્તો પણ રાખવો જોઇએ; પરંતુ અતીશય પવનના સપાટા આવતા હોવા ન જોઈએ

હે બહેનો ! વળી તે ગૃહમાં એક ખાળ હોવો જોઇએ, સારાં અને પહોળાં કપડાં, એરંડીયું તેલ, બિછાનું સાફ રહે તે માટે તેપર પાથરવા ઉનનું કે એવુંજ બીજું ગરમ કપડું, ગરમ તથા થંડુ સ્વચ્છ પાણી, સ્ત્રીને પેટે બાંધવાનો પાટો, સૂતરનો દોરો. બુઠ્ઠી કાતર, વાદળીનો કટકો, લાકડાની કથરોટ, ચણાનો લોટ, સાબુ,

મીઠુ તેલ, કપુર, લુગડાંના કટકા, તથા છોકરૂં જન્મ્યે તેનો નાળ કાપ્યા પછી પેટે બાધવાનો પાટો વગેરે સાધનો પ્રસૂતિગૃહમાં તૈયાર રાખવાં જોઇએ.

હે બહેનો! પ્રસવ થવાને આઠ દસ દિવસ બાકી હોય ત્યારે સ્ત્રીઓને અગાઉ કરતાં સારૂં લાગે છે, તેનું શરીર હલકું થએલું જણાયછે; કારણકે બચ્ચું તે વખતે નીચે કેડમાં ઉતરે છે, શ્વાસ પણ ખુલ્લાસાથી લેવાય છે, જીવ આનંદમા રહેછે તથા ફરવા હરવાને ઉમંગ વધેછે.

હે બહેનો! પ્રસવ જલ્દી થવાનો છે એવું જાણવાનાં બીજાં ઘણાં ચિન્હો છે અને તે એ કે જ્યારે ગર્ભવતીનું ઉદર શિથિલ થઇ જાય છે, સાથળમાં શુળ થવા માંડે, વારંવાર પાયખાને જવાની અને પિશાબની હાજત થાય તથા બળતરા થાય ત્યારે એમ સંભવેછે કે હવે પ્રસવ જલ્દી થશે. વળી પ્રસવ થવા પહેલા કેડમાં તથા વાંસામાં વેદના થાય છે, અને પેશાબ વખતે પ્રસવાં સ્થાનના મુખમા કફ આવે છે. આ વખત જો તેને ઠંડી લાગવામાંડે તો ચાહ પાવી, અને ગર્ભસ્થાનમાં દુઃખાવો થાય ત્યારે સ્ત્રીએ હરવું ફરવું જોઇએ; કારણ એમ કરવાથી છુટકારો વહેલો તથા સહેલથી થાય છે.

હે બહેનો! ઉપર પ્રમાણે બધાં ચિન્હો થયા પછી ગર્ભસ્થાનમાં રહેતી કોથળી ફાટીને તેમાંથી પાણી નીકળી જાય છે. પછી શરૂઆતમા જે અત્યંત દુખાવો હોય તે બદલી જઇ કોઈ પણ વસ્તુ નીચે આવતી હોય એવો દુઃખાવો થાય છે. ગર્ભસ્થાન નીચે ઉતરવાથી તે ચાલતા તંતુઓપર દબાણ થય છે અને તેથી પગમાં તથા જાંગમાં ચુથારો થાય છે પરંતુ હરવા ફરવાથી ઝાઝો ચુથારો થતો નથી

હે બહેનો! પ્રસવ થવોએ કુદરતી નિયમ છે, ઇશ્વરી લીલા છે, માટે તેને સ્વાભાવિક રીતે થવા દેવો જોઇએ. નકામાં માથા મારી પોતાનું ડહાપણ તે વખતે દોડાવવું નહીં. વખતે દવા દારૂ કરવા જેવો સંભવ જણાય તો તે કાબેલ વૈદ્યની સલાહથી અથવા તેવા અનુભવી વૈદ્યને હાથેજ કરવા દેવી.

હે બહેનો! પ્રસવસ્થાનની આગળ જે દુઃખાવો થાય તેને અટકાવવો નહી; કારણ દુઃખાવાને લીધેજ ગર્ભસ્થાન તથા બીજા ભાગો પહોળા અને પોચા થાય છે. તેમ બચ્ચાંને બહાર આવવાને સહેલો રસ્તો મળે છે. પ્રસવ થતાં પહેલાં ગર્ભસ્થાન નીચે ઉતરે છે પછી

તેનું દ્વાર મોટું થાય છે અને ત્યાર બાદ બચ્ચું બહાર આવે છે. દ્વાર મોટું થાય તે વખતે સ્ત્રીઓએ હરફર કરવાની અવશ્યક્તા છે.

હે બહેનો ! ગર્ભિણી સ્ત્રીને નવમો માસ બેસે અને સૂતિકાગૃહમા લઈ જવામાં આવે તે વખતથીજ તેને સૂયાણી સાથે મિત્રાચારી કરાવવી જોઇએ. કારણ કે સૂયાણીને પ્રસવ વખતે બોલાવવાથી લજ્જાને લીધે સ્ત્રી મનમાં સંકોચાય છે. સૂયાણીએ જણનારી સ્ત્રીના ગર્ભ માર્ગને પ્રસવસ્થાનના મુખ તરફ હાથ જાય તેમ તેલથી ચોળીને પછી ગર્ભથી આસપાસ રહેલો નાડીનો બંધ છુટે અને કેડનો પાછલો ભાગ, બરડો, બસ્તી તથા માથામા વેદના દેખાય ત્યારે હળવે હળવે ચોળવું અને ગર્ભ મુખમાં આવે ત્યારે તેથી પણ વધારે ચોળવું, આ ક્રિયા ગર્ભ બહાર આવે ત્યાં સુધી કરવાની છે, વખત વિના ગર્ભને પ્રવાહમા લેવાથી તે બહેરો મુંગો, મસ્તકની પીડાવાળો, કાસ, શ્વાસ અને શોષથી પિડિત તથા દુબળો થાય છે

હે બહેનો ! પ્રસૂતિ વખતે સૂતિકાગૃહમાં ચાર સૂયાણી શિવાય બીજી વિશેષ સ્ત્રીઓએ રહેવું જોઇએ

નહિ. કારણ કે તે વખતે આસપાસની લાગતી વળગતી ઘણી સ્રીઓ એકઠી થઇ પરસ્પર ધુસમુસ ધુસમુસ વાતો કરી ઘોંઘાટ મચાવી મૂર્ખ સ્રીઓ અગર્ભા સ્રીની દયા ખાઇ બોલે છે કે ફલાણી સ્રી તો જણીને ઢળી પડી; આને પરમેશ્વર ખેર કરે. આ પ્રમાણે વાતો થવાથી સુવાવડીનો જીવ ચિંતાતુર થાય છે. અને વખતે ખરાબ પરિણામ આવે છે માટે તેમ બીલકુલ થવું ન જોઇએ.

હે બહેનો ! સુવાવડીનું બીછાનું ઝોલ ન પડે તેવું સીધુ હોવુ જોઇએ. ઝોલ પડતા બીછાનાથી તેને સુખ થતુ નથી વળી એક ચાદર ખાટલાના પાયા જોડે બાંધી બીજો છેડો પ્રસૂતા સ્રીના હાથમાં આપવો કે તેને બળ કરવામાં તે મદદગાર થઇ પડે

હે બહેનો ! ગર્ભ જેમ જેમ નજીક આવતો જાય તેમ તેમ સ્રીએ વધારે બળ કરવુ જોઇએ. જેથી ગર્ભ સહેલાઈથી બહાર નીકળી શકે છે. ગર્ભનું માથુ ગર્ભ સ્થાનના મોઢામાં આવે કે તરતજ સ્રીએ યુક્તિથી ડાબી બાજુએ સુવું. માથુ બહાર દેખાય તો તરત તેને જમણા હાથની હથેળીમાં સૂયાણીએ લેવું, પણ જોરથી

દાબવું નહીં. જેમ જેમ ખાંધ અને શરીર બહાર આવતું જાય તેમ તે માથુ સૂયાણીએ હળવે હળવે પોતાના તરફ લેવું માથુ બહાર આવે બીજી સ્ત્રીએ પ્રસવવાળી સ્ત્રીના પેટપર હાથવડે જોડથી દબાણ કરવું અને છેવટ પાટો બંધાય ત્યાં સુધી હાથનું દબાણ કાઢી લેવું નહિ; અને જેમ જેમ તે છોકરાને ગતિ મળતી જાય તેમ તેમ દબાણ પણ નીચે ઉતારતાં જવું.

હે બહેનો ! છોકરાનું ફકત માથુંજ બહાર આવ્યું જણાયતો હળવેથી તેની બગલમાં આંગળી ઘાલી ઘણી સંભાળથી તેના શરીરને બહાર કહાડી લેવું.

હે બહેનો ! આ કામ કરતાં જો જરા પણ ગફલત થઇ તો છોકરાને ફાંસો આવી જાય છે. માટે સૂયાણી સ્ત્રીઓએ બહુ સાવચેતી રાખવી જોઇએ.

હે બહેનો ! છોકરૂં જન્મે કે તરત એક સ્ત્રીએ તે છોકરાંની અને બીજી સ્રીએ સુવાવડીની માવજત કરવા માંડવી. છોકરાના શરીરપર ઠંડુ પાણી નાંખવું અને તેના ગળામાં રહેલો ચીકણો પદાર્થ કાઢી નાખવો. વખતે કોઈ છોકરાની આસપાસ કંઇ પડ જેવું જણાય

તો તેને પણ નખથી ફાડી નાંખવું. હે બહેનો! એમ કરવામાં જો તુરત સંભાળ લેવામાં નથી આવતીતો છોકરૂં મરણ શરણ થાય છે.

હે બહેનો! છોકરૂં જન્મે કે તરત શ્વાસો શ્વાસ લેવા માંડે છે અને રડે છે. તેના શ્વાસો શ્વાસ બરોબર ચાલે ત્યારે ડુંટીથી આશરે બે ઇંચ છેટે સુતરનો તૈયાર રાખેલો દોરો, ચોગણો અથવા છગણો કરી નાળને બાધવો. વળી તેથી પણ ચાર આંગળને છેટે બીજો દોરો બાંધવો. અને બંને બંધનની વચમાથી નાળ કાપવો. આ પ્રમાણે નાળ કાપવાથી રક્તસ્ત્રાવ થશે નહીં નાળ કાપ્યા પછી ઓર સાથે વળગેલો કટકો એક સ્ત્રીએ મજબુત પકડી રાખવો. નહીતો નાળનો કટકો અંદર પાછો જતો રહેશે.

હે બહેનો! બાળક અવતર્યા પછી જો તે ન રડેતો પીઠપર અથવા કમરપર હથેલી વતી અથવા આંગળાંથી જરા જરા પ્રહાર કરવા અથવા કપુરને તેલમાં બોળી તેનો ધુમાડો બાળકના નાકની અંદર જાય તેમ કરવું જોઇએ. અથવા ગરમ પાણીથી બાળકને નવરાવવું.

હે બહેનો! ઉપર પ્રમાણે સઘળી ક્રિયા થઇ રહ્યા

પછી બાળકના શરીર ઉપરનો ચીકણો પદાર્થ સાબુ, ચણાનો લોટ અથવા એવા બીજા પદાર્થથી ધીમે હાથે ચોળી સહેજ સાજ ગરમ પાણીથી બાળકને નવરાવવું. અને વાદળી કે કોઈ સુવાળા લૂગડાનાં કડકાથી બાળકના શરીરને ધોવું નવડાવતી વખતે તેના નાક, કાન કે મોઢામા પાણી ન જાય એની સંભાળ રાખવી.

હે બહેનો! બાળકને નવરાવ્યા પછી સાફ કપડાથી તેનું શરીર લુછી નાખવું અને કોઇ પણ જગાએ જરા પણ ભીનાશ રહેવા દેવી નહીં. પછી તેના શરીરે મીઠું તેલ ચોપડવું. બાદ કાપેલી નાળ ઉપર પૂરતુ સુવાળું સ્વચ્છ કપડુ લપેટી બાળકને પેટે પાટો બાંધવો. આ પ્રમાણે કરવાથી એક બે દિવસમાં નાળ ખરી પડશે અને ડુટી ઉપર જો લોહી નીકળતું હોયતો રૂ બાળી તેની રાખ તે ઉપર દબાવવી.

હે બહેનો! જન્મ્યા પછી બાળકને બે ત્રણ દિવસ સુધી ફક્ત ગળથુથી ઉપરજ રાખવું. પણ ધવરાવવું નહીં. કારણ સુવાવડી સ્ત્રીને બે ત્રણ (અડતાલીસ કલાકે) દિવસે ધાવણ આવે છે. અને તે ધાવણમા રેચક ગુણ રહેલો છે; તેથી તે બાળકની મલ શુદ્ધિ થાય છે. કદાચ

તેમ ન થાયતો થોડુ એરંડીયું મધ સાથે મેળવી ચઢાડવું.

હે બહેનો! આપણે ઉપર કહી ગયા તેમ છોકરૂ જન્મે કે તરત સ્ત્રીને ચતી સુવાડી પેટપરનો ભાગ સારી રીતે દબાવવો. ઓર બહાર પડે ત્યારે પાટો બાંધ્યા પછીજ આ હાથનો દાબ દૂર કરવો ઘણુ કરીને પ્રસવ થયા પછી સ્ત્રીને પાંચ દસ મીનીટે ઓર પડે છે. અને જો તે બહાર પડતાં વાર થાય તો હળવું હળવુ દાબીને હાથ ફેરવતાં જવો, એટલે ઓર બહાર આવશે.

હે બહેનો! ગર્ભાશયથી છુટી પડેલી ઓર તપાસવા સારૂ ગર્ભાશયના દ્વારની નાળ પકડી જરા ખેંચવી અને જો તે છુટી પડી હશે તો તરત બહાર આવશે. પરંતુ નાળ ખેંચીનેજ ઓર બહાર કાડવાનો કદી પ્રયત્ન કરવો નહી; કારણુ તેથી બહુ નુકશાન થાય છે.

હે બહેનો! ઓર બહાર પડયા પછી સ્ત્રીના બગડેલા ભાગો ગરમ પાણીથી લુછી નાખવા, આ વખત સ્ત્રીના શરીરમાંથી એકદમ ઘણુ લોહી પડી જાય છે. તેથી સુવાવડીનું શરીર નરમ અને ઠંડુ થઇ જાય છે.

એટલા માટે તેને ગરમ લુગડાં, પગમાં ગરમ મોજાં પહેરાવવાં વળી કેટલાકોનો એવો પણ મત છે કે જો સુક્ષમ તાપ આપવામાં આવે તો તેથી શરીર બળવાન થઈ તાકાત આવે છે. પરંતુ સુવાવડના ઘરમાં ધુમાડો થવાથી મા તથા બચ્ચાની તનદુરસ્તીને વિશેષ હરકત થવાનો સંભવ છે. માટે તેવી રીતે ન થવા દેતાં કોલસાના તાપનો ઉપયોગ કરવો વધારે સારો છે.

હે બહેનો ! પ્રસવ થયા પછી સુવાવડીને તેના પહેરેલાં કપડાં તરત બદલાવી નાખી, સ્વચ્છ કપડાં પહેરાવી, શાંતપણે સુવાડી રાખવી જોઈએ; કે તેથી શ્રમને લીધે તે સ્વસ્થપણે ઉંઘ લેઇ શકે. શરદી કે ખરાબ હવા ન લાગવા માટે તેના ઓરડામાં દેવતાની શગડી રાખવી. પણ હે બહેનો ! રાત્રીએ એવા પ્રસુતિગૃહમાં કેરોશીન (ગ્યાસ તેલ) તેલનો દિવો કદી બાળવો નહીં. કારણ તેની થતી ધુણી બાળકના તથા માના શ્વાસોશ્વાસમાં ભરાઇ જઇ કાળજામાં દાહ ઉત્પન્ન કરે છે.

હે બહેનો ! સુવાવડી સ્રીને હલકો અને પચી શકે તેવો સારો પૌષ્ટિક ખોરાક આપ્યા કરવો તથા કમતીમાં

કમતી દસ દિવસ સુધી ગરમ કરેલા પાણીમાં વાવડીંગ નાખીને ઠારીને પીવા આપવું.

હે બહેનો ! આ વખતે સ્ત્રીને જરા ઠંડી લાગી તાવ પણ આવે છે. પરંતુ તેથી ગભરાવું નહીં કારણ તે પ્રસવ વેદનાનો હોવાથી પાછો તુરત જતો રહે છે. અને તાવ ઝાઝો વખત ચાલુ રહે તથા ઝાડો થતો જણાયતો તેને માટે ઇલાજ કરવો જોઇએ.

હે બહેનો ! સુવાવડી સ્ત્રીને એક મહીના સુધી પ્રદર નામનો રસ ઝર્યા જાય છે અને તેથી ગર્ભસ્થાનમાં જેટલો દુરગંધી ભાગ રહેલો હોય તે એક મહીનામાં બહાર નીકળી જાય છે.

હે બહેનો ! સુવાવડમાં જરૂરના કારણ સિવાય કોઈ પણ જાતની ઔષધી આપવા જરૂર નથી. વળી કેટલીક સ્ત્રીઓ પ્રસવ થયા પછી કેટલીક જાતની દવાની પોટલી પહેરે છે. પરંતુ તેમ કરવું વ્યર્થ છે; કારણ કુદરતનો એવો નિયમ છે કે પ્રસવ વખતે વિસ્તૃત થએલો ભાગ અમુક વખતે પાછો તેની મેળેજ સંકુચિત થઇ જાય છે.

હે બહેનો ! આપણા દેશમાં ૩૦-૪૦ દિવસ સુધી સુવાવડીને સુતિકા ગૃહમાં રાખવાનો રીવાજ છે તે બહું ઉત્તમ છે. કારણ તેથી તે સ્રીનુ શરીર સુદ્રઢ થઈ સ્વાભાવિક અવસ્થાને પામે છે. અને તેથી સબળ માના ધાવણુથી બાળક પણ મજબુત અને પ્રફુલ્લીત થાય છે; માટે તે અવસરમાં તેને જે ખોરાક આપવામાં આવે તે સારો પૌષ્ટિક આપવો જોઇએ. એમાં બનતા સુધી કંજુસાઇ કરવી નહીં. કારણ તેને જે ખોરાક મળે છે તે પર તેનો એકલીનો નહી પણ તે સાથે બાળકની જીન્દગીનો આધાર રહેલો છે.

હે બહેનો ! સુવાવડી સ્રીએ ઠંડા પાણીમાં, છો વાળી તથા ભીની જગામાં કદી બેસી રહેવું નહિ; તેમ તે અવસ્થામાં કોઇની પણ સાથે વધુ વાતચીત કરવી નહીં; કારણ પ્રસવની વેદનાથી નબળી પડી ગએલી મગજ શક્તિને લીધે બહુ બોલવાથી તથા ભીનામાં બેસી રહેવાથી શરીરની તંદુરસ્તીની હાની થાય છે.

દિવસ ૯ મો.

વિધવા સ્રીઓના ધર્મ.

—:+:—

હે બહેનો ! હવે હું તમને જે સ્રીનો પતિ મરી ગયો હોય એવી વિધવા સ્રીએ કેમ ચાલવું તે :કહી બતાવું છું.

હે બહેનો ! શાસ્રમાં પતિ મરણ પામ્યા પછી તેની વિધવા સ્રીને બે કર્મો કરાવાનાં કહ્યાં છે.

पत्यौ मृतेतु भार्याणां विधिद्वय मुदीरितम् ।
वैधव्यं पालयेत् सम्यक् सहाग्नि गमनेंतुवा ॥

બૃહન્નારદીય પુરાણ.

જેનો પતિ મરણ પામ્યો હોય એવી વિધવા સ્રીએ કા તો સારી રીતે વિધવાનો ધર્મ પાળવો અથવા તો પતિની સાથે બળી મરવુ.

હે બહેનો ! જે સ્રી પતિના મરણ પછી સદાય વિધવાના ધર્મ પાળે છે, તે સ્રી પોતાના પતિને પરલોકમાં મળીને સ્વર્ગ લોકમાં જાય છે.

હે બહેનો ! પતિ મરી ગયા પછી વિધવા સ્ત્રીએ ઉત્તમ એવાં ફુલ, ફળ તથા મુળ ખાઈને શરીરને પાડી નાંખવુ પરંતુ પરપુરૂષનું નામ પણ લેવું નહીં.

હે બહેનો ! પતિ મરી ગયા પછી જે પતિવ્રતા સ્ત્રી બ્રહ્મચર્ય પાળે છે, તે પુત્ર વિનાની હોય તો પણ બ્રહ્મચારીઓની પેઠે સ્વર્ગમાં જાય છે.

હે બહેનો ! ગરૂડ પુરાણમાં કહ્યું છે કે વિધવા સ્ત્રીએ માથાપર વાળ રાખવા નહીં કારક કે માથાપર કેશ રાખી તેનો જે સ્ત્રી અંબોડો વાળે છે તે સ્ત્રીનો મરણ પામેલો પતિ બંધનમાં પડે છે. તેમ તેવો કદરૂપો ચહેરો રાખવાથી પરપુરૂષનો ભય પણ ઓછો રહે છે.

હે બહેનો ! વિધવા સ્ત્રીએ સદાય એકજ વખત ભોજન કરવું, પરંતુ કદી પણ બીજી વખત ભોજન કરવું નહીં તથા પલંગપર સુવું નહીં પણ પથારીએ સુવું. પલંગપર સુનારી સ્ત્રી પોતાના પતિને નરકમાં નાખે છે એવું બૃહન્નારદીય પુરાણમાં કહેલું છે.

હે બહેનો ! વિધવા સ્ત્રીએ બાપ, દીકરા કે કુટું-બના વૃદ્ધથી જુદા દૂર સ્વતંત્ર રીતે વસવું એ ઘણુંજ

નિંદિત છે. માટે તેવી રીતે રહેવું નહિ, શરીરે તેલ કે સુગંધી પદાર્થોનું મર્દન કરવું નહીં તથા પાન ખાવું નહીં અને વૃત ઉપવાસના દિવસો આવે તે નિયમથી ઉત્સાહ પૂર્વક કરવા.

હે બહેનો ! ચોમાસામાં પણ વિધવા સ્ત્રીએ એક પદાર્થ એકજ વખત જમવાનો નિયમ રાખવો. કાંસાના વાસણમાં જમવું નહિ, આંખમાં અંજન લગાવવું નહીં, રંગબેરંગી વસ્ત્રો પહેરવાં નહીં, પુષ્પ સેવન કરવું નહીં અને એથી ઉલટી રીતે ચાલનાર વિધવાઓ મહા ઘોર નરકમાં પડે છે.

હે બહેનો ! વિધવા સ્ત્રીએ ચાંદ્રાયણાદિ વૃતો કરી શરીરની ઇંદ્રિયો નરમ પાડવી, સારાં આચરણ રાખવાં, સોગઠાબાજી અગર તેવી બીજી કોઇ રમત રમવી નહીં, રાગ દ્વેષ રાખવો નહીં અને સર્વદા અખંડ બ્રહ્મચર્ય પાળવું. વૈરાગ્યના તથા સંસારપર ઉદાસીનપણું કરાવનારાં નિવૃતિ માર્ગનાં શાસ્ત્રો સાંભળવાં, વાંચવાં; પરંતુ શૃંગારી પુસ્તકો હાથમાં ઝાલવાં નહિ તથા તેનું શ્રવણ પણ કદી કરવું નહીં.

હે બહેનો! પોતાની સમાન વયનો ભાઈ હોય તોપણ તેની સાથે એકાંતમાં રહેવું નહિ, તેમ પરપુરૂષ સાથે કદી વાત કરવી નહિ, મજાક મસ્કરી કરવાની ટેવ રાખવી નહીં, અને મહા વૃત એવું જે બ્રહ્મચર્ય તેનું સંરક્ષણ કરવા જરા પણ ચુકવું નહીં.

હે બહેનો ! વળી ઘણા માણુસના સમૂહમા, વિવાહ પ્રસંગમાં, વૃદ્ધની સંગત વિના તીર્થ યાત્રાએ તથા જહાં ઘણા હાસ્યવિનોદ થતાં હોય ત્યાં જવું નહીં.

હે બહેનો ! પાખંડી, ધૂતારા, સાધુ સન્યાસીઓની સેવનાથી વિધવા સ્ત્રીએ અલગ રહેવું.

હે બહેનો ! વિધવા સ્ત્રીએ તો પુરૂષના વસ્ત્રનો પણ સ્પર્શ કરવો નહીં એવું બ્રહ્મચર્ય પાળવું જોઇએ. અને તેને તો સદા ધોળાં વસ્ત્ર પહેરવાનીજ શાસ્ત્ર આજ્ઞા છે.

હે બહેનો ! ઉપર પ્રમાણે બ્રહ્મચર્યના નિયમો પાળી સદા શાંતી, દયા, પતિવૃતપણું, ગરીબાઈ અને નિરહંકારીપણુ રાખી ઈશ્વર ભજનમાં પોતાનો કાળ નિર્ગમન કરે છે તેજ સ્ત્રી પોતાના પતિને પરલોકમાં સુખ આપનાર પરમ સાધ્વી છે.

હે બહેનો ! વળી ધર્મ શાસ્ત્રમાં કહ્યું છે કેઃ–જો પુત્ર ન હોય તો વિધવા સ્ત્રીએ દર્ભ તથા તિલોદકથી હમેશાં પોતાના સ્વર્ગવાસી પતિનું તર્પણ કરવું, અને પોતાના સસરા અથવા તેમના પિતા મરણ પામ્યા હોય તો તેનું નામ તથા તેના પિતા અને તેના પિતાનું નામ પણ બોલીને નિત્ય તર્પણ કરવું તથા બ્રહ્મચર્ય પાળવું જોઇએ

દિવસ ૧૦ મો.

બાળકની માવજત.

હે મોટા ભાગ્યવાળી બહેનો ! આપણું કહેવું બધું પુરૂં થવા આવ્યું છે. હવે ફકત બાળકની માવજત સંબંધી આર્ય મહિલાઓને પુરતુ ધ્યાન આપવા જોગ વિષય માટે બે બોલ બોલી છેવટ ઉપસંહાર સાથે ચાલતો વિષય પૂર્ણ કરીશુ

હે બહેનો ! મા અને સંતાન એ બન્નેની વચ્ચે કેવો મહાન શારીરિક અને માનસિક સંબંધ જોડાએલો

છે એનું વર્ણન કરવાને આપણે શક્તિવાનજ નથી. પરંતુ તે પરમેશ્વરની અકળિત કળાનો અનુભવ હે વહાલી માતાઓ તમે અનુભવથી જાતેજ કરી લેશો.

હે બહેનો ! માના શારીરિક અને માનસિક ગુણોનું સરખાપણું થયા વિના સંતાન ઉન્નતિ સ્વપ્નવત્ એટલે તેવી પ્રજાથી દેશનુ કશું કલ્યાણ થવાનુ નથીજ. માટે હે ભગિનીએ ! પોતાનું અને દેશનું કલ્યાણ કરનાર–ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની અભીલાષા રાખનારી બાળાઓએ પ્રથમ શારીરિક અને માનસિક એ ઉભય ગુણોની સમાનતાથી ઉન્નત થવું જોઇએ.

હે બહેનો ! દેશનું કલ્યાણ અકલ્યાણ નારિ જાતિના શારીરિક અને માનસિક સુખ દુઃખ ઉપર આધાર રાખે છે, એ અખંડ સત્ય વાત જણાયલી છે; માટે પોતાની તંદુરસ્તીને જાળવી રાખવી તથા બાળકની તંદુરસ્તી સંભાળવા માતાઓએ ખુબ ધ્યાન આપવું જોઇએ; કારણ માતા પિતાની મૂર્ખાઇ અને અધમપણાથી નાનપણમાં બચ્ચાંને બહુ તરેહના રોગ વિકારથી અશકત થઇ જુવાનીમા અનંત દુઃખ, દુર્દશા ભોગવવી પડે છે. આપણા આ દેશમાં બચ્ચાની પ્રકૃતિ અને મનોભાવ

સમજવાના અભાવથીજ બચ્ચાના રોગ ભોગની ચિકિત્સામાં આટલી નિષ્ફળતા જણાય છે. મા પોતાના સંતાનના મનોભાવ અને પ્રકૃતિ સારી પેઠે વધારે સમજી શકે છે; માટેજ બચ્ચાના રોગ ભોગની ચિકિત્સા માના હાથે જેવી રીતે સારી થવાની આશા છે તેવી બીજાને હાથે થઇ શકતી નથી.

એટલાજ સારૂ ખુબ સંક્ષેપમાં બચ્ચાના રોગ ભોગ અને તેની દવાની વ્યવસ્થા વીગતોનું આજ વર્ણન કરૂં છું.

હે બહેનો! બાળક બાળ વયમા પોતાની હાજત જાણી શકતુ નથી. તેમ તેને માટે તેનાથી કાંઈ થઈ શકતું નથી. તેથી તેને માટે બચપણમાં તેની જવાબદારીનું બધુ જોખમ તેની માતા ઉપર રહેલુ છે. માટે જનેતાઓએ પોતાના બાળકની સભાળ માટે યોગ્ય લક્ષ આપવું જોઈએ.

હે બહેનો! બાળકોને યોગ્ય, નિયમસર અને પૂરતો ખોરાક આપવો, શરીરની વૃદ્ધિ અને પ્રફુલ્લિતતા માટે તેને પુષ્કળ સ્વચ્છ પ્રાણવાયુવાળી હવાની જરૂર

છે. ટાઢ અને તાપથી બચાવ કરવા તેને યોગ્ય લુગડાંની જરૂર છે. શરીર અને કપડાની સ્વચ્છતા રાખવી. ધવરાવવાનો નિયમ રાખવો. વારંવાર ધવરાવવાથી બાળકને અજીર્ણ થાય છે. કેટલીક સ્રીઓ બાળક જરા રડયું ને ખોળામાં લેઇ ઝટ ધવરાવા બેસે છે પરંતુ તેની મરજી સમજતી નથી બાળક રડતું હોય તો પણ કલાકે એક વખત શિવાય વધુ વખત ધવડાવવું નહિ; કારણ તેને રડવાનું કારણ કાંઈ આખો દિવસ ધાવવાનુંજ હોતું નથી.

હે બહેનો ! બાળકના મોંમાં સ્તન આપી તેને ઉંઘવા દેવુ નહિ તેમ પોતે તેવી હાલતમાં ઉંઘવું નહીં. તેમ થવાથી બાળકના મોંમાં ચાંદાં પડે છે. બાળકને ધવરાવ્યા પછી સ્તન સાફ લુચ્છી નાખવું કે ચાંદાં પડે નહિ

હે બહેનો ! આપણા આ દેશની સ્રીઓમાં બાળકને ઉંઘાડવા માટે અફીણ તથા તેવી વસ્તુ મિશ્રિત બાળગોળીનું બંધારણ કરાવે છે એ ધારો ઘણો કઢંગો અને બાળકની તંદુરસ્તીને આગળ ઉપર હાનિ કરતા

થઈ પડે છે; કારણ બાળાગોળીથી બાળક સુસ્ત અને મંદ રહે છે, શરીર ગળી જાય છે, અને પેટ મોટું વધે છે, માટે સમજુ અને સુજ્ઞ માતાઓએ કોઇ દિવસ તે ગોળી ખવરાવા ટેવ રાખવી નહિ

હે બહેનો! બાળક જન્મ્યા પછી સાત આઠ માસ સુધી સ્ત્રીને અટકાવ આવતો નથી, ત્યાં સુધી ધાવણ ઘણું પુષ્ટિકારક હોય છે, અને જ્યારે અટકાવ આવે છે ત્યારે ફેરફાર થાય છે માટે તેટલાજ માસ સુધી બચ્ચાંને માતાના દૂધપર રાખવું. અને પછીથી ધવરાવતાં ધીરે ધીરે કમતી કર્યા જવું અને ગાયનું દૂધ ગરમ કરી તેમાં સાકર નાંખી જેમ માફક આવે તેમ થોડા દિવસ આપવું. ત્યાર બાદ દૂધમાં ચોખાનો આટો, આરારૂટ, કે રોટલાનો ભૂકો ઉકાળી આપવા ટેવ રાખવી.

હે બહેનો! હમેશા મન શાન્ત અને ખુશાલી ભર્યું રાખી, બાળકને હસાવી રમાડી પ્રથમ સ્તનમાંથી જરા ડીટડી દબાવી દુધ કહાડી નાંખી, પછી બાળકને માથે હાથ રાખી માતાએ તેને ધવરાવવું જોઇએ. હે

બહેનો ! એ રીતે નહિ કરતાં ગુસ્સો કરી, તેને મારી, ઉદ્વેગ મન રાખી ધવરાવાથી તે પય બાળકને ઝેર સમાન થઇ પડે છે. માટે સમજુ માતાઓએ આ બાબત બહું ધ્યાનમાં લેવા જેવી છે, કારણ ઘણી વખત એવો પ્રસંગ બને છે કે સ્ત્રી કાંઈ કામમા રોકાએલી હોય છે અને બાળક ધાવવા માટે રડારડ કરે છે, તે વખત માતા કટાળી ગુસ્સો કરી બાળકને ધવરાવા જાય છે; પરતુ તેમ ન કરતાં બાળકના હિતાહિતનો વિચાર કરવે એજ સદગુણી માતાનું લક્ષણ છે.

હે બહેનો ! બાળક બાર માસનું થાય એટલે તેને ધાવણ મૂકાવવું અને તેને કાંઈ ને કાંઇ ખાવાની ટેવ પાડવી. પ્રથમ દાળનું પાણી, પછી તે સાથે ભાત અને પછી દાળ ને ભાત એવી રીતે તેને ભાવે તેવો ખોરાક આપવો આપણામાં કેટલાકનું કહેવું એવું છે કે બાળકને નાહાનપણથી ખાધાની ટેવ પાડવાથી એ ડબ્બલ બની જાય છે. તે જો કે વ્યાજબી છે અને તેને ગરચી ગરચી ખોરાક આપવાથી તે તેવું બને છે પણ નિયમસર તેને માફકસર ખોરાકે ચડાવા યત્ન થાય તો તેમ થતું નથી. ઉપર જણાવેલી ઉમરમાં જો

બાળકને ખોરાકની ટેવ પાડવામા નથી આવતી તો કેટલાક બાળકો ઘણી મુદત સુધી ખાવાપર અપ્રીતિજ રાખે છે અને તેથી કેટલીક વખત આપણા હિન્દુ રીવાજ પ્રમાણે માબાપોને કેટલીક મુશ્કેલીઓ સહન કરવી પડે છે માટે ઉપર મુજબ ખાધાની ટેવ ધીમે ધીમે પાડવી એ ઉત્તમ પક્ષ છે.

હે બહેનો ! વળી બાળકને કાચા પાકાં ફળફળાદી, શાક, ભાજી કે અતિશે મિઠાસવાળી ચીજ ખાવા આપવી નહિ; કારણ મીઠાશ ખાધાથી તેને ઘણી વખત કફ થાય છે. તેમ કાચા પાકા ફળ ખાવાથી તે પચાવવા જેટલી તેના જઠરાગ્નિમા શક્તિ હોતી નથી; તેથી અપચાને લીધે હેરાન થવાનો તેને સંભવ રહે છે.

હે બહેનો ! માતા બીમાર હોય, મરી જાય, અથવા તો તેને ધાવણુ ન આવતું હોય તેવે વખતે સારી ધાવ મળી ન શકે તો ગાય કે બકરીના દૂધમા પાણી તથા જરા સાકર નાંખી ઉકાળો તે ઉપર આવેલી તર કહાડી નાખી તે પાવાનો યત્ન કરવો. એવું તૈયાર કરેલું દૂધ માતાના દૂધ જેવો ગુણ આપે છે.

હે બહેનો ! બાળકને તેવું દૂધ ધાતુના વાસણમાં કદી પાવું નહિ પણ ચીની કે માટીના વાસમાં લેઈ પાવું. વળી તેવા દૂધમાં એલાઇચી, જાયફળ આદી ચીજો નાંખવાથી તે બચ્ચાને ભારે પડે છે ને તે નહિ પચી શકવાથી અજીરણ થઇ વરાધ, ઉલટી, ઝાડો અને તાવ વગેરે વ્યાધિ ઉત્પન્ન થાય છે. માટે તેવી ચીજો તેમાં ન નાંખતાં સાદુ દૂધ પાણી મિશ્ર કરી ઉકાળી પાવુ એજ ઉત્તમ છે.

હે બહેનો ! બાળકને માટે જો ધાવ ન મળે તો ધીમે ધીમે દૂધ પીતાં શિખવવું. પરંતુ બજારમાં મળતી દૂધ ચુસવાની શીશીનો ઉપયોગ કરવો નહિ; કારણ કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે એવી રબરની ડીટડીવાળી શીશી બાળકને ઘણું નુકસાનકરતા છે

હે બહેનો ! મા જો બરોબર કચરી પાળે તો બાળકને કોઇ દિવસ વ્યાધિ થતો નથી. માતાઓએ અજ્ઞાનતાથી કોઇ ઔષધ કરવાં નહિ; તેમ અજ્ઞાન લોકોથી પણ ઔષધ મેળવી ખાવું નહિ. કહ્યું છે કેઃ—

कुर्यान्निपतितो मुर्द्धनि सशेषं वासवाशनिः ।
सशेष मातुरंकुर्य्यान्नत्वज्ञ मतमौषधम् ॥

चरक

ઇન્દ્રનુ વજ્ર માથાઉપર પડવાથી પણ જીવવાની આશા રહે છે પરંતુ અજ્ઞાન લોકોના ઔષધ પેટમા જઈ પડવાથી જીવવાની જરા પણ આશા રહેતી નથી

હે બહેનો ! સ્વચ્છ અને કોકરવરણા પાણીથી હમેશ બાળકને સાબુ ચોપડી નવરાવવું. ઉકળતા પાણીથી તથા ઘણું ચોળી ચોળી નવરાવવાની કુટેવ જનેતાએ એ કરવી નહિ. પણ ધીમે ધીમે મસળી નવરાવાથી બાળક પ્રફુલ્લિત તથા ઉત્સાહી રહે છે. વળી દરેક સંધ ઘણી સંભાળથી ધોઇ સાફ કરવા પછી તેવાજ કોકરવરણા પાણીથી એક બે લોટા પાણીની મસ્તકપર ધાર કરવી, પણ કદી ગરમ પાણી રેડવુ નહિં. ઉપરની રીતે નવરાવાથી બાળક સુખમાં રહે છે અવયવ ખીલે છે અને ચરબી આદીનો વધારો થાય છે. અને ગડગુમડા થતા નથી, નાહ્યા પછી સાફ કપડાવતી તેનું શરીર લુચ્છી સાફ કરવું.

હે બહેનો ! વળી આર્ય દેશની અને તેમાં ઘણું કરી ગુજરાત પ્રાંતની (ઘણે ભાગે) સ્ત્રીઓમાં કુમળા

વયના બાળકને તેના ગજ. ઉપરાંત ઘરેણાં ઘાલી શણ-ગારવાની ઘેલછા વધારે પ્રસરેલી દીસે છે. અને એમ ક-રવાનો હેતુ દોલતવાળાં કહેવાવા. અથવાતો બચ્ચાંને રમવાની ઢીંગલી શણગારી આનંદમાની લેવાનો ખોટો અને અજ્ઞાનત ભરેલો ભાવ છે. આથી જેઓને સારા ખોટાની પરીક્ષાજ હોતી નથી એવા બાળકોને ઉલટું સુખને બદલે દુઃખ ઉત્પન્ન થાય છે અને કોઈ કોઈ વ-ખતે તો તેવી માતાની અજ્ઞાનતાને લીધે બાળકોના જા-નની ખરાબી થયાના હજારો દાખલા આપણને મળી આવે છે. માટે બાળકનું શુભ ઇચ્છનાર સમજુ જનેતાએ અણસમજુ બાળકોને દોલતવાળા કહેવાવાની નકામી અભિલાષાએ ન લલચાતાં શણગારવા નહિ.

હે બહેનો! પીશાબ કે પસીનાવાળું બાળકનું ક-પડું થાય તેને તુરત બીજુ સ્વચ્છ વસ્ત્ર પહેરાવી તે બ-ગાડેલું કપડું ધોઇ તાપમાં સુકવી નાખવું.

હે બહેનો બચ્ચાને કદી ખુલ્લે શરીરે રાખવું નહિ ઉઘાડે શરીરે રહેવાથી ઘણી વખતે બચ્ચાં શરદીનું દ-રદ ભોગવતાં દેખાય છે. માટે તેમ ન થવા દેતાં સદા સર્વદા તેનું શરીર સ્વચ્છ કપડાંથી આચ્છાદિત કરી રા-

ખવું ઘણું અગત્યનું છે. વળી પોશાક પાતળા લુગડાનો અને તેપણ ઢીલો શીવડાવવો.

હે બહેનો! બાળકને સ્વચ્છ હવામાં ફેરવવું અતિ ઉત્તમ છે. ત્રણ વર્ષ થાય ત્યાં સુધી તેને દિવસે બે કલાક સુવા દેવું. રાત્રીએ પણ સુવાડી દેવું. સુવાડતી વખતે અજવાળું આવે એવી રીતે સુવાડવું. પરંતુ તેની આંખ ઉપર તડકો કે તેજ ઘણું પડવા દેવું નહિ. કારણ કે તેમ થવાથી તેની આંખને ઘણું નુકશાન થાય છે.

હે બહેનો! બચ્ચાં માટે બીછાનું સ્વચ્છ તથા નરમ રાખવું. વળી તેની શરીરશકિત અનુસાર થોડી કસરત પણ કરાવવી. તે ઉંઘતું હોય ત્યારે તેના મ્હોપર કદી લુગડું નાખવું નહિ. કારણ તેથી તેનો શ્વાસોસ્વાસ રૂંધાય છે. અને તેથી કરીને તે જલદી વધતું નથી. વળી બાળકને ખોળામાં સુવાડી રાખવાની તેમ ગોડીયામાં સુવારી હીંચકા નાખ્યાની ટેવ પાડવી નહીં. કારણ તેવી ટેવથી કેટલીક વખત ભેજુ અતિશય જોરથી હાલી જઈ ઘણી વખત બચ્ચાની તંદુરસ્તીનેનુકશાનીમાં લાવીમેલેછે.

હે બહેનો! બાળક તંદુરસ્ત હોય ત્યારે તેને શિતળા કાઢવાનો અને છ સાત માસની ઉંમરનું થાય ત્યા-

રોજ કઢાવી લેવા એ ઘણું ઉત્તમ છે. શિતળા કઢાવ્યાથી નવદસ દિવસે તેના દાણા ભરાય છે. અને સોજો ચઢી આવે છે. તે વખતે બાલકને ઘણી પીડયા થાય છે અને તાવ આવે છે, પણ તેથી ગભરાવું નહિ. તે તાવ એક બે દિવસે મટી જઇ આરામ થાય છે. તે વખતે કોઇપણ જાતની દવા કરવ ની કાંઈ જરૂર નથી. તે તાવ સોજાનો હોય છે અને તે સોજો નરમ પડેથી કુદરતી રીતેજ તાવ મટી જાય છે. દાણા ઉપર તાડ વધારે થાય તો તે પર ઘી ચોપડવાથી ભીંગડાં ઉખડી જશે અને દુઃખ નરમ પડશે. પણ બાલકને હાથે તે જગાએ ખોતરવા-વલુરવા દેવું નહિ. પણ તેની મેલેજ ઉખડવા દેવું.

હે બહેનો! બાળક ઉંઘી ઉઠે કે તેની આંખ્યો ઠંડા પાણીથી ધોવી એટલે તે સ્વચ્છ અને તેજસ્વી થશે. અને દુખવા આવશે નહિં. તેની આંખમાં ગોદો વાગે નહિ એવી રીતે સંભાળથી તે ધોવી. વળી જેની આંખ્યો આવી હોય એવા બાળકને તેની પાસે લાવવું નહિ તથા તેને તેવા બાળક પાસે જવા દેવું નહિ; તેમ ઓરી, અચ્છબડા, શીતળા, ઉટાંટીયા, દાદર, કોલેરા વિગેરે રોગ જ્યાં હોય ત્યાં બાળકને લેઇ જવું નહિ.

હે બહેનો ! દાંત આવતી વખત બાળકને બહુ વેદના થાય છે. પેઢાં ફુલે છે. પેઢાં ઉપર જો માખણ ચોપડવામાં આવશે તો તેથી વેદના ઓછી થશે. આ વખતે દાંતની વગર રંગેલી ચુસણી બાળકને ચુસવા આપવાથી દાંત વહેલા આવશે. કેટલાંક છોકરાંને ટટ્ટો-રીયા કેટલાકને ઝાડે, તથા કેટલાંકને ઘુટણ તાણુતા દાંત આવે છે.

હે બહેનો ! બાળકના મોંમાંથી લાળ પડતી હોય તો લોદર, ગોરોચન, અને તલનો કવાથ કરી મધ સાથે આપવાથી લાળ બંધ થાય છે.

હે બહેનો ! બાળક કેટલીક વખત ધુળ કે માટી ખાય છે તે ન ખાવા દેવા ગુરતી સંભાળ રાખવી. કારણ તે ખાવાથી પેટમાં રોગ થઇ તે વધે છે. અને હાથ પગ ગળી જાય છે. જો કદાચ તેમ થયું હોય તો વરીઆળી, ગંધક, એલચી, ખોદાર એ ચીજોનું ચુર્ણ કરી તે બે વાલ લેઈ ધાવણ કે ગાયના દુધ સાથે પાવાથી રેચ લાગી બીગાડ નિકળી જાય છે.

હે બહેનો ! બાળકની માતાએ કદી વાયડો પદાર્થ ખાવો નહિ કારણ તેથી બાળકના પેટમાં ભાર થાય છે

એમ થયુ હોય તો એરંડીયાનો કે ગરમાળાના ગરનો રેચ આપવો. અથવા જવ કે એરંડીયાની ખીર પેટપર ચોપડવી. અથવા કરીયાતુ કે સોનામુખીની ચાહ ગોળ સાથે આપવાથી ઝાડો સાફ આવી પેટ હલકુ થશે.

હે બહેનો ! ન્હાનાં બાળકને વરાધ થવાનો બહુ સંભવ છે. માટે તે થાય તો આકડાનાં મૂળિયાની છાલનો ભૂકો પાંચ ઘઉં ભાર તથા ધોળી ખાંડ (૩૬) છત્રીસ ઘઉં ભાર લેઈ તે બંને એકઠાં કરી તેમાંથી પાંચ પાંચ ઘઉં ભાર ચાર ચાર કલાકે આપવો તથા છાતી ઉપર નાગરવેલના પાનનો શેક કરવો. અથવા અજમો વાટી ઉનોકરીને છાતીની આજુ બાજુ લેપ કરવો.

હે બહેનો ! ઉટાંટીયાનો રોગ પણ બાળકને બહુ પીડા કરે છે. એ શરદીથી થાય છે. અને તેને માટે પણ ઉપરનાંજ ઔષધ કહેલાં છે,

હે બહેનો ! બાળકને આંચકીનો ઉપદ્રવ થાય છે. અને તે દાંત આવે છે તે વખતે થાય છે. તે વખતે મગજ ઉપર ઠંડા પાણીનાં પોતાં લપેટી રાખવાં, અને એક વાલ ટંકણખાર અગ્નિમાં ફુલાવી ધાવણ સાથે મેળવી આપવો. તથા ગોરોચન ઘસી પાવું.

હે બહેનો ! કુવડ સ્ત્રીઓ કાળજી નહિ રાખતી હોવાથી બાળકના માથામાં ખોડો થાય છે. અને જુવો પડે છે. ત્યારે પાપડીયો ખારો પાણીમાં મેળવી માથું ધોવું અથવા ઉજળી ખાંડને લીંબુના રસમાં મેળવી માથું ચોળવું. તેથી તમામ ખોડો કે જુ હશે તે નીકળી જઇ વાળ સાફ થશે.

હે બહેનો ! બાળકને ઉલટી થતી હોય તો ભોય-રીંગણીના ડોડવાંનો રસ, પીપળી મુળ, ચવક, ચિત્રક, અને સુંઠ તે સર્વને વાટી મધમા કે ઘીમાં મેળવી બા-લકને ચટાડવું.

હે બહેનો ! રતવા એ એક જાતનો ગરમીનો રોગ છે. તે થવાથી તાવ, ઝાડો, અને ઉલટી થય છે. શરીર લાલચોળ થઈ જાય છે. તેવા રોગ માટે જુના વાંસની ગાંઠ ઘસી શરીરે ચોપડવાથી અગ્નિ શમે છે. તથા હેમકંદ, રતવેલીઓ, કાળે હંસરાજ, ચીનીકબાલા, વાળો, સુખડ અને સોનાગેરૂ એ સર્વેને સમભાગે લેઇ વાટીને ચોપડવાથી તે મટે છે અથવા તો ગરમાળાની છાલ અને બેઢાંનો ભુકો સરખે ભાગે લેઇ વાટી ખદખ-દાવી તેને ચોપડવામાં આવે તો પણ મટે છે.

હે બહેનો ! બાલકને રમાડતાં અથવા કોઇ રીતે પછડવાથી ગળુ' પડે છે. તેને માટે સીંધવ, વજ, બાવચી હળદર, મરી, પીપર એ સઘળાં સમભાગે લેઇ ખાંડી, કપડછાણ કરી મધ સાથે તે ચટાડવામાં આવે તો તે મટે છે.

હે બહેનો ! બાળકને પેટમાં કૃમીનો વ્યાધિ થાય છે. એક બે વર્ષના બાળકના પેટમાં જો તે રોગ થએલો માલમ પડે તો તેને કપીલો વાટી દહીમાં પાવાથી કૃમી મરી જાય છે અથવા બહાર નીકળી જાય છે. તેમ દાડમની છાલને પાણીમાં ઉકાળી પાવાથી પણ કૃમી નીકળી પડે છે.

હે બહેનો ! બાળકને અવ્યવસ્થિત રીતે ધવરાવાથી માતાના સ્તનની ડીંટડી ઉપર ચાદા પડે છે એ વખતે ઓલીવનું' તેલ ચોપડી શેક કરવો. અથવા તે પર ત્રણ ચાર ઘઉં ભાર ફટકડીને પાણી તોલા અઢીમાં મેળવી લગાડવું જો કદાચ સોજો હોય તો મોનાગેરૂ, મરવો, સુખડ, અને સુંઠ એ સમભાગે લેઈ બારીક વાટી તેનો ગુલાબ જલમાં લેપ કરવો. વળી જો સ્તન પકી સણકા મારતું' હોય તો ખસખસના ડોડાંને પા-

ણીમાં ઉકાળી તેનો શેક કરવો અથવા લીમડાનાં પાંદડાં ઉન્હાં કરીને બાંધવાં. તેમ સુખડ અને રતાંજલી ઘસીને ચોપડવાથી પણ આરામ થાય છે.

હે બહેનો ! બચ્ચાને બીજે ત્રીજે દિવસે હઇડ, કડુ, કરીયાતું, અને સંચળ તથા એળીયો અને વાવડીંગ ગસી પાવાથી તેના પેટમાં કાંઈ બીગાડ નહિ રહેતા ઝાડો સાફ આવી તે શરીરે તંદુરસ્ત રહેશે. માટે માયાળુ જનેતાએ જરૂર આ બાબતપર ધ્યાન આપવાનું છે.

હે બેહેનો ! વળી બાળકને ઘણી વખત ઉદરસ થાય છે કાળજામાં કફ બોલે છે ને વખતે નાગરવેલના પાનમાં ખેરસાળ મેળવી બચ્ચાને પાવાથી આરામ થાય છે.

હે બહેનો ! ઉપર બાળકો માટેના ઓષધો મે તમને કહ્યા હવે તમને કેટલાક સાધારણ વ્યાધિઓ અને તેનાં ઓષધ કે જે સ્ત્રીઓને જાણવા બહુ અગત્યનાં છે. તે કહી બતાવું છું તે ધ્યાનમાં લેશો.

હે બેહેનો ! કેટલીક વખતે મોંમાંથી નિદ્રા વખતે લળ પડે છે તો તે થોડા દિવસ મીઠાનું પાણી પાવાથી મટે છે.

હે બહેનો ! ખાંસી અથવા બીજા કોઇ કારણથી છાતીમાં દુખાવો થાય તો તે ઉપર જુનામાંજુનુ ઘી ચોળવાથી મટે છે.

હે બહેનો ! ઉચેથી પડી જવાથી શરીરમાં કળતર થાય તો ટરપીનટાઇન તેલને ખુબ ઘસી ચોપડી શેક કરવાથી મટે છે.

હે બહેનો ! જો લાલ અથવા સફેદ મરડો થતો હોય તો કાચા બીલાને દેવતામાં બાળી અથવા પાકાં બીલાં થોડાક દીવસ ખાવાથી મટે છે

હે બહેને. ! કદાચ અકસ્માત બે ચાર ઝાડા થઇ લોહી પડે તો જાસુતીના પુલના પાદડાં અને સાઠીચોખા અડધો શેર પાણીમાં ખુબ મસળી ફક્ત તે પાણી પીવાથી લોહી બંધ થશે અને આરામ થશે.

હે બહેનો ! ખાધા પછી અથવા બીજે વખતે જો છાતીમાં દાહ બળતો જણાય તો કળીચુનાનું પાણી કરી થોડો વખત તે સ્વચ્છ થાય ત્યાં સુધી રહેવા દેઇ પછી દરરોજ બે તોલા સવારમાં તે પાણી થોડા દિવસ પીવામાં આવેથી આરામ થશે.

હે બહેનો ! વળી રજોદર્શન થવાની સાથે ઘણી

વખત સ્ત્રીઓનો ડાબી તરફનો પેઢાનો ભાગ દુઃખે છે. અને ઘણી વખત તે ગોળા જેવો ચડી આવે છે. તેથી સ્ત્રીઓની છાતીમાં ગભરામણ થાય છે. દમ રોકાય છે અને તેથી ઘણી પીડા થાય છે, એટલેથી તેનો અંત આવતો નથી પણ એ મરજ સ્ત્રીઓને બચ્ચું થવા દેતું નથી એ દરદ દૂર થવા માટે અડધો તોલો આદુ, પા તોલો સંચળ અને પાંચ તોલા કાળી તુળસીનાં પાદડાં એ સર્વેને વાટી ત્રણ ગોળીઓ કરી સવાર, બપોર અને સાંજે એમ ચાર દીવસ ખાવાથી દુખાવો બંધ થઈ જઈ આરામ થશે. અગર જો બે ચાર રજોદર્શન વખતે ઉપર મુજબ જો ગોળી ખાવામાં આવે તો તેવું દુઃખ પછી કદી પણ થશે નહીં.

હે બહેનો! શરદી થઈ હોય તો કાળા મરીનો ભુકો ઘી સાથે મેળવી ચાટી જવાથી આરામ થશે.

હે બહેનો! મરી, હળધર, સાકર અને મધ એ ચાર વસ્તુ સમભાગે લેઈ રાત્રે સુતી વખતે બે ત્રણ દીવસ ચાટવાથી ગમે તેવી ઉદરસ હોય તો તે મટે છે.

હે બહેનો! ભમર તથા કપાળમાં કળતર થાય તો લીલી હળધર વાટી માખણ સાથે ચોપડવાથી મટે છે.

તથા નાળીએરનું કોમળ ફુલ વાટી ચોપડવાથી પણ આરામ થાય છે.

હે બહેનો ! માથામાં બળતરા થતી હોય તો તે ગુલાબજળ અને પાનનો રસ, એ બંને ચોપડવાથી મટે છે

હે બહેનો ! કોઇભાગ કપાઇ જાય તો થોડુક લીલું દરભધાસ દાંતથી ચાવી તે ઘાપર ચોહોડી તેપર ભીના લુગડાનો પાટો બાંધવાથી જખમ રૂઝઈ આરામ થશે.

હે બહેનો ! અજીર્ણ થઇ પેટમાં ચુંક આવે તો થોડુંક આદુ અને સંચળ ચાવીને તેપર ગરમ થોડુ પાણી પીવાથી તરત આરામ થશે.

હે બહેનો ! શરીરનો કોઇ ભાગ અગ્નિથી દઝાઇ બળી જાય તો ત્યાં ચુનો અથવા કાળી સહી ચોપડવાથી બળતરા કમી થઇ ફોલ્લો થતો નથી.

હે બહેનો ! વીંછી કરડયો હોય તો નવસાર અને ચુનો એકઠો કરી ખુબ જોરમાં સુઘવો અને તે ડંખપર લગાડવાથી દરદ મટે છે.

હે બહેનો ! વળી મરડો થઇ પેટમાં અતિશય ચુંક આવતી હોય તો અડધા પૈસાની આવચીબાવચી લઇ અડધા શેર પાણીમાં થોડો વખત પલાળી રાખી

જ્યારે સફેદ થઇ જાય ત્યારે તેમાં થોડી સાકર અને ચાર ગ્રેન કવીનાઇન સાલ્ફેટ નાખી પીવાથી તુરત ચુંક બંધ થઈ મરડો મટી જાય છે.

હે બહેનો ! ઘણી સ્ત્રીઓને હાથપગના તળીઆયે બળતરા થાય છે. તેને માટે મોગરો અથવા ચંબેલીના તેલની સાથે થોડું પાણી મેળવી ચોપડવાથી મટે છે.

હે બહેનો ! લોહી બંધ થઇ કોઇ જગ્યામાં દુખાવે થાય તો સરસીઆના તેલની સાથે કપૂર મેળવી તે જગ્યામાં થોડોક વખત સુધી ચોપડવાથી દુખનો નાશ થાય છે.

હે બહેનો ! હાથપગ અથવા બીજી કોઇ જગાની નસ ખેંચાઇ જાય તો ત્યાં અફીણ ગરમ કરી ચોપડવાથી મટે છે.

હે બહેનો ! આંખ દુખતી હોય તો ચમેલીના પુલનો રસ આંખમાં નાખવાથી આરામ થાય છે.

દિવસ ૧૧ મો,

ઉપસંહાર.

હે માયાળુ બહેનો ! દસ દિવસ સુધી આપની સમક્ષ મેં આર્ય મહિલાઓના શાસ્ત્રોક્ત ધર્મો કથ્યા, જેનું આપે પૂર્ણ શ્રદ્ધાથી શ્રવણ કર્યુ છે. જે જોઇ મને અત્યાનંદ પ્રાપ્ત થયો છે. હુવે બહેનો આજનો છેલ્લો દિવસ કે જે ઉપસંહાર સાથે પૂર્ણ કરવા માગુ છું તે તરફ આપનું લક્ષ દોરશો.

હે બહેનો ! આગળ આપણે કહી ગયા છીએ કેઃ— न भजेत्स्त्रीस्वतन्त्रताम् એટલે કે સ્ત્રીએ કોઇ દિવસ સ્વતંત્ર વર્તવું નહીં. અને त्पाणि ग्राहस्य यौवने એટલે યુવાવસ્થામાં પતિને વશ રહેવા કહેલું છે તો યોવનાવસ્થામાં જેની તે તાબેદાર ભાર્યા થઇને રહે છે, એવો જે તેનો પતિ તેના ઉપર તેની નૌકાનો આધાર રહેલો હોય છે. કારણ શાસ્ત્રમાં પણ પ્રમાણ સિદ્ધ કહેલું છે કે જેવો તેનો પતિ તેવા તે સ્ત્રીમાં ગુણ આવેછે. જુઓ તેને માટે આપણા પૂજ્યપાદ મનુ મહારાજ કહે છે કેઃ—

यादृग्गुणेन भर्त्रा स्त्री संयुज्येत यथाविधि ।
तादृग्गुणासाभवति समुद्रेणेव निम्नगा ॥

मनु अ ९-२२.

શાસ્ત્રોકત વિધિથી જે પુરૂષની સાથે જે સ્ત્રી પરણે છે, તે પુરૂષના જેવા ગુણ હોય તેવા ગુણ તેની સ્ત્રીમા પણ આવે છે જેમકે, નદી સમુદ્રની સાથે મળે છે ત્યારે સમુદ્રના ગુણો નદીમા આવેછે.

વળી:—

अक्षमाला वासिष्टेन संयुक्ताऽधमयोनिजा ।
सारंगी मंदपालेन जगामाभ्यर्हणीयताम् ॥

मनु अ. ९-२२३.

અક્ષમાલા, નીચ કુળની સ્ત્રી હતી પરંતુ વસિષ્ટ ઋષિને પરણી હતી તથા સારંગી મંદપાળને પરણી હતી, તેથી તે બંને સ્ત્રીઓ પુજ્યપદ્વીને પામી હતી

માટે જેની સાથે પોતાની જીંદગી બાંધી છે એવા પતિએ પણ કેવા ગુણ ગ્રહણ કરવા જોઇએ એને માટે જો હું આ વિષયને અંગે બોલીશ તો તે અયુકત ગણાશે નહિ.

હે બહેનો ! લગ્ન કરતી વખતે તે પુરૂષ સ્ત્રીની સાથે વર્તવા કેવી પ્રતિજ્ઞાથી અગ્નિ, દેવ, ગાંધર્વો, લોકપાલો વિગેરે સમક્ષ બંધાયછે તે હું સંક્ષેપમાં જણાવુંછુ.

જે સમયે કાર્ય કર્તા કન્યાને યજ્ઞમંડપમાં લાવી વરના સામા બેસારે છે તે વખતે વર કહે છે કે:-

ॐ समञ्जन्तु विश्वे देवाः समापोहृदयानि नौ ।
संमातरिश्वासं धाता समुदेष्टीदधातुनौ ॥ १ ॥

હે વિશ્વે દેવા ! આ યજ્ઞશાળામા બેઠેલા વિદ્વાન્ લોકો અમો બંનેને નિશ્ચય પૂર્વક જાણે કે અમારી પ્રસન્નતા પૂર્વક ગૃહસ્થાશ્રમમાં એકત્ર રહેવાને સારૂ અમો એક બીજાનો સ્વીકાર કરીએ છીએ અમો બનેના હૃદય જળની માફક શાન્ત અને એકબીજાથી મળેલા રાખીશુ જેમ પ્રાણવાયુ અમને પ્રિય છે તેમજ અમો એક બીજાથી સદા પ્રસન્ન રહીશુ. જેમ ધારણ કરવાવાળો એવો પરમાત્મા જેમ બધામા મળીને સર્વ જગતને ધારણ કરે છે તેમ અમો બને એક બીજાને ધારણ કરી શું અને વક્તા જેમ શ્રોતાઓને પ્રીતિ ઉપજાવે છે તેમ અમારો એકમેકનો આત્મા એક બીજાની સાથ દ્રઢ પ્રેમને ધારણ કરો

વળી કહે છે કે:—

ॐ गृभ्णामी ते सौभगत्वाय हस्तं मया
पत्याजरदष्टिर्यथासः ।
भगोअर्यमा सविता पुरन्धिर्मह्यं
त्वादुर्गार्हपत्याय देवाः ॥

पारस्कर गृह्य सूत्र.

ઉપસંહાર.

હે સ્ત્રી ઐશ્વર્ય, સુસન્તાનાદિ સૌભાગ્યની ચડતી થવા સારૂ હુ તારો હાથ ઝાલુ છુ. તુ મારી સાથે વૃદ્ધાવસ્થા સુધી સુખરૂપ રહે સકલ ઐશ્વર્ય યુક્ત ન્યાયકારી સર્વ જગતની ઉત્પત્તિના કર્તા બહુ પ્રકારના જગતના ધારણ કરનાર પરમાત્મા અને આ સભા મંડપમા બેઠેલા વિદ્વાન લોક ગૃહાશ્રમ કર્મના અનુષ્ટાનને લીધે તુ સ્ત્રીને મને આપે છે જેથી આજથી તુ મારે હસ્તે અને હુ તારી સાથે વેચાઇ ચુકયા છીએ જેથી આપણ એક બીજાં સાથે કદી પણ અપ્રિયાચરણ કરી શુ નહી

હે બહેનો ! વળી જુઓ તે શું કહે છે કેઃ—

ॐ भगस्ते हस्त मग्र भीत् सबिता हस्त मग्र भीत् ।
पत्नीत्वमासि धर्मणाहं गृहपति स्तव ॥

હે પ્રિયે ! ઐશ્વર્ય યુક્ત હુ તારા હાથને ગ્રહણ કરૂ છુ તથા ધર્મયુક્ત માર્ગમા પ્રેરક હું તારો હાથ ગ્રહણ કરી ચુકયો છુ તુ ધર્મ કરીને મારી પત્ની, ભાર્યા છે અને હુ ધર્મ કરીને તારો ગૃહપતિ છુ

ममेयमस्तु पोष्यामह्यं त्वादाद् बृह . पतिः ।
मयापत्या प्रजावतिशंजीव शरदः : तम् ॥

હે સ્ત્રી ! સર્વ જગતના પાલન કરનાર પરમાત્માએ જે તને મારૂં અર્પણ કર્યુ છે એવી તુ આખા જગત્‌ભરમા મારી પોષણ કરવા યોગ્ય પત્ની છે. હે પ્રજાવતી તુ હું પતિની સાથે સો શરદ્‌ઋતુ પર્યંત સુખ પૂર્વક જીવન ધારણ કર

વળીઃ—

अहं विष्यामि मयिरूपमस्या वेददित्पश्यन्मनसा
कुलायमून स्तेयमदूभि मनसोद‌ुच्येस्वयं
श्रन्थानो वरूण य पाशान् ॥ ६ ॥

હે કલ્યાણ કોડે ! જેમ મનથી કુળની વૃદ્ધિને જોતો હવો એવો હુ આ તારા રૂપને પ્રીતિથી પ્રાપ્ત અને તેમા પ્રેમદ્વારા વ્યાપ્ત થઉ છું તેમજ તુ મારી સ્ત્રી મારામા પ્રેમથી વ્યાપ્ત થઇને અનુકૂળ વ્યવહારને પ્રાપ્ત થા હું તુજ સ્ત્રી સાથ મનથી પણ ચોરી કરવી છોડી દઉં છુ અને કદી ઉત્તમ પદાર્થની ચોરીથી પણ કદી ભોગ કરીશ નહીં અને સ્વપુરૂષાર્થથી શિથિલ થઇને પણ ઉત્કૃષ્ટ વ્યવહારમા વિઘ્નરૂપ દુર્વ્યસની પુરૂષના બધનોને દૂર કરૂં છુ

વળીઃ—

ॐ अमोऽहमस्मिसात्वंऽ सात्वमस्यमोऽअहम्
सामाहमस्मिऋक्त्वं द्यौ रहं पृथिवी त्वं
तावेहि विवहावहै सहरेतोदधाव है ॥ १७ ॥

હે સ્ત્રી જેમ હુ જ્ઞાનવાન જ્ઞાનપૂર્વક તને ગ્રહણ કરવાવાળો થઉ છુ તેમ તુ પણ જ્ઞાનપૂર્વક મને ગ્રહણ કરવાવાળી છે. હુ તારા પ્રેમથી તને ગ્રહણ કરૂ છુ એટલે મારી ગ્રહણ કરેલી એવી તુ મને પણ ગ્રહણ કરે છે હુ સામ વેદની પેઠે પ્રશંસિત છુ અને તુ ઋગવેદ પ્રમાણે પ્રશંસિત છે

હે બહેનો ! વળી કહે છે કેઃ—

ॐ ममव्रते ते हृदयं दधामि ममचित्तमनु
चितं ते अस्तु ।
मम वाचमेकमना जुषस्व प्रजापतिष्ट्वा
नियुनक्तु मह्यम् ॥

पारस्कर गृह सूत्र.

હે વધૂ તારા અંતઃકરણ અને આત્માને મારા કર્મને અનુકૂળ ધારણ કરૂં છું મારા ચિત્તને અનુકૂળ તારૂં ચિત્ત સદા રહો મારી વાણીને તું એકાગ્રચિત્તે સેવન કર્યા કર પ્રજાનું પાલણ કરવાવાળો પરમાત્મા તને મારે લીધે નિયુક્ત કરે

હે બહેનો ! ઉપરની રીતે અગ્નિ આદિ દેવો સમક્ષ પુરૂષ પ્રતિજ્ઞા કરી સ્ત્રીનું પાલણ, સંરક્ષણ કરવા બંધાય છે તો તે પુરૂષોએ પોતાની તે દેવતાઓ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞા વિસરી ન જતાં સ્ત્રીઓ પ્રત્યે તેઓ ઉપર મુજબ અનન્યભાવના રાખે તો તેના દાસત્વમાં દોરાએલી છે એવી સ્ત્રી કદી પણ આડે રસ્તે ચાલી અધર્માચરણ કરશે નહીં.

હે બહેનો ! જે કુળમાં સ્ત્રીથી પતિ સંતુષ્ટ રહે છે અને ભર્તારથી સ્ત્રી સંતુષ્ટ રહે છે; તે કુળમાં સહ-કલ્યાણનો વાસો છે. અને સ્ત્રીઓ જો વસ્ત્રોથી તથા આ

ભૂષણોથી પ્રસન્ન રહે નહીં, તો તે પોતાના પતિને પ્રસન્ન કરી શકે નહિ અને પતિ જો પ્રસન્ન ન રહે, તો સંતતિ એટલે પ્રજા થાય નહીં. માટે પતિએ સ્રીને પ્રસન્ન રાખવી એવી શાસ્ત્રની આજ્ઞા છે.

હે બહેનો ! પુરૂષ જ્યા સુધી પરણ્યો ન હોય ત્યાં સુધી અરધો કહેવાય છે; કારણ કે એકલા પુરૂષથી કાંઇ પ્રજા ઉત્પન્ન કરી શકાતી નથી, તે સ્રીને પરણ્યા પછી પૂર્ણ થાય છે ત્યારે પ્રજાને ઉત્પન્ન કરી શકે છે. એવું શ્રુતિ કથે છે તથા સ્રી એ ધર્મ, અર્થ, તથા કામની બાબતમાં પુરૂષને સાહ્ય કરનારી છે અને પરદેશ જતી વખતે વિશ્વાસ કરવા યોગ્ય પણ તેજ હોય છે. વળી રોગથી પીડાતા અને દુઃખ પામેલા દુઃખી પુરૂષને નિત્ય સ્રીના સમાન બીજું કોઇ પણ ઔષધ નથી.

હે બહેનો ! જગત્‌માં પુરૂષને સ્રીના જેવું સંબધિ, આધાર તથા ધર્મનો સંગ્રહ કરવામાં સહાય કરનાર બીજું કોઇ પણ નથી. આ લોકમા સ્રીજ પુરૂષનું અર્ધ અંગ તથા ઉત્તમોત્તમ મિત્ર છે. અને સહાય વિનાના પુરૂષને આ જગત્‌માં લોક વ્યવહારાદિ કાર્યમાં સ્રીજ સહાયતા કરનારી છે.

હે બહેનો! કહ્યું છે કેઃ—

कान्तारेष्वपि विश्रामो जनस्य गृहिणी मता।
यः सदारः सविश्वास्य स्तस्मादाराः परगतिः॥

આદિપર્વ

પુરૂષને અરણ્યમા પણ એક સ્ત્રી વિસામારૂપ મનાયલી છે તથા જેને સ્ત્રી હોય છે, તે પુરૂષ વિશ્વાસપાત્ર ગણાય છે માટે સ્ત્રી પુરૂષને એક મોટો આધાર ગણાય છે

હે બહેનો ! તેટલાજ કારણથી પુરૂપ જો રોજગાર અર્થે પરદેશ જાય તો તેણે પોતાની સ્ત્રીના ભરણપોષણનો બદોબસ્ત કરીને પછી જવું. કારણ જો કે સ્ત્રી ગમે તેવી સદ્‌ગુણી હોય તો પણ તેને ખાધાપીધાના સાંસા પડે છે તો તે આડે માર્ગે વર્તવા માંડે છે.

હે બહેનો ! જે પુરૂષ પોતાની સ્ત્રીની સંભાળ રાખીને તેને દુરાચરણને રસ્તે જતાં અટકાવે છે, તો તે પુરૂષ પોતાની પ્રજા ઉપર કલંક આવવા દેતો નથી, પોતાનાં ચરિત્રને એટલે આચારને જાળવી શકે છે, કુળની પ્રતિષ્ઠા વધારે છે. આત્માને પ્રસન્ન રાખે છે. અને સ્વધર્મનું પાલન કરી શકે છે.

હે બહેનો ! ઉપરના કારણોથી આ સંસારરૂપી નાવનું સુકાન જેના હાથમાં રહેલું છે એવા પુરૂષે વેદમાં

તથા ધર્મશાસ્ત્રમાં સારી રીતે કહેલા અધ્યયન આદિક સ્વકર્મોના અંગરૂપ અને ધર્મના હેતુરૂપ સદાચરણોનું સેવન કરવું એજ ઉત્તમ પુરૂષનું લક્ષણ છે.

હે બહેનો ! સદાચરણી પુરૂષે પોતાના આયુષ્યના રક્ષણ માટે હમેશાં પાછલી ચાર ઘડી રાત બાકી રહે ત્યારે ઉઠવું; જો તેમ ન બને તો સૂર્યોદયની પહેલાં અડતાલીસ મીનીટે તો અવશ્ય ઉઠવું. ઉઠયા પછી પ્રથમ દિશાએ જઇ મલમૂત્રનો ત્યાગ કરવો, અને દિશાએ જઈ આવ્યા પછી ડાબા હાથમાં દસવાર, બંને હાથમાં સાત વાર અને બંને પગમાં એક એકવાર, એ પ્રમાણે શુદ્ધ મૃત્તિકા લગાડવી અને તેટલીજ વાર જલ વતી તે અંગો ધોવાં

હે બહેનો ! પ્રાતઃકાળમાં દિશાએ જઇ આવ્યા પછી પ્રથમ દાતણ કરવું, અને તે દાતણ બાર આંગળ લાંબું, ટચલી આંગળી જેટલુ જાડું, સીધું, ગાંઠ વગરનું અને વ્રણ વગરનું હોવું જોઈએ, દાતણના આગલા ભાગનો કોમળ કુચો કરી, તે ઉપર કોઇ સારૂં દંતમંજન ભભરાવી, તે કુંચાથી દાંતના માંસને, પેઢાંને ઈજા ન આવે તેમ એક એક દાંત ઘસવો. પછી તે દાતણની

ચીર કરીને તેથી જીભ ઉપરની ઉલ ઉતારી નાખવી, પછી વડ વગેરે જેમાંથી છીર નીકળતું હોય એવા વૃક્ષોના અથવા તો આંબળાંના ઉકાળાથી અથવા ઠંડા પાણીથી મોઢુ તથા આંખ્યો ધોઇને સાફ કરવા, એવી રીતે દાતણ કરવાથી મોઢાની દુર્ગન્ધ, દાંતોનો મેલ અને કફ, દૂર થાય છે, મોઢું સ્વચ્છ થાય છે, અન્ન ઉપર રૂચિ થાય છે અને મન પ્રસન્ન રહે છે.

હે બહેનો! ત્યાર પછી શરીરે તેલ ચોળી થોડી કસરત કરી સ્નાન કરવું.

હે બહેનો! સ્નાન કરવાથી આપણા મહર્ષિઓએ કેટલો બધો ફાયદો બતાવ્યો છે તે સાંભળો. ચરક સૂત્રસ્થાનમાં કહ્યું છે કેઃ નહાવાથી મેલ, ખરજ, થાક, પરસેવો, આલસ, તરસ, દાહ અને પાપ એટલાંનો નાશ થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને આયુષ્ય, તેજ, બલ તથા પુરૂષપણાની વૃદ્ધિ થાય છે.

હે બહેનો! ન્હાતી વખતે શરીરે ચણાનો લોટ, અથવા તો ખારો વગેરે ચોળવાથી શરીરની દુર્ગન્ધ, શરીરનુ ભારેપણું, આલસ, ખરજ, મેલ, અરૂચી, પરસેવો તથા બીભત્સપણું દૂર થાય છે.

હે બહેનો ! સ્નાનને અંતે ધોયેલું વસ્ત્ર પહેરી ધોયેલુ ઉપવસ્ત્ર ધારણ કરવું, પછી પવિત્ર આસન ઉપર બેસીને આચમન લેઇ ॐ अग्निरिति भस्म ઇત્યાદિ મંત્રવડે ડાબા હાથ ઉપર જમણો હાથ રાખી સંપુટ કરેલી ભસ્મ મંત્રો તેમાં ॐ आपो जोतीरसो मृतं એ મત્ર વડે જલ મિશ્ર કરી બંને હાથની વચલી ત્રણ આંગલીઓ વડે તે ભસ્મને ॐ त्र्यंबकं यजामहे એ મંત્ર બોલી મસળવી પછી સૂર્યને પ્રદર્શિત કરી તે ભસ્મ વડે લલાટ, હૃદય, નાભી કંઠ, ખભા, બાહુઓની સધિઓ, પડખા અને શિર, એ સ્થાને ॐ नम शिवाय એ મંત્ર વડે ત્રિપુંડ્ર કરવાં.

હે બહેનો ! તે બાદ પ્રાતઃસધ્યા કરીને ઉભાં ઉભાં ઘણો વખત સૂધી ગાયત્રીનો જપ કરવો તથા સાયંકાલે સાય સધ્યા કરીને બેઠાં બેઠા ગાયત્રીનો જપ કરવો. [૧]

હે બહેનો ! ગાયત્રીના જપે કરીનેજ બ્રાહ્મણ મોક્ષ પામવાને યોગ્ય થાય છે, એમાં સંદેહ નથી.

આ બાબત આહ્નિક પ્રકાશાદિ પુસ્તકમા જોવુ

(૧) ॐ भूर्भुव स्व. ॐतत्सवि, तुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि ॥ धियोयोन. प्रचोदयात् ॐ વિગેરે.

હે બહેનો ! ગાયત્રી ના જપનુ ફલ કર્મ યજ્ઞોના કરતાં દસગણું વધારે છે. ઉપાંશુ જપનું એટલે પાસે બેઠેલો પણ ન સાંભળે એવા જપનું સો ગણુ અધિક ફલ છે તથા માનસિક જપ એટલે ઓઠ પણ હાલે નહીં તેમ મનમાં કરેલા જપનું ફલ હજારગણું વધારે છે એમ શાસ્ત્રકારોએ કહેલું છે.

હે બહેનો ! સંધ્યાના અમોઘ મહિમાને નહિ જાણનારાઓ માટે મહાત્મા મરિચી ઋષિ કહી ગયા છે કે:—

संध्यायेन न विज्ञाता संध्यायेनानुपासिता ।
जीवमानो भवेच्छूद्रोम्रृतः श्वाचाभिजायते ॥

જેણે સંધ્યા જાણી નથી, અને સંધ્યાપાસના કરી નથી તે દ્વિજને જીવતા શૂદ્ર જાણવો, અને મૂવા પછી તે કૂતરો થાય છે

વળી હે બહેનો ! શ્રીદક્ષ નીચેના શ્લોકથી કહે છે કે:—

संध्याहीनाऽशुचिर्नित्य मनर्हः सर्व कर्मसु ।
यदन्यत्कुरुते कर्म न तस्य फल भाग्भवेत् ॥

જે દ્વિજ સંધ્યાહીન છે, તે નિત્ય અપવિત્રને સર્વ કર્મમાં અનધિકારી છે. ને જે બીજું ધર્મ સબંધિ કર્મ તે કરે તેનુ ફલ પણ તેને મળે નહીં.

હે બહેનોઃ—મનુમહારાજ કહે છે કેઃ—ઋષિઓ, સંધ્યા વંદન સમયે ઘણો કાલ સુધી ગાયત્રીનો જપ કરવાથી, લાંબા આયુષ્યને, બુદ્ધિને, યશને, કીર્તિને અને બ્રહ્મતેજને પામ્યા હતા; માટે જેને લાંબા આયુષ્ય વગેરેની ઇચ્છા હોય, તેણે સંધ્યા કર્યા પછી બહુ વાર ગાયત્રીનો જપ કરવો.

હે બહેનોઃ—ગૃહસ્થના ઘરમાં ચુલો, ઘંટી, સાવરણી. ખાંડણી. તથા સાંબેલું અને પાણીનું માટલું, એ પાંચ હિંસાના સ્થાન છે અને તેનો ઘરનાં કામમાં ઉપયોગ કરવાથી ગૃહસ્થ પાપ વડે બંધાય છે. માટે તેના નિવારણ થૈ ગૃહસ્થે દરરોજ પાંચ મહાયજ્ઞો ક્રમવાર કરવા એવું મહર્ષીઓએ કહ્યુ છે.

હે બહેનોઃ—એ પાંચ મહા યજ્ઞના નામ [1] બ્રહ્મ યજ્ઞ, [2] પિતૃયજ્ઞ, [3] દેવયજ્ઞ, [4] ભુતયજ્ઞ [5] મનુષયજ્ઞ છે.

હે બહેનો અતિથિ સત્કાર કરવો એ ગૃહસ્થનુ લક્ષણછે. અતિથિ એટલે પારકે ઘેર મેહેમાન દાખલ માત્ર એક રાત્રિ વસનારા બ્રાહ્મણને શાસ્ત્રમાં અતિથિ કહેલોછે.

---

૧ વેદ ભણવો તથા ભણાવવો એ બ્રહ્મયજ્ઞ ૨ અન્નથી અથવા પાણીથી પિતૃતર્પણ કરવું તે પિતૃજ્ઞય, ૩ અગ્નિમા હોમ કરવો તે દેવયજ્ઞ ૪ જીવતા પ્રાણીને ખવરાવવું અથવા બલી આપવો તે ભુતયજ્ઞ ૫ અતિથિ સેવા કરવી તે મનુષ્ય યજ્ઞ કહેવાય છે.

એક સ્થલે એક તિથિ ઉપરાંત બીજી તિથિ રહેતો નથી, તેથી તે અતિથિ કહેવાય છે.

હે બહેનો પોતાને ઘેર અતિથિ આવે એવા ગૃહસ્થે તેને બેસવા માટે આસન તથા પીવા માટે જળ આપવું અને વિધિપૂર્વક સત્કાર કરીને તેને યથાશકિત અન્ન પણ આપવું.

હે બહેનો ! અતિથિનુ સન્માન કરવાથી ધન, યશ, આયુષ્ય અને સ્વર્ગ મળે છે. એવું માહાત્મા મનુએ કહેલું છે.

હે બહેનો ગૃહસ્થે દેવ, ઋષિ મનુંષ્ય, પિતૃઓ અને ગૃહદેવતા, આટલાની પુજા કરી, તેઓને બલી આપ્યા પછી પોષ્ય મનુષ્યો સાથે પોતે જમવા બેસવું.

વળી હે બહેનો ! બ્રહ્મણ, ક્ષત્રી તથા વૈશ્યે નિત્ય એકાગ્ર ચિત્તે થઇને આચમન કર્યા પછી ભોજન કરવું, તેમજ ભોજન કરી રહ્યા પછી પણ આચમન કરવું અને ઇન્દ્રીયોને પાણીનો સ્પર્શ કરવો.

હે બહેનો અન્નની સર્વદા પૂજા કરવી, તેમાં દુષણ કાઢયા વિના ખાવું, અન્નને જોઇને હર્ષ પામવો તથા પ્રસન્ન થવું અને સર્વ પ્રકારે અન્નને અભિવંદન આપવું,

અને તેને ભકિતથી નમસ્કાર કરવા; કારણ અન્નની નિત્ય પૂજા કરવાથી તે બલ અને વિર્ય આપે છે અને પૂજા કર્યા વિના ખાધેલું અનાજ બલ અને વિર્યનો નાશ કરેછે એવું મનુમહાત્મા કહે છે.

હે બહેનો ! ઉચ્છિષ્ટ એટલે છાંડેલું અન્ન કોઇને પણ આપવું નહિ. દિવસ તથા સંધ્યાકાલના વચલા વખતમાં જમવું નહિ તથા જમતાં જમતાં પોતાની જગ્યાએથી ઉઠીને કયાંઇ જવું પણ નહી.

હે બહેનો ! પુરૂષે કદી અતિભોજન કરવું નહીં, બે ભાગ અન્નથી પેટ ભરવું, એક ભગ પાણીથી ભરવો અને એક ભાગ વાતાદિ દોષોના સંચારને માટે ખાલી રહેવા દેવો.

હે બહેનો ! પછી બપોરના ગૃહસ્થે પોતાના રોજગારમાં અથવા શાસ્ત્ર અધ્યયન વિગરેમાં કાલ વ્યતીત કરી રાત્રીએ સુખ રૂપ નિદ્રા લેવી. નિદ્રા ન લેવામાં આવે તો તેથી માણસના આરોગ્ય તથા આયુષ્ય એ બનેનો નાશ થાયછે. માટે જેને જેટલો અભ્યાસ હોય તેણે તે પ્રમાણે રાત્રીએ વખતને અનુસરીને નિદ્રા કરવી જોઇએ.

હે બહેનો ! ઉપરની રીતે ગૃહસ્થે નિત્યકર્મો કરી સ્વધર્મ તથા સદાચારે વર્તી ચાલવું એજ ઉત્તમ પુરૂષનુ લક્ષણુ છે.

હે બહેનો ! સ્ત્રીએ પતિની આજ્ઞા પાળવી તથા એને પ્રસન્ન રાખવામાં પોતે પ્રસન્ન રહેવું એજ દૃઢ વ્રત છે અને પતિએ તેને સુરક્ષિત તથા સંતુષ્ટ રાખવી એ યજ્ઞએ બે સત્વને ઐક્ય બળે ગૃહસંસારશ્રી પોતાનો યશ પ્રકાશ કરે છે.

હે બહેનો ! ગૃહસંસારમાં સ્ત્રીની યશ ત્રાળી સ્થિતિ, તે સઘળી વ્યવસ્થા રાખનાર તથા સ્વામીને સહાય રહેનાર અને પંડે શ્રમ લેઈ કામ કરનાર ગૃહરાજ્ય પ્રધાન છે. એજ છે.

હે બહેનો ! પ્રાચીન મહિલાઓ પોતાનું ઘર તથા પોતાનો વ્યવહાર જાણુતી હતી. આમન્યા પાળતી, ધર્મ ભાવ રાખતી, કુટુંબ દેખી હરખતી, ધણીને વશ રહી સંતોષે વર્તતી, અને હમણુાની સ્ત્રીઓ તો પોતાના પંડની વાત જાણુતી, તથા આમન્યા વિનાની, ધર્મ રહિત, ધણી વશ રહે તથા હું સ્વતંત્ર ઘરની ઉપરી થાઉં એમ અસંતોષે વર્તનારી છે. હે બહેનો અનાચાર

અને દુરાચારમાં હમણાની સ્ત્રીની સંખ્યા આગળના કરતા સોળ ગણી વધારે હશે.

હે બહેનો! સુધારા વાળાનું નામ ધારણ કરનારાઓનો શ્રમ તો જો કે સ્ત્રીઓની સ્થિતિ સારી કરવાનો છે પણ તેઓ પોતેજ મોહિત, નિર્બલ છે એટલે સ્ત્રીઓ પણ ઉન્મત હોયજ અને તેથી ઉમંગ વધ્યો છે, જેને લીધે સંસારી વિષયમાં પણ એ સ્વધર્મ સુઘટિત નથી.ને ઇચ્છિત અર્થ ન મળવાથી તેણીઓ મનસ્વી રીતે વર્તેછે.

હે બહેનો! નિશાળની સુપ્રરતી જતી પદ્ધતિથી કદાચ કેટલીક સ્ત્રીઓ વાંચતા, લખતાં, ભરતાં, ગુથતાં શિખીઓ છે પણ પ્રાચીન વખતમાં ઉંચી જ્ઞાતિમાં કેટલીક સ્ત્રી વિદ્યાભ્યાસ કરતી ને હમણા સર્વ જ્ઞાતિઓને માટે બોધ ચાલે છે (!) આજલગીમાં સ્વભાષા કે પર ભાષામાં વિદ્વાન થઈ પ્રસિધ્ધ પામેલી એવી આખા હિન્દુસ્થાનમાં વીસેક કહીએ પણ એક પણ એવી નથી સંભલાઇ કે જેનું કામ પોતાની જાતિને સુધારવા સંબંધિ મોટું અગત્યનું થયું હોય (!) આગળ કોઇ કોઇ સ્ત્રી લેણદેણ કે વ્યાજ વટંતરના ગણિતમા કુશલ હતી પણ હમણાં થોડીકનીજ રૂચિ ગણિત વિષયમા

જણાય છે (!) માટે સ્ત્રી કેળવણી નિશાળોથી એ બોલવું અર્થ રહિત છે. અગિયાર બારની વય લગી ભણતી ને તે નિશાળમાંના પાઠ એથી શું ?! ભણેલી સ્ત્રીઓની વૃત્તિ શોખ ભણીછે પણ ધર્મ નીતિ ભણી દેખાતી નથી!

હે બહેનો ! સ્ત્રીઓ વિશે આપણા લોકમાં મતફેર છેઃ-અને તે કાળકાળના લોકની ધર્મ બુદ્ધિ તથા પ્રેમ વૃત્તિ જુદી જુદી હોવાથી છે. મહાત્માઓએ સ્ત્રી પુરૂષના સંબંધમાં ધર્મ રહિત સ્નેહને અધર્મ કહેલો છે અને તે દુઃખદ છે. સ્નેહના ધર્મમાં રજોગુણનો ન્યાય ઇચ્છતો તે શ્રેષ્ઠ અને સત્વ ગુણનો પોતાનું વ્રત દૃઢ પાળતો તે અધિક શ્રેષ્ઠસ્નેહ કહ્યો છે. અને સામાન્ય પક્ષે સધર્મ સ્નેહ તેને ઉત્તમ સ્નેહ કહ્યો છે; અને એજ સ્નેહ આર્યનો નિત્ય કલ્યાણકારક છે. વર્તમાનમાં ચાલતો સ્નેહ ધર્મ રહિત જણાય છે.

હે બહેનો ! ત્યારે હવે આર્ય સ્ત્રીઓનો ગૃહ સંસાર ક્યારે વ્યવસ્થિત થશે એજ પ્રશ્ન રહે છે અને તેને માટે તમોને જણાવુંછું કેઃ-જ્યારે વિદ્યા વિચારે પુરૂષ પોતાનું સ્વરૂપ સમજશે ત્યારે પરદેશી પરધર્મી વિચાર જે આપણા ઘરમાં પ્રવેશ્યા છે તે જતા થશે; અને પો-

તાનાજ નિત્ય ધર્મના નિર્મલ સતેજ જ્ઞાન પ્રવાહે આપણા ઘર ધોવાઇ પવિત્ર થશે; જ્યારે પુરૂષો અને સ્ત્રીઓ પોતપોતાના ધર્મની ઉપાસક થશે; ત્યારે હે બ્હેનો ! આર્ય ગૃહસંસાર સધર્મ સ્નેહે પાછો ઉત્તમ વ્યવસ્થિત થઇ શોભશે જ્યારે આર્ય મહિલાઓ આપણી પૂર્વની બ્રાહ્મણી, ક્ષત્રાણી, વૈશ્યાણીમાંની ઉત્તમ ઉત્તમ નીગુણ મૂર્તિઓનાં મંગલ દર્શન કરશે (તેમના ઉત્તમ ચરિત્રોનું એક ચિત્તે અવલોકન કરશે) અને વળી કેટલીક પોતાના દૃષ્ટિ માર્ગમાં આધુનિક કાલની સર્વ ધર્મનીને સર્વ વર્ગની ઉત્તમ સ્ત્રીઓને પણ સાવધાનપણે નિહાળી લેશે; ત્યારે આર્ય સ્ત્રીઓ પોતાની મેળે અને સંતતિદ્વારા સ્ત્રી જાતિમાં પોતાનું ધર્મ કરીને ઉચ્ચપણું અને સામર્થ્યે કરીને મોટપણું સુંદર રીતે દાખવશે અને ત્યારેજ આર્ય ગૃહસંસાર ધર્મ, અર્થ, અને કામ એણે સંપન્ન એવો જગત્માં પ્રકાશશે. ઇતિશિવ.

ૐ શાન્તિ ! શાન્તિ !! શાન્તિ !!!

ઉપર પ્રમાણે સાધ્વી બાઇનું વ્યાખ્યાન સમાપ્ત થતા નીચે પ્રમાણે ઈશ્વર સ્તવન શરૂ થયું.—

॥ स्तोत्रम् ॥

ॐ नमस्ते सते ते जगत्कारणाय
नमस्ते चिते सर्व्व लोकाश्रयाय ।
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय
नमो ब्रह्मणव्यापिने शाश्वताय ॥
त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं
त्वमेकं जगत्पालकं स्वप्रकाशं ।
त्वमेकं जगत्कर्तृ पातृप्रहर्तृ
त्वमेकं परं निश्चलं निर्व्विकल्पं ॥
भयानां भयं भीषणं भीषणानां
गतिः प्राणिनां पावनं पावनानां ।
महोच्चैः पदानां नियन्तृ त्वमेकं
परेषां परं रक्षणं रक्षणानां ॥
वयन्त्वां स्मरामो वयन्त्वां भजामो
वयन्त्वां जगत्साक्षिरूपं नमामः ।

सदेकं निधानं निराकम्बमीशं
भवाम्भोधिपोतं शरण्यं व्रजामः ॥

તમે સત્સ્વરૂપ, જગતનું કારણ, જ્ઞાનસ્વરૂપ અને સર્વનો આશ્રય છો, તમને નમસ્કાર છે. તમો મુક્તિદાતા અદ્વિતીય, નિત્ય અને સર્વ વ્યાપી બ્રહ્મ છો, તમને નમસ્કાર છે તમે સર્વનુ આશ્રયસ્થાન છો, તમે કેવળ વરણીય છો, તમે એકલાજ જગતના પાલક અને સર્વ પ્રકાશ છો; તમે જગતના સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયકર્તા, તમે સર્વથી શ્રેષ્ઠ છો, તમે નિશ્ચલ અને દ્વિધાશૂન્ય છો, તમે સર્વ ભયના ભય અને ભયાનકના ભયાનક છો તમે પ્રાણિઓની ગતિ તથા પાવનના પાવન છો, તમે મહા ઉચ્ચ સ્થાન છો, અને સર્વના નિયતા છો, શ્રેષ્ઠથી પણ શ્રેષ્ઠ અને રક્ષકોના રક્ષક છો અમે તમારૂ સ્મરણ કરીએ છીએ, તમે જગતના સાક્ષી છો અમે તમને નમસ્કાર કરીએ છીએ, તમે સત્ય સ્વરૂપ, આશ્રય સ્વરૂપ, અવલબન વગરના સસાર સાગરની નૌકારૂપ એવા અદ્વિતીય ઇશ્વર છો અમે તમારે શરણે જઇએ છીએ.

प्रार्थना.

असतोमा सद्गमय तमसोमा ज्योतिर्गमय
मृत्योर्माऽमृतंगमय आविव्रर्वीम्मएधि।
रुद्रयत्ते दक्षिणं मुखं ते न मां पाहिनित्यं।

અસત્થી અમને સત્સ્વરૂપમા લઇ જાઓ, અધકારથી અમને જ્યોતિઃ સ્વરૂપમા લેઇ જાઓ, મૃત્યુથી અમને અમૃત સ્વરૂપમા લેઈ જાઓ; હે સ્વપ્રકાશ! અમારી આગળ પ્રકાશિત થાઓ. રૂદ્રો તમારા પ્રસન્ન મુખથી અમારૂ સર્વદા રક્ષણ કરો.

उपसंहारः

ॐ यएकोऽवर्णो बहुधाशक्तियोगात्
वर्णाननेकान्निहितार्थो दधाति ।
विचैति चान्ते विश्वमादौ सदेव सनो बुद्ध्या
शुभया संयुनक्तु ॥

જે એક અને વર્ણ વગરનો છે, અને જે પ્રજાના પ્રયોજન જાણીને ઘણા પ્રકારની શક્તિના યોગ વિવિધ કામ્ય વસ્તુ આપે છે, આખુ બ્રહ્માડ પ્રથમથી જેનામા વ્યાપ્ત થઇ રહેલુ છે, તે દીપ્યમાન પરમેશ્વર અમને શુભ બુદ્ધિ આપો ॐशान्ति शान्ति. शान्ति हरिः ॐ ॥

ઉપર પ્રમાણે ઈશ્વર સ્તવન થઈ રહેતાં સર્વ મહિલાઓ તરફથી મહાદેવી સાધ્વીબાઇની ઉત્તરપૂજા કરવામાં આવી. અને આરતી થતા આનંદ, આનંદ અને હર્ષના ઘોષ વચ્ચે મહાદેવીપર પુષ્પવૃષ્ટિ થઇ રહી. મહિલાઓએ ઘણા આનંદ અને ઉત્સાહથી સાધ્વીબાઇએ લીધેલા અગીયાર દિવસના શ્રમનો બીજી વખત ઘણોજ ઉપકાર માન્યો અને ફરી દર્શન દેવા તેમને વિનંતી કરી આશીર્વાદ લેઇ સતીઓના યશોગાનનો નીચે મુજબ પાઠ કરતી તેઓ સર્વે ઘેર વિદાય થઇ અને તેજ રાત્રે સાધ્વીબાઇએ આ શહેર છોડી બીજે જવા પ્રાયણ કર્યો.

સુંદરી સદ્બોધ માળા.

(પાતળીયા પરીશ્રમ ક્યો શાને--એ રાહ)

સુંદરીઓ શિલવ્રત જે પાળે ધન્ય તેને ધન્ય જગમા ધન્ય છે,
પતિવ્રતા સતી ધર્મને ધારે, વાહરે તેને ધન્ય લાખો ધન્ય છે;
પતિપરાયણી ધર્મને ધારિણી કુલને તારિણી,
એ એ ..... એની સતી ધન્ય અતિ .... સુંદરીઓ
પ્રેમ ધરી સેવે પતિ સોહાગણ વાહ તેને ધન્ય તેને ધન્ય છે,
સ્વર્ગસમ સમજે સુખ સ્વામીને ધન્ય તેને ધન્ય છે.
પ્રભુ ગણી નાથ, પુજે ભલીભાત, છોડે ન સંગાથ,
એ એ ધર્મવની .. શુધ્ધસતી ... ...સુંદરીઓ
નમ્ર પગે સતી સાધવી ચાલે વાહ તેને ધન્ય લાખો ધન્ય છે,
હાથ જોડી પતિ આજ્ઞાને પાળે, ધન્ય તેને ધન્ય તેને ધન્ય છે;
પતિ પ્રાણાધાર, નોધારા આધાર ગણે સતી નાર,
એ એ. ....મોક્ષવતી, ધન્યસતી ...... સુંદરીઓ.
સસરા સાસને માતપિતા ગણે વાહરે તેને ધન્ય તેને ધન્ય છે.
સાસરીયામા બીજા સગા સાથે વરતે રાખી પ્રમ તેને ધન્ય છે;
સર્વ સાથે મન ભેળી નિશદીન રહે છે પ્રસન્ન,
એ એ...... . ધન્ય અતિ, શાણી મતી .... સુંદરીઓ
નાથ વિના નર સાથ કરે નહીં વાત તેને ધન્ય લાખો ધન્ય છે,
ઘરની વાતને બહાર ધરે નહીં વાહરે તેને ધન્ય જગમા ધન્યછે,
સાચુ જુઠુ નહી કરતી કદાપી રહે ગૃહ સ્થાપી,
એ એ. .. ..પુન્યવતિ, ધન્ય સતી..... .... સુંદરીઓ
સંસારમાં નહી સુખ પતિ સમ અન્ય માને ધન્ય તેને ધન્ય છે,
એક નિષ્ઠાથી પતિને પ્રભુ ગણી પૂજે તેને ધન્ય લાખો ધન્યછે;
મહિલાઓ માનવંતી થશો જગ કરે વખાણ,
એ એ ગુણવતિ .... ધન્યસતી........... સુંદરીઓ.

સમાપ્ત.